॥ ૐ શ્રી ॥

સાધનશ્રેણી.

સાધનસમારંભને સર્વોત્તમ પ્રકારે પાલન કરવાનો વિધિ.

ભગવાન્ સૂર્યનાં જેણે કદાપિ દર્શન કર્યાં નથી એવા જન્માંધના અંતઃકરણમાં પણ સૂર્ય ઉદય પામ્યાની પ્રતીતિ થયા વિના રહેતી નથી, તેમ વિવેકવિચારથી રહિતસરખા મનુષ્યમાં પણ આપણી આર્યભૂમિની ઉજ્જવલતા તેનું પોતાનું ભાન કરાવ્યાવિના રહેતી નથી. જેની તત્ત્વવિદ્યાનો આજે પાશ્ચાત્ય તત્ત્વવિચારકો પ્રમાણુરૂપે આધાર લે છે, જેનાં ધર્મશાસનોપ્રતિ આજે પાશ્ચાત્ય ધર્માસનો તથા ન્યાયાસનો પણ પૂર્ણ માનબુદ્ધિથી જોઇ અનેક અંશમાં પ્રમાણરૂપે ગણે છે, જેનું પ્રાચીન વિજ્ઞાન, અર્વાચીન પાશ્ચાત્ય વિજ્ઞાનવિદોને મોહ પમાડી આશ્ચર્યચકિત કરી રહ્યું છે અને વર્તમાન સમયનાં વૈજ્ઞાનિક પરિણામો પૂર્વે પ્રકટેલાં વૈજ્ઞાનિક પરિણામોકરતાં કેટલાક અંશમાં ન્યૂનતાવાળાં છે, એમ આજના નિષ્પક્ષપાત વિજ્ઞાનકોવિદો પણ સ્વીકારે છે, જેના વ્યાવહારિક નીતિનિયમો અને વ્યાવહારિકી વ્યુત્પન્ન મતિના આજે પાશ્ચાત્યો તથા ઇતર દેશીયો પણ ગુણ ગાઇ રહ્યા છે, જેની રાજ્યવ્યવસ્થા, યુદ્ધકૌશલ્ય, સ્ત્રીસંમાન, સ્ત્રિયોની

તથા બાળકોની કેળવણીની પદ્ધતિ અને તેને માટે ‘ ગુરુકુલ ’-સરખી આશ્રમયોજના, પ્રવૃત્તિનિવૃત્તિના યથાઘટિત સંમિશ્રણપૂર્વક કરેલી વ્યાવહારિક જીવન ગાળવાની શ્રેણી—જેમાં અનાયાસ રીતે ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થની સિદ્ધિ થવા સાથે મનુષ્યજન્મની વાસ્તવ કૃતકૃત્યતા સહજ સધાય છે એવા વર્ણાશ્રમધર્મની પ્રણાલિકા આદિની વિચારવંત અન્ય દેશની પ્રજા પણ પ્રશંસા કરી રહી છે, જેનો માનુષી તથા માનુષાતિગ સામર્થ્યવિભવ આજ અનેક પ્રજાને મોહિત કરી રહ્યો છે, જ્યાંના સમાન સમર્થ તત્ત્વવેત્તા, શાસ્ત્રવેત્તા, નીતિવેત્તા, ધર્મવેત્તા, રાજ્યનીતિજ્ઞ પુરુષોને ઇતર ભૂમિ ઉપજાવી શકી નથી, જ્યાંના સરખા ધર્મસંસ્થાપકો અને ઈશ્વરાવતારો પણ પ્રકટાવવા અન્ય ભૂમિ હજી સ્પર્ધા કરી શકી નથી, ક્ષમા, દયા, સંતોષ, શીલ, ઉપેક્ષાબુદ્ધિ, ધૈર્ય, તથા સાત્ત્વિકતાઆદિ સદ્ગુણોની મૂર્તિઓને જેના જેટલી અત્યંત પ્રમાણમા અન્ય કોઇ પ્રજા પ્રકટાવી શકી નથી, જેના સરખાં તપશ્ચરણો, વ્રતો, આરાધનાઓ ઉપાસનાઓ, મંત્રાનુષ્ઠાનો, યંત્રપ્રયોગો, તંત્રપ્રયોગો, માનસ પ્રયોગો, અધ્યાત્મપ્રયોગો આદિનુ હજી સુધી અન્ય કોઇ ઉત્કૃષ્ટ પ્રકારે અત્યંત પ્રમાણમાં અનુકરણ કરી શકયું નથી, જેના લૌકિક વિભવો અને વિલાસોની તુલ્યતા કરવામાં પણ હજી ઈતર પ્રજાનુ તાજવું દબાતુ જ રહ્યુ છે અને જેનાં ભીષણ પરાક્રમોમાટે પણ ઇતર દેશીય શૂરવીર પ્રજા બહુમાનની દૃષ્ટિ રાખી રહી છે તેવી આ આર્યભૂમિ કયા પ્રજ્ઞ પુરુષના ધન્યવાદ તથા મોહને પ્રાપ્ત ન થાય ?

જેની દૃષ્ટિઆગળ આપણા પ્રાચીન આર્યઋષિમુનિઓ, તત્ત્વવેત્તાઓ, સિદ્ધો, તપસ્વીઓ, શાસ્ત્રકારો તથા ઇશ્વરોપાસકો રમી રહ્યા છે, જેની દૃષ્ટિએ આ જ ભૂમિના પૂર્વના અપૂર્વ શોધકો, શૂરવીર યોદ્ધાઓ, અવ્યભિચરિત સ્ત્રિયો, અપૂર્વ કર્તવ્ય-

કર્મનિષ્ઠ બ્રાહ્મણો અને મંત્રશાસ્ત્રિયોરૂપ વિજ્ઞાનવિદો તરી રહ્યા છે, જેની દૃષ્ટિમાં અત્યંત કષ્ટાદિનો અનુભવ કરી પરિશ્રમપૂર્વક કંઈ અપૂર્વ તત્ત્વ આપતી નિર્વિષયી તથા નિર્વાસન એવી નિત્ય નૈમિત્તિક કર્માનુષ્ઠાન કરતી બ્રાહ્મણપ્રજા ખૂંપી રહી છે, અને જેની દૃષ્ટિમાં પૂર્વના વ્યાપારીઓનું વ્યાપારકૌશલ્ય, સાહસિકોનું સાહસ, શૂદ્ર પ્રજાની સેવાપરાયણતા, રાજ્યનિષ્ઠની રાજ્યનિષ્ઠા, નૃપતિઓનું ઉદાત્ત નૃપત્વ, તથા લોકોની નાગરિકતા, લોકાચારો અને સર્વની યથાસ્વધર્મપરાયણતા જણાઈ રહી હશે તેને આ આર્યભૂમિની સર્વ પ્રકારની અલૌકિકતા જણાયા વિના નહિ જ રહે.

એ જ આર્યભૂમિ અને એજ પૂર્વજોનાં સંતાનરૂપ આજની પ્રજા સર્વ રીતે દુર્બલતાને પ્રાપ્ત જોઇ કયા આર્યહૃદયમાં વ્યથા થયા વિના રહે તેમ છે ? પરંતુ બુદ્ધિમાન્ પુરુષ વ્યથા પામીને ન અટકતાં ઉન્નતિ અવનતિના હેતુનો વિચાર કરી કર્તવ્યપરાયણ જ રહે છે.

આ પ્રકારનો વિચાર કરનારને પ્રથમ જ એ પ્રશ્ન થાય છે કે પૂર્વની આવી ઝળહળતી અવસ્થા હોવાનો શો હેતુ હતો. અને એ પ્રશ્નનુ ચિંતન તેને અનેક સૂક્ષ્મ વિચારોના પરિણામે એક નિશ્ચયઉપર લાવે છે કે આર્યપ્રજાનું આધ્યાત્મિક બળ તેને ઉન્નતિમાત્રના શિખરે સ્થાપનાર થયું હતું અને એ બળની ન્યૂનતાએ આજે એ પ્રજાને ભૂમિતલસ્પર્શી કરી દીધી છે.

આધ્યાત્મિક કર્તવ્યને સાચવાવડે પ્રકટતું બળ, શરીરના, મનના અને આત્મપ્રદેશમાં જેવું બળ, જેવી અલૌકિકતા અને જેવો પ્રકાશ પ્રકટાવવો હોય તેવો પ્રકટાવે છે, એટલું જ નહિ પણ એ બળની ધનઉપર, વૈભવઉપર અને

સ્વરૂપમાં સમગ્ર પ્રકૃતિ અને તેનાં કાર્યોઉપર સત્તા પ્રવર્તતી હોવાથી જ્યાંથી જે કંઈ પ્રકટાવવું હોય તે પ્રકટાવી શકે છે અથવા કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવો હોય તો તે કરી શકે છે. જેને જાણવાથી સર્વ જણાય છે તે અધ્યાત્મવિદ્યા છે અને તેથી જ તે ઇશ્વરનું સ્વરૂપ છે–अध्यात्मविद्या विद्यानाम्.

આ આર્યભૂમિ કર્મભૂમિ મનાય છે. અને કર્મમાત્રમાં શ્રેષ્ઠ જે આધ્યાત્મિક કર્મ તે એ ભૂમિમાં સાધવા ઇચ્છનાર મનુષ્ય‌વડે ઉત્તમ પ્રકારે સાધી શકાય છે. આ ભૂમિની નૈસર્ગિક રચના જ એવી છે કે જે આધ્યાત્મિક કર્તવ્યની સિદ્ધને અર્થે જ કેમ જાણે વિશેષે કરીને રચવામાં આવી હોય તેવી લાગે છે.

જન્મ પામતા જંતુમાત્રમાં મનુષ્યજન્મ ઉત્તમ છે. એ સર્વનો જાણીતો વિષય છે, અને મનુષ્યજન્મ પામવો એ ઉત્તમતાનો અવધિ નથી, એ પણ સર્વનો જાણીતો વિષય છે. મનુ‌ષ્યજન્મ ઉત્તમ એટલા જ માટે છે કે કર્તવ્યમાં ઉત્તમ જે આધ્યાત્મિક કર્તવ્ય તેને તે જન્મ સાધી શકે છે. જેનાથી તે નથી સધાતુ તેનો મનુષ્યજન્મ સર્વતઃ સાર્થક છે, એમ નથી

આ વિશ્વમાં ઉત્પત્તિ પામતી કોઇ પણ પ્રકારની સૃષ્ટિ કંઇ કંઈ કર્તવ્યઅર્થે જ હોય છે. અને તેમાં ઉત્પન્ન થતા સ્થૂલ સૂક્ષ્મ જીવમાત્રને કંઇ પણ કર્તવ્ય હોય છે. જ્યારે સૂક્ષ્મમાં સૂક્ષ્મ શરીરધારીને પણ કર્તવ્ય છે તો અનેકશક્તિ‌સંપન્ન મનુષ્યને માથે કર્તવ્ય ન હોય એ બને જ નહિ, એટલું જ નહિ પરંતુ તે ઇતરકરતાં વિશેષશક્તિસંપન્ન હોવાથી તેને માથે કર્તવ્ય પણ સવિશેષ પ્રકારનું હોય એ સ્પષ્ટ જ છે. અને એ સવિશેષ કર્તવ્ય કયું છે એનો નિર્ણય મનુષ્યને મળેલી સવિશેષ શક્તિઉપરથી કરી શકાય છે.

મનુષ્યમાં શક્તિઓ તો અનેક છે. પરંતુ જેના વડે તે પોતાનું સર્વોત્તમ હિત સાધી શકે અને સર્વોત્તમ વસ્તુ તથા પદને પામી શકે તે તેની શક્તિવિશેષ છે. એ શક્તિવિશેષનો ઉપયોગ કરીને સર્વોત્તમને જે સિદ્ધ કરે છે તે મનુષ્ય શ્રેષ્ઠ છે.

બ્રાહ્મણ જાતિમાં પણ જેમ અધ્યાપક હોય તેણે અધ્યયન કરાવવું એ તેનો ખાસ વિષય છે, વિદ્યાર્થી હોય તેણે અધ્યયન કરવુ, એ તેનો ખાસ વિષય છે, ન્યાયાધીશ હોય તો તેનું ન્યાય કરવાનું સવિશેષ કર્તવ્ય છે, પ્રધાન હોય તેનું રાજ્યવ્યવસ્થા કરવાનુ સવિશેષ કર્તવ્ય છે, તેમ જેમણે પોતાને 'શ્રેયસ્સાધક'તરીકે માન્યા છે તેમને માથે એ પદનું સવિશેષ કર્તવ્ય છે.

આમ હોવાથી સર્વોત્તમ હિત સાધવારૂપ મનુષ્યને મળેલી શક્તિવિશેષનો અન્ય સર્વકરતાં પણ શ્રેયસ્સાધકને તેનો આગ્રહપૂર્વક ઉપયોગ કરવાનુ ખાસ કરીને ધર્મબંધન પ્રાપ્ત થાય છે. શ્રેયસ્ એ હિતમાત્રનો પરાવધિ હોવાથી તે મેળવવાને માટે મનુષ્યે તેની સવિશેષ શક્તિનો ઉપયોગ કરવાનો છે, અને તેમાં પણ શ્રેયસ્સાધકે તો પ્રધાનપણે જ કરવાનો છે.

કોઇ વ્યાપારી શૅરની યોજના કહાડે છે. એ શૅર સર્વ મનુષ્યને માટે છે, પરંતુ જેણે તે શૅર લેવાનું સ્વીકાર્યું છે તેણે એ શૅરના રૂપૈયા સઉથી પ્રથમ ભરવાની ફરજ છે, તેમ શ્રેયસ્‌ને સિદ્ધ કરવાનો હક સર્વ કોઇને છે, પરંતુ શ્રેયસ્‌ને સિદ્ધ કરવાનો ઉદ્દેશ જેમણે પ્રધાનપણે સ્વીકાર્યો છે, એવા શ્રેયસ્સાધકને માટે તો આ કર્તવ્યભાર વિશેષ અંશમાં જ છે.

પરંતુ ખરૂં જોતાં તે 'કર્તવ્યભાર' નથી, તેમ આ પ્રકારે અવશ્ય કરવારૂપ જે કર્મ તે 'ધર્મબંધન' નથી. નૃપતિ જેમ પ્રસન્નતાથી મસ્તકે રાજ્યમુકુટ ધારણ કરે છે, અને વ્યાપારી

જેમ પ્રસન્નતાથી ધનની થેલી સ્કંધે ધરે છે તેવું શ્રેયસને સાધવાનું કર્તવ્ય શ્રેયસ્સાધકે પ્રસન્નતાથી ધરવાનું છે. યોગાભ્યાસીની તિતિક્ષા અન્યને કષ્ટરૂપ જણાય છે, પણ તે જાતે એ તિતિક્ષાના લાભને જાણતો હોવાથી ઉત્સાહ અને આનંદપૂર્વક તેને સેવ્યે જાય છે, તેમ યથાર્થ શ્રેયસ્સાધક શ્રેયસ્ સાધવારૂપ કર્તવ્યને આનંદ અને ઉત્સાહથી સ્વીકારે છે.

શ્રેયસ્ સાધવારૂપ કર્તવ્ય એ શ્રેયસ્સાધકના માથાનો ભાર નથી પણ શ્રેયસ્સાધકનું ઐશ્વર્ય છે. શ્રીશંકરને કંઠે વીંટળાયલો સર્પ અને મસ્તકઉપરની ગંગા તેમને ભારરૂપ નથી પણ તેમના ઐશ્વર્યરૂપ છે, શ્રીવિષ્ણુનો વિવિધ ઉપાધિ એ તેમને ભારરૂપ નથી પરંતુ તેમના વિભવરૂપ છે, તેમ શ્રેયસ્સાધકને શ્રેયસ્ સાધવાનું કર્તવ્ય અને તેને માટે જે કંઇ સહન કરવાનું આવે તે સહન કરવારૂપ કષ્ટ, તે કષ્ટ નથી પરંતુ તેના ઐશ્વર્ય અને વૈભવરૂપ છે.

શ્રેયસ્સાકોને સર્વ કાંઈ પ્રાપ્ત છે. તેઓ ગાય છે તે યથાર્થ જ છે કે—

" આપ્યો રુડો માનવતણો, કરુણા કરીને દેહ,
તે પણ વળી ભારતભૂમિમાં, ધારી હૃદયે સ્નેહ. "

ભારતભૂમિ જે પુણ્યભૂમિ છે, કર્મભૂમિ છે અને પરાપૂર્વથી બલવાન્ આધ્યાત્મિક સંસ્કારવાળી છે, તેમાં જન્મ એ અહોભાગ્યરૂપ છે. તે જેમને પ્રાપ્ત છે એવા શ્રેયસ્સાધકનો તે એક અમૂલ્ય વારસો અને પોતાના નિર્દિષ્ટ કર્તવ્યને સિદ્ધ કરવામાં સહાયક એવું ઉત્તમ સાધન છે. તે ઉપરાંત મનુષ્યજન્મ એ શ્રેયસ્સાધકને પ્રાપ્ત દ્વિતીય સમર્થ સાધન છે. આ બે તેના મૂલ ઉદ્દેશમાં અત્યંત ઉપયોગી સાધન છે. અને તેથી શ્રેયસ્ સાધવામાં સાધનની ન્યૂનતા છે એમ કોઇ શ્રેયસ્સાધક જાણે તો તેનો તે માત્ર ખોટો બચાવ છે.

આ ઉપરાંત શ્રેયસ્સાધક ગાન કરે છે તે પણ વાસ્તવિક જ છે કેઃ—

"વહાલો વિરાજતો મુજ અંતરમાંહ્ય, ભય નથી હાવે મારે,
મને મળી સમર્થ ધણીની છાંય, ભાગ્ય ઉઘડીયું ભારે.

* * * *

વાલીડો મારે માટે, નરહરિરૂપે અવતરીયો,
જય કરી મુજ સ્વરૂપે સરીયો રે; ભય૦"

જેમ વાયુને આપણે જોતા નથી છતાં વાયુનો લાભ આપણને મળે છે તેમ આ હૃદયરૂપ ગુહાવિષે અંગુષ્ઠપૂર પ્રમાણમાં મનોહર વસ્તુરૂપે વિરાજતો આત્મા આપણને તેના બલ, ઐશ્વર્યાદિનો લાભ આપ્યા કરે છે; અને એ સમર્થ ધણીની છાંયનો આપણને ક્વચિત્ ક્વચિત્ થતો અનુભવ ભયને નિવારતો આપણી ભાગ્યરેખાને ઉજાળી રહ્યો હોય છે. તે ઉપરાંત આપણને સાક્ષાત્ સદ્ગુરુ પ્રાપ્ત થવાનો લાભ, આપણી કલ્પનાથી થઇ શકે તેના કરતાં પણ અધિક પ્રમાણમાં મળ્યો છે.

મનુષ્યના હિતને અટકાવવામાં ભય એ મોટામાં મોટું વિઘ્ન છે, અને સાચી નિર્ભયતા એ મનુષ્યને પ્રાપ્ત થયેલા હિતનું મોટામાં મોટું ચિહ્ન છે. અહિત, હાનિ અથવા વિપરીત ફળનો અનુભવ કરવાનું ભય પ્રત્યેક મનુષ્યને હોય છે. સીધું કરવા જતાં કંઇ ઉંધું તો નહિ થઇ બેસે, એ પ્રકારનું ભય મનુષ્યને વારંવાર પ્રકટે છે અને તે ભય તેને અન્ય કામ કરતાં અટકાવે છે. પરંતુ જ્યારે તેને એમ સમજાય છે કે અસન્માર્ગથી મારૂં રક્ષણ કરીને સન્માર્ગમાં આગળ વહેવાનું બળ આપનાર રક્ષકસત્તા તો મારા અંતરમાંજ છે ત્યારે તેને ભયની નિવૃત્તિ થાય છે. કેમકે મનુષ્યને જેમ વિ-

પરીત ફળ મળવાનું ભય હોય છે તેમ સત્કાર્યમાં આગળ વધતાં 'હું આ કરી શકીશ કે કેમ, મારાથી આ સાધન સધાશે કે કેમ, અધવચ તો મારે મારૂં કર્તવ્ય નહિ છોડી દેવું પડે,' એવા પ્રકારનું ભવિષ્ય માટેનું ભય પણ તેને પ્રકટે છે, પરંતુ એ ઉભય પ્રકારનાં ભય ઈશસત્તાને પોતાના અંતરૂમાં વિદ્યમાનરૂપે જાણતાં જ અળપાઈ જાય છે. અને તે જ ક્ષણે તે સાધકથી ઉદ્‌ગાર નીકળી જાય છે કેઃ

"નિકટ મારી આપ, એહ વિચારે, વૃત્તિને જ્યારે હું વાળું,
નિશ્ચિંતપણુ થઇ વિલાતું તત્ક્ષણુ, ભયનું આ વાદળ કાળું, નાથ૦"

આ ઉપરાંત મનુષ્યને પોતાની ભાગ્યદશાનું બહુ ચિંતન થતું હોય છે. 'મારા ભાગ્યમાં અમુક મળવું નહિ લખ્યું હોય તો હું ગમે તેટલી મહેનત કરીશ તોપણ મને કોઇ જ સાધન ફળવાનું નહિ, મારા ભાગ્યમા આવો મોટો લાભ અથવા આવી મોટી સાધનસિદ્ધિ થવાનું જણાતુ નથી, મારા જેવા નસીબના ફુટેલાને તે પરમેશ્વર ક્યાંથી પ્રસન્ન થાય" આવા અનેક વિચારો મનુષ્યને ઉત્તમ સાધન સાધવા માંડતાં પહેલાં આવે છે. આ વિચારો તેના વેગને શિથિલ કરી મૂકે છે, પરંતુ 'સમર્થ ધણીરૂપ ઈશ્વરની મને સતત રક્ષા છે, અને એમની છાયામાં જ હું અખંડ છું' આવા ભાનની ઝાંખી સરખી કરનારને પણ તે જ ક્ષણે એમ થાય છે કે હવે હું મારા પ્રારબ્ધની સત્તામાં નથી, મારૂં નવું ભાગ્ય હવે રચાયું છે, અને તે ભાગ્ય હું સર્વ કરી શકવા સમર્થ છું એમ જ સૂચવે છે. આવી રીતે સાધકને ભય અને ભાગ્યની ચિંતા રહેતી નથી. એ કારણો તેના કર્તવ્યમાર્ગને રોકી શકતાં નથી.

આધ્યાત્મિક કર્તવ્યને સાધનાર મનુષ્યને એક અત્યંત આવશ્યક વસ્તુની જરૂર છે, અને તે શ્રીસદ્‌ગુરુ. પરંતુ એવ-

સ્સાધક તો પોતાને માટે જ પુરુષવરિષ્ઠ નૃસિંહને સદ્‌ગુરુરૂપે અવતરેલા જુએ જ છે. અને તેથી તે સંબંધી તેને લેશ માત્ર ચિંતા રહેતી નથી. અતિ સમર્થ એવા સદ્‌ગુરુને પોતાને મસ્તકે રાજતા જાણી શ્રેયસ્સાધકનો ઉત્સાહ અને શ્રદ્ધા અનંત પ્રમાણમાં વધી જાય છે, તથા કર્તવ્યપરાયણતામાં અત્યંત તીવ્રતા આવી જાય છે.

વળી શ્રેયસ્સાધકને શ્રીમાન્ વિશ્વવંદ્યનું કથન શ્રવણે પડે છે કે,

“ સન્મતિ, સદ્‌યુક્તિ, સદ્‌ગુરુ પ્રાપ્ત છતાં, આવે કાં ધીખતા અંગારા રે, ”

આધ્યાત્મિક ઉન્નતિને સિદ્ધ કરવામાં તેને અનુકૂલ સાધનોની અપેક્ષા રહે છે. તેનો ઉપયોગ કરવામાં વિવેકરૂપ સન્મતિ, અને સાધકબાધકઆદિ સદ્‌યુક્તિની પણ અગત્ય હોય છે. પરંતુ તે પણ સદ્‌ગુરુપ્રાપ્તિના સુયોગે શ્રેયસ્સાધકને પ્રાપ્ત છે. અરે તેથી કોઈ પણ પ્રકારની તેમને અપૂર્ણતા નથી પરંતુ યથાર્થ શ્રેયસ્સાધકને સર્વ કાંઇ પ્રાપ્ત છે.

આવી સર્વ પ્રકારની સાધનસામગ્રીરૂપ અનુકૂલતા જેમને પ્રાપ્ત છે અને જેમણે આધ્યાત્મિક કર્તવ્યને “ શ્રેયસ્સાધક ” રૂપે ગણાઇને પ્રધાનપણે સ્વીકાર્યું છે તેઓને આધ્યાત્મિક સાધનો સેવવાં એ અતિ કઠિન નથી.

‘ શ્રેયસ્સાધકઅધિકારિવર્ગ ’ એ નામ જ તેના અધિકારિઓ અથવા તેમાં પ્રવેશેલા પુરુષોએ પોતાના જીવનમાં મુખ્ય કર્તવ્યરૂપ શું સ્વીકાર્યું છે તેનું નિદર્શન કરાવે છે. શ્રેયસ્સિદ્ધિરૂપ અલૌકિક ફલની પ્રાપ્તિ એ તેમનું પ્રાપ્તવ્ય હોવાથી તેને પ્રત્યક્ષ કરનાર કેવલ આધ્યાત્મિક સાધન છે, તથા તે સાધનને સાધવું એ તેમનું કર્તવ્ય છે.

શ્રેયસ્સાધકવર્ગ આરંભથી જ તેના લક્ષ્યબિંદુ અને કર્તવ્યશ્રેણીને લક્ષમાં રાખીને તેને અનુકૂલ પ્રયત્ન કરતો આવ્યો છે. અને તેમાં પણ વ્યતીત સત્તર વર્ષથી '**શ્રીસાધન-સમારંભ**' નામના એક ગંભીર ઉત્સવનો ઉમેરો કરીને તેણે પોતાના પ્રધાન કર્તવ્યને જગતની સમીપ વધારે સ્પષ્ટ-પણે મૂક્યું છે.

આપણે જે અન્ય ઉત્સવો કરીએ છીએ તેના કરતાં સાધનસમારંભોત્સવ વિલક્ષણ પ્રકારનો અને અનેક જાતની વિશેષતાવાળો છે. તે આપણા મૂળ ઉદ્દેશને સિદ્ધ કરનાર કર્તવ્યમાં અત્યંત સાહાય્યક હોવાથી અને તેથી શ્રેયસ્સાધક, માત્રને તે અત્યંત ઉપયોગી હોવાથી પ્રત્યેક શ્રેયસ્સાધકે સા-ધનસમારંભના પ્રત્યેક ઉત્સવમાં અત્યત ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ભાગ લેવાની જરૂર છે.

કોઇ પણ પ્રકારની ક્રિયા જ્યાં સુધી વૃત્તિના રસપૂર્વક નથી થતી ત્યાંસુધી તેના બલવાન્ સસ્કાર અંતઃકરણમાં જામતા નથી. અને તેવા સસ્કારની અંતઃકરણમાં જ્યાં સુધી અત્યંત વૃદ્ધિ નથી થયેલી હોતી ત્યાં સુધી તે અંતઃકરણ તેનો અપૂર્વ લાભ લઇ શકતું નથી. સાધનસમારંભનું કર્તવ્ય આપણા મૂલ ઉદ્દેશને સિદ્ધ કરનાર હોવાથી તેમાં અપૂર્વ પ્રીતિ અને રસ ઉપજે તો તેથી કશી હાનિ નથી.

કોઈ પ્રકારની કાર્યસિદ્ધિમાં તે કાર્યવિષે અત્યંત એકાગ્રતાની જરૂર છે. એકાગ્રતામાં એટલુ આકર્ષક બળ છે કે જે વસ્તુ માટે તે કરવામાં આવે છે તેની સિદ્ધિની સર્વ અનુકૂળ સા-મગ્રી, એકાગ્રતા કરનારપ્રતિ જ્યાં ત્યાંથી આકર્ષાઇ આવે છે. આવી એકાગ્રતા મનુષ્ય ઇચ્છે અથવા ન ઇચ્છે તોપણ જેમાં તેની અત્યંત રસવૃત્તિ પ્રકટી છે તે વિષયમાં અનાયાસપણે પણ થઇ જાય છે. આપણું અત્યત પ્રીતિપાત્ર મનુષ્ય સેંકડો

કોશ દૂર હોય અથવા મરણુ પામી ઇતરલોકવાસી થયું હોય તોપણુ તેનું અખંડ સ્મરણુ રહેવામાં તે મનુષ્યપ્રતિ આપણી પ્રીતિ અથવા રસવૃત્તિ છે. આપણી અનિચ્છા હોવા છતાં અથવા તેનું સ્મરણુ થવાનું સાક્ષાત્ કોઈ કારણુ પ્રકટેલું ન હોવા છતાં અનાયાસ પણુ તેના સ્મરણુનું સ્ફુરણુ થઇ આવે છે, એ તેના વિષે રહેલી રસવૃત્તિને લીધે છે.

તેવી રીતે આધ્યાત્મિક કર્તવ્યમાં મનુષ્યની જ્યારે રસ-વૃત્તિ ઉપજે છે ત્યારે તે કાર્ય અતિ સરળપણે અને ઉત્તમ પ્રકારનું થાય છે એટલું જ નહિ, પણુ આધ્યાત્મિક કર્તવ્યમાં જે ધ્યેયસ્વરૂપ હોય છે તેમાં આપણી વૃત્તિ અનાયાસે એ-કાગ્રતા પામે છે. ગાય જંગલમાં ચારો ચરવારૂપ વિવિધ વ્યાપાર કરતી છતાં તેની રસવૃત્તિ જેમાં અત્યંત રહેલી છે એવા ઘર આગળના વાડામાં બંધાયલા તેના વાછરડામાં રહે છે, તેમ વિવિધ વ્યવહાર સેવતાં છતાં સાધકની અંતરની વૃત્તિ પોતાના ધ્યેયસ્વરૂપપ્રતિ જ લક્ષવાળી રહે છે, કેમકે તેમાં જ તેને મુખ્ય રસ પ્રકટેલો હોય છે.

આ પ્રકારના અનુભવને સિદ્ધ કરનાર શ્રીમાન્ વિશ્વવંદ્યે યથાર્થ જ કહ્યું છે કે,

‘ દૂર વને તૃણુને ગો ચરતી, વૃત્તિગૃહે સ્થિત વત્સમાં ફરતી,
‘ વ્યવહારે એમ જે ઇશ સ્મરતી; ધન્ય ધન્ય૦ ”

આ પ્રકારની વૃત્તિની સ્થિતિ, મનુષ્યની રસવૃત્તિ જ્યારે કેવલ ઇશ્વરવિષે પ્રકટે છે, ત્યારે તેને હસ્તામલકવત્ અનુ-ભવમાં આવે છે. અને એ રસવૃત્તિ મનુષ્યે ધારેલી એકાગ્રતા ઉપજાવે છે.

પરંતુ આ રસવૃત્તિ કેવી રીતે પ્રકટે એ પ્રશ્નનો પણુ અહિં જ અવકાશ છે.

મનુષ્યમાત્રમાં વિવિધ કામનાઓ તથા ઇચ્છાઓનો સ્વતઃ ઉદય થતો જ રહે છે. અને એ કામના તથા ઇચ્છાને સિદ્ધ કરવાની વૃત્તિ પણ તેનામાં અનાયાસ જાગ્રત્ હોય છે. હવે જે જે વસ્તુને તે તેની અંતરની કામનાઓ તથા ઇચ્છાઓને સિદ્ધ કરનારરૂપે જાણે છે તેનામાં તેની સહસા રસવૃત્તિ પ્રકટે છે. અમુક વસ્તુ આપણી અમુક કામનાઓને અવશ્ય સિદ્ધ કરશે, એ નિશ્ચય જેમ જેમ મનુષ્યના અંતઃકરણમાં વધારે અને વધારે દૃઢપણે થતાં જાય છે, તેમ તેમ તે તે વિષયમાં તેની રસવૃત્તિ વધારે અને વધારે પ્રમાણમાં પ્રકટતી જાય છે.

બીજી રીતે વિચારતાં મનુષ્યમાત્રની ઇચ્છાનુ કેન્દ્ર સુખ પ્રાપ્તિ છે. લાભ કરીને અથવા હાનિ કરીને, કોઇનું હિત કરીને અથવા અહિત કરીને, જમીને અથવા ભુખ્યા રહીને, કષ્ટ સહીને અથવા વૈભવ ભોગવીને, દાન આપીને અથવા લઇને, ગમે તે રીતે પણ પરિણામે સુખ પ્રાપ્ત કરવુ એ મનુષ્યમાત્રનો ઉદ્દેશ છે. આ ઉદ્દેશ જ્યાંથી સફળ થાય એમ જણાય છે અને જ્યાંથી સફળ થતો અનુભવાય છે ત્યાં તે મનુષ્યની રસવૃત્તિ પ્રકટે છે અને કાયમ જામેલી રહે છે. તેમાં મનુષ્યે જે જાતનાં સુખ મેળવવાં ધાર્યાં હોય છે તેને અનુકૂળ વિષયમાં તેની રસવૃત્તિ વિશેષ પ્રમાણમાં વહે છે.

આમ હોવાથી આપણી ઇચ્છાના વિષયને સિદ્ધ કરનાર અથવા આપણને માગ્યું સુખ આપનાર જે કંઇ હોય તેમાં અનાયાસ રસવૃત્તિ ઉપજે છે. તૃપ્ત હોઇએ છીએ ત્યારે જે અન્ન રસ ઉપજાવતું નથી, તે જ અન્નમાં ભૂખ લાગી હોય છે ત્યારે રસવૃત્તિ પ્રકટે છે. આનો હેતુ એ જ કે ભુખ શમાવવાની આપણી ઇચ્છાને સિદ્ધ કરનાર વસ્તુ તે અન્ન છે. માંદા માણસને એ અન્નઉપર કેવળ અભાવ થઇ જવાનું

શું કારણ ? એ જ કે માંદા માણસને જેની જરૂર છે, તેને અન્ન પૂરું પાડતું નથી. જે સુખ તેને જોઇએ છે, તેને તે ઉપજાવતું નથી આથી તે વસ્તુઓ તે કાલે તેની રસવૃત્તિ અથવા પ્રીતિ ઉપજાવી શકતી નથી.

આ પ્રકારે હોવાથી આપણે શું જોઇએ છે, તેનો પ્રથમ નિર્ણય કરવાની જરૂર છે. આ વાંચીને ઘણાને એમ થશે કે શું એવું તે કોઇ મૂર્ખ હશે કે જેને પોતાને શું જોઇએ છે તેની જ તેને ખબર ન હોય અને એ જ નક્કી કર્યું ન હોય?

પરંતુ એવી મૂર્ખતા એક બેમાં નથી હોતી, પણ હજારમાં એક બે જ એવી મૂર્ખતાવિનાના હોય છે. મનુષ્ય આ ઘડીએ એક વસ્તુમાં સુખબુદ્ધિ સ્થાપીને તેને જરૂરની વસ્તુરૂપે માને છે, તો બીજી ઘડીએ બીજી વસ્તુમાં સુખબુદ્ધિ સ્થાપી તેને જ જરૂરની વસ્તુરૂપે માને છે, ત્રીજી ઘડીએ ત્રીજીને એ પ્રકારે માને છે અને ચોથી ઘડીએ ચોથીને એ પ્રકારે માને છે. આવી રીતે તેને અનેક વસ્તુઓ જરૂરની લાગે છે, અને તેમાં તેમાં તે રસવૃત્તિને પ્રકટાવે છે. ખરૂં જોતાં તે વસ્તુઓ તેને જરૂરની પણ નથી હોતી અને તે વસ્તુવિષે પ્રકટેલી રસવૃત્તિ પણ ખરી નથી હોતી. તેની અનિશ્ચિતતાવાળો અને વિવેકવિચારવિનાની વલવલતી વૃત્તિએ જેમાં તેમાં જરૂરીઆતને ઉભી કરી છે અને તેમાં રસવૃત્તિ પ્રકટાવી છે.

આ અનુભવ સર્વને થતો જ હશે. હવે યથાર્થ વાર્તા એ છે કે જેની મનુષ્યને ખરેખરી જરૂરીઆત હોય છે, તે જરૂરીઆતને માટે મનુષ્યને ગમે તેવા પ્રકારનો પ્રયત્ન કરવો પડે તો કરે છે. તેને માટે તે ગમે તેવાં કષ્ટ સહન કરે છે, ગમે તેવો જાતીય ભોગ આપવો પડે તો આપે છે, બીજી

અનેક વસ્તુઓનો ત્યાગ કરવાની જરૂર પડે તો તે પણ તે કરે છે; સ્વલ્પમાં તેનું જીવનસૂત્ર એક જ થઈ રહ્યું હોય છે કે अर्थं साधयामि वा देहंपातयामि.

પ્રત્યેક મનુષ્ય પોતાની જીવનપ્રવૃત્તિપ્રતિ જોશે તો તેને આવી તીવ્ર વૃત્તિ કોઈ પણ વસ્તુને માટે પ્રકટી છે કે કેમ તે જણાયાવિના નહિ રહે. અને આ જ સ્થળે તેને સ્પષ્ટ થશે કે આવી તીવ્ર ઈચ્છા તેને કશાને માટે જ પ્રકટી નથી. તેણે હજારો ઇચ્છાને તેનામાં પ્રકટાવી છે, અને હજારો વસ્તુને પોતાને જરૂરની છે એમ જાણી છે, પરંતુ કોઈને વિષે તે સિદ્ધ કરવા માટે આવી તીવ્ર વૃત્તિ તેનામાં જાગી નથી. અને આ જ બતાવી આપે છે કે જેને તેણે જરૂરની વસ્તુરૂપે જાણી છે, તે તેની ખરેખરી જરૂરની વસ્તુ નથી, અને જે તેનામાં ઇચ્છાઓ પ્રકટી છે તેમાંની કોઈ તેની ખરેખરી ઇચ્છા નથી. તેથી દરેક વસ્તુમાં મનુષ્યને જે રસવૃત્તિ ઉપજતી જણાય છે, તે વાસ્તવ રસવૃત્તિ નથી, પણ રસવૃત્તિનાં હવાતીયાં માત્ર છે.

સાચી રસવૃત્તિ જેને જેમાં પ્રકટે છે તેને તે વસ્તુ સિદ્ધ કર્યાવિના ચેન જ નથી પડતું. પછી તેને રાત્રિ દિવસ, ભુખ, તૃષા, તાપ તાઢ, ન્યાય અન્યાય, નીતિ અનીતિ, કશુ જ જણાતું નથી. તેને તે એક જ માત્ર સિદ્ધ કરવુ એટલું હોય છે. નીતિને રુડી રીતે જાણનાર અનીતિમાં શાથી પ્રવેશે છે? અન્યાયનું સ્વરૂપ ઉત્તમ રીતે સમજનાર કુશળતાથી અને વિવિધ બુદ્ધિ, યુક્તિઆદિમાં ગુંથીને પણ અન્યાય શા માટે કરે છે? એટલા જ માટે કે તેનામાં કોઈ અમુક વસ્તુ સિદ્ધ કરવાની રસવૃત્તિ જાગ્રત્ થઈ છે. તેવી જ રીતે હજારો કષ્ટ વેઠવા છતાં ન્યાયથી જ વર્તવું, ગમે તેવું દુઃખ પડે પણ અસત્ય ન જ બોલવું, ચાલ્ય તો પોતાનું સમગ્ર લુંટાઈ જાય અથવા પોતાના સર્વસ્વનો વિનાશ થાય તોપણ અસદાચરણ

ન જ કરવું, આ બધા નિશ્ચયો પણ શાથી પ્રકટે છે ? એક જ કારણથી કે તે મનુષ્યે અમુક કોઇ વસ્તુ, નિશ્ચય, સિદ્ધાંત કે ગમે તેમાં પણ દઢ રસવૃત્તિ પ્રકટાવી છે.

ઉચ્ચ વસ્તુમાં પ્રકટેલી રસવૃત્તિ મનુષ્યને ઉત્તમ ક્રિયા વગેરેમાં આગ્રહ પ્રકટાવે છે, અને હલકી વસ્તુમાં પ્રકટેલી રસવૃત્તિ મનુષ્યને ઉત્તરોત્તર હલકાં અને હલકાં કાર્યોમાં જ વાળ્યા કરે છે.

હજારો વસ્તુમાં રસવૃત્તિ પ્રકટવાનું કારણ મનુષ્યે હજારો વસ્તુને પોતાના સુખના સાધનરૂપે માની છે. તેમાં જે સામાન્ય વસ્તુઓ હોય છે તે તો સહજ રસવૃત્તિ પ્રકટવાથી સહજ પ્રયત્ને જ પ્રાપ્ત થાય છે. આ જગાએ મનુષ્ય ભૂલે છે. તે દરેક વસ્તુ સહજમાં પ્રાપ્ત થઇ શકે એવો ભૂલભરેલો નિર્ણય પોતાના આ અનુભવને લઇને બાંધી બેસે છે.

મનુષ્ય ઘણે ભાગે ક્ષુદ્ર વસ્તુઓનું જ ચિંતન કરતો હોય છે. તેથી તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા પણ ક્ષુદ્ર વિષયમાટે જ થાય છે. અને આમ થતાં એક વિષયમાંથી તે અમુક સુખની સહજ પ્રાપ્ત કરી લે છે, બીજામાંથી વળી સહજ મેળવી લે છે વળી ત્રીજામાંથી થોડું પ્રાપ્ત કરી લે છે, આવી રીતે કરતો કરતો તે તેના જીવનને વ્યતીત કરે છે. અને આવા હલકા વિષયોને મેળવીને તેના કાચા અનુભવને અત્યંત પ્રખર અને પ્રમાણભૂત અનુભવરૂપે માની લે છે. પરંતુ આ સ્થળે તે ભૂલો શિવાય બીજું કશું જ કરતો નથી.

હલકી વસ્તુમાં પ્રકટેલી રસવૃત્તિ તે વસ્તુની સિદ્ધિ કરાવી શો પરિણામ લાવે છે ? મનુષ્યને ક્ષણિક અથવા અલ્પકાળનો આનંદ વા ફળસિદ્ધિની તૃપ્તિ ઉપજાવીને પુનઃ અસંતોષ અથવા અતૃપ્તિને પ્રકટાવે છે. અને પછી તે મનુષ્યને તેનાથી

કોઇ બીજા વિષયમાં દોરે છે. આમ કેટલોએ કાળ ચાલે છે. પરંતુ મનુષ્યને આ ભુલવણીની સમજણ પડતી નથી. આ માટે તે વારંવાર અસંતોષ અને અને અતૃપ્તિનો જ અનુભવ કરે છે, 'રળીયા ગઢવી ઘેરના ઘેર' ફરી ફરીને તે પાછો એકની એક જ જગાએ આવીને ઠરે છે, તેનું કારણ તેને સ્પષ્ટ થતું નથી. તેના માનસપ્રદેશમાં અતૃપ્તિ અને અસંતોષના સ્થાનઉપર તે મનુષ્યની વૃત્તિ પાછી આવીને ઠરે છે, એક વર્ષના પ્રયત્નના અવધિએ જે ફળ મળે છે, તે ફળનો આનંદ વા તૃપ્તિ એક જ માસમાં જતાં રહી, પેલા ફળ મેળવનાર મનુષ્યને પાછો અસંતોષ અને અતૃપ્તિના સ્થાનકે લાવી મૂકે છે, આનું શું કારણ તે તેને સમજાતુ નથી.

આનું કારણ એક જ છે કે મનુષ્યને હલકામાંથી ઉંચે ચઢાવવો. સૃષ્ટિનો સામાન્ય ક્રમ આ પ્રકારનો છે. અને વિશેષ ક્રમ એ છે કે મનુષ્યે શું યોગ્ય અને શું અયોગ્ય તેનો વિવેકવિચાર કરવો, અને પછી જે એક વસ્તુ સિદ્ધ કરવાવડે અનેક વસ્તુની પ્રાપ્તિ થાય, અખંડ આનદ, અખંડ સંતોષ અને અખંડ અપરિમિત તૃપ્તિનો અનુભવ થાય તે વસ્તુ કઇ છે તેનો દઢ નિર્ણય કરીને પછી અન્ય હજારો દુર્બલ પ્રયત્નોથી વિરામ પામી તે માટે એક બલવાન્ પ્રયત્ન કરવો.

પરંતુ આ કાર્ય ઇતરનું નથી, તેમ સામાન્ય મનુષ્યનું પણ નથી, પરંતુ શૂરવીર પુરુષનું છે. કેમકે હજારો તુચ્છ વસ્તુઓ અને તેની ઇચ્છાઓઉપર પગ મૂકીને તેને ચાલવાનું હોય છે. જે આવો મનુષ્ય હોય છે, તે જ મનુષ્ય તેને શું જોઇએ છે તે જાણે છે. અન્ય મનુષ્યોને શુ જોઇએ છે તેની યથાર્થ ખબર નથી હોતી.

સામાન્ય મનુષ્ય હલકા વિચારો કરી, હલકી ઇચ્છાઓને જાગ્રત્ કરી તેને સિદ્ધ કરવામાં જ કાળ વીતાવે છે, અને

પરિણામે અસંતોષ અને અતૃપ્તિનો જ અનુભવ કરે છે. જ્યારે આ શૂરવીર પુરુષ ઉચ્ચ વિચારમાં રમતો હોવાથી અને વિવેક કરવાની શક્તિવાળો હોવાથી તેનામાં ઉચ્ચ ઇચ્છાઓ જ પ્રકટે છે. હલકી ઇચ્છાઓ પ્રકટતાં તેમને તે તત્કાળ દબાવે છે, અને પુનઃ ઉચ્ચ અભિલાષાઓમાં રમ્યા કરે છે. કાળે કરીને તેનો આ પ્રયત્ન સિદ્ધરૂપે થઇ રહે છે, જેથી પછી તેનામાં ક્ષુદ્ર લાલસાઓ સ્વભાવથી જ પ્રકટતી નથી. આમ થતાં તેનામાં યોગ્ય ઇચ્છા કઇ છે, અને યોગ્ય જરૂરીઆત શેની શેની છે તે તેને સ્પષ્ટ થાય છે.

મનુષ્યની ઉત્કૃષ્ટતા નિકૃષ્ટતા આ સ્થળે જણાઈ આવે છે. જે મનુષ્ય હલકી ઇચ્છાઓને જ અખંડ પ્રકટાવે છે, અને તે અનંત પ્રમાણમાં પ્રકટાવે છે, તથા તેને રોકવા ધારે તો રોકી શકતો નથી, તેમ જ જેને અનેક અનેક જરૂરની વસ્તુઓ જણાય છે, તે મનુષ્ય દુર્બલ છે, તેનામાં વિવેક કરવાની શક્તિ નથી, અને તેથી તેને અત્યંત જરૂરની શી વસ્તુ છે તે તથા તેની તીવ્ર ઇચ્છાનો વિષય કયો છે, તે તેને જ સ્પષ્ટ હોતુ નથી. અને એને જ લીધે તેની રસવૃત્તિ કોઇ ચોક્કસ જગાએ સ્થિર થયેલી નથી હોતી પણ જ્યાં ત્યાં અને જેમાં તેમાં હવાતીયાં માર્યા કરે છે.

અને તેથી જ જેનામાં યથાર્થ રસવૃત્તિ પ્રકટી છે, તે મનુષ્ય તે કાર્યને અવશ્ય કરે છે. ઉચ્ચ અને યોગ્ય વિચાર કરનાર મનુષ્ય તે મુખ્ય કાર્યની સિદ્ધિમાટે બીજી સમગ્ર ઇચ્છાઓને દબાવી શકે છે અને તેના અંતરમાં એક જ મુખ્ય ઇચ્છાને તરતી અને તરતી રાખે છે.

આ ઉપરથી આપણે રસવૃત્તિ અને ઉચ્ચ વિષયમાં રસવૃત્તિ કેવી રીતે પ્રકટાવવી તે સમજી શકીએ છીએ. હલકા વિચારોથી દૂર રહી અને ઉચ્ચ વિચારોમાં જ મનને અખંડ

રમાડ્યા કરવાથી આપણી ઇચ્છા કોઇ એક કેન્દ્રમાં આવી ઠરે છે. અને અમુક જ કરવું એમ નિશ્ચય થાય છે. સુખ અને તૃપ્તિ મેળવવાની આપણી ઇચ્છા તે વખતે બહુ ઉચ્ચ પ્રકારની થઇ હોય છે. હલકા વિષયમાં અને ક્ષણિક સુખ તથા તૃપ્તિ આપનાર પદાર્થ તથા પ્રવૃત્તિમાં આપણી વૃત્તિ એટલી વેગવતી થતી નથી.

મનુષ્યને હલકા વિચારો પ્રકટવામાં કારણો, હલકી સંગતિ, હલકું વાતાવરણ, હલકી પરિસ્થિતિ, મનુષ્યમાં રહેલા હલકા સસ્કારોને પોષનાર વિવિધ હેતુઓ તથા સામગ્રી, અને જ્યાં ત્યાં હલકાપણાનું જ ભાન કરાવનાર વસ્તુનાં દર્શન—આ વગેરે છે. તે જ પ્રમાણે મનુષ્યમાં ઉચ્ચ વિચારો પ્રકટાવનાર કારણો, ઉચ્ચ સંગતિ, ઉચ્ચ વાતાવરણ, ઉચ્ચ પરિસ્થિતિ, મનુષ્યમા રહેલા ઉચ્ચ સંસ્કારોને જાગ્રત્ કરનાર તથા પોષનાર વિવિધ હેતુઓ અને સામગ્રી—આ છે.

જે મનુષ્ય હલકા વિચારોને ટાળવા ઇચ્છે છે અને ઉચ્ચ વિચારોમાં સ્થિર થવા ઇચ્છે છે, તે મનુષ્યે ઉચ્ચ વિચારને પ્રકટાવનારાં કારણોને આગ્રહપૂર્વક ધારણ કરવાની અગત્ય છે, એટલું જ નહિ પણ તેની સાથે હલકા વિચારને પ્રકટાવનારાં કારણોને આગ્રહપૂર્વક ત્યજવાની અગત્ય છે.

શ્રેયસ્સાધકો ઇશ્વરાનુગ્રહથી આપણને આ નિયમનું સારી-રીતે જ્ઞાન હોવાથી આપણે આપણા જીવનમાં પ્રધાનપણે એ પ્રકારના કર્તવ્યને કર્યા કરીએ છીએ. ઉચ્ચ સંગતિ અને તેમાં પણ સર્વોત્તમ સંગતિરૂપે જેને શાસ્ત્રો તથા અનુભવી પુરુષો કહે છે તે સદ્‌ગુરુસંગતિની આપણે પ્રાપ્તિ કરી તેમ જ અન્ય વિવિધ પ્રકારે કરીને આપણે આપણા વિચારોને ઉચ્ચ પ્રકારના કરી શકયા છીએ એટલું જ નહિ પણ તેને મુખ્ય એક વિષયમાં એકત્રિત પણ કરી શકયા છીએ. એ

મુખ્ય વિષય કયો છે, તેનો આપણે નિર્ણય કર્યો છે, અને નિર્ણય કરીને વિવિધ વિચારવડે તે વિષયમાં આપણે આપણી રસવૃત્તિને પ્રકટાવી શકયા છીએ. પ્રત્યેક શ્રેયસ્સાધક જો પોતાનું પાછલું જીવન જોશે તો તેને સમજાશે કે ઉત્કૃષ્ટ પ્રકારના વિચારોના ચિંતનવડે ઉચ્ચ અને ઉચ્ચ તર વસ્તુમાં રસવૃત્તિ પ્રકટાવી શકય છે, એ કથન યથાર્થછે.

શ્રેયસ્સાધકોએ સદ્વિચારો સેવીને અનેક ક્લિષ્ટ ઇચ્છાઓને શમાવીને એક ઇચ્છાને પ્રધાનરૂપે કરી છે. જો કે તે ઇચ્છાને સંપૂર્ણ અંશે તેઓએ ફલિભૂત કરી છે એમ કહેવાનો ભાવ નથી, પરંતુ તેમ કરવાના પ્રયત્નમાં તેઓ છે. જેની તે એક ઇચ્છામાં અત્યંત રસવૃત્તિ પ્રકટી છે તેમણે અન્યત્ર ઇચ્છાઓનો નિરોધ કર્યો છે. હજારો વસ્તુમાં તેમણે તેમની વહી જતી વૃત્તિઓને રોકી છે અને તેમાંથી રસવૃત્તિને શમાવીને એક વસ્તુમાં સ્થાપી છે. તે વસ્તુનું સ્વરૂપ **શ્રીમાન્ વિશ્વવંદ્યના** તાત્પર્યપૂર્ણ શબ્દોમાં આ પ્રકારનું છેઃ

'એક મળ્યાથી સર્વ મળે તે વસ્તુ સુજ્ઞ મેળવતા.'

જેમની જેમની આ એક વસ્તુમાં વિશેષ રસવૃત્તિ પ્રકટી છે, તેમની તે વસ્તુવિષે અધિક એકાગ્રતા સ્વભાવથી જ થઇ રહી છે.

આ એક વસ્તુ તે અન્ય કોઇ નથી, પણ પૂર્વે જણાવી ગયા છીએ તેમ શ્રેયસ્સિદ્ધિ છે શ્રેયસ્‌ની સિદ્ધિ થતાં સર્વ કાંઇ સિદ્ધ થાય છે. આ સિદ્ધાંત કઇ શ્રેયસ્સાધકધર્મસસ્થાએ નવો કહાડયો છે એમ કાંઇ નથી, પરંતુ જેમણે વિચારો, પ્રયત્ન તથા અનુભવવડે સત્યને જાણ્યું છે તેવા પૂર્વના મહાપુરુષોએ નિશ્ચય કરેલો સિદ્ધાંત છે. આ સિદ્ધાંતને તેમણે સ્વીકાર્યો છે, અને ઉપર જણાવ્યું તેવા વિવિધ પ્રયત્નોએ કરીને તે સિદ્ધાંતમાં રસવૃત્તિ પ્રકટાવી છે.

આ શ્રેયસ્સિદ્ધિરૂપ વસ્તુને સિદ્ધ કરવાને માટેનો માર્ગ તે આધ્યાત્મિક કર્તવ્ય છે. આ કર્તવ્યને અનેક પ્રયત્ને કરીને સાધવાની વિવિધ પ્રવૃત્તિમાં **સાધનસમારંભ**ની મુખ્ય પ્રવૃત્તિ છે. આમ હોવાથી શ્રેયસ્સાધકોને માટે તે પ્રવૃત્તિ અત્યંત શ્રેયસ્સિધ્ધિરૂપ મુખ્ય મહત્વની અને સવિશેષ આદરણીય છે. ઇચ્છાને સિદ્ધ કરનાર આ ઉત્સવ છે. એ ઇચ્છામાં અધિક રસવૃત્તિ પ્રકટે એવાં સર્વ અંગઉપાંગોસહિત તે ઉત્સવનું પાલન કરવામાં આવે છે. સાત દિવસનો તે ઉત્સવ હોવાથી તેમાં 'શ્રેયસ્સાધકોના પ્રધાન' વિષયને તેઓ બહુ સારી રીતે સાધી શકે એમ છે.

આ ઉત્સવમાં શું શુ કર્તવ્ય થાય છે અને તે કર્તવ્યો સર્વોત્તમ પ્રકારે કેવી રીતે થઇ શકે તેના કેટલાક વિચારો કરવાના હેતુથી આ લેખનો ઉપક્રમ કરવામાં આવ્યો છે. તેથી હવે તે સંબધી વિચારો દર્શાવવાનો આરભ કરીએ.

સાધનસમારંભનો ઉદ્દેશ.

શ્રેયસ્સિદ્ધિ એ પ્રત્યેક શ્રેયસ્સાધકનો પ્રામવ્ય વિષય છે. અને પ્રામવ્યને સિદ્ધ કરવાને માટે કોઇ પણ પ્રકારની તેને અનુકૂલ પ્રવૃત્તિ સેવવી એ તેમનુ કર્તવ્ય છે. આ કર્તવ્યમાં વૃત્તિના સંયમની અનિવાર્ય આવશ્યકતા છે. સયમરૂપ સાધન નૈરંતર્યપૂર્વક અભ્યાસ અને વૈરાગ્ય એ બેવડે સિદ્ધ થતું હોવાથી એ ઉભયને સર્વ પ્રકારના પ્રયત્નવડે સાધવા, એ શ્રેયસ્સાધકમાત્રનું પ્રધાન કર્તવ્ય છે. આ કર્તવ્યને સિદ્ધ કરવામાં વિશેષ સહાયક થઇ પડવું એ સાધનસમારંભનો ઉદ્દેશ છે.

વ્યવહારઉપાધિવશ સાધકોથી એકે કાળે નૈરંતર્યવાળો અર્થાત્ અખંડ અભ્યાસ સાધી શકાવો કઠિન છે. સામયિક અભ્યાસ, અર્થાત્ કાળે કાળે પાંચ સાત અથવા દશ દિવસ

અખંડિતરીતે દૃઢપણે આગ્રહયુક્ત કરાતો અભ્યાસ, તેવા નૈરંતર્યવાળા અભ્યાસની યોગ્યતા આણનાર છે આમ હોવાથી મધ્યમ કોટિના સાધકો જેઓ સ્વગૃહે આગ્રહપૂર્વક સ્વતંત્રપણે અધિક કાલ, સયમ નથી કરી શકતા. તેમને તે કરવાનો વેગ પ્રકટે એ પણ આ સમારંભનો ઉદ્દેશ છે.

જેઓ નિત્ય નિયમિતપણે સંયમાદિ સાધન કરે છે, તેમને સાત દિવસપર્યંત વ્યવધાનરહિતપણે અને અનેક વ્યાવહારિક તથા સાંસર્ગિક પ્રતિબંધોની નિવૃત્તિપૂર્વક અધિક કાળ સામટો અભ્યાસ થઇ શકે અને એ વડે અલ્પકાળમાં પણ વૃત્તિની સ્થિરતા આદિના સવિશેષ લાભ થાય, એ પણ આ સમારંભનો ઉદ્દેશ છે.

અભ્યાસની જોડે વૈરાગ્યરૂપ સાધન, સંયમને અંગે અત્યંત ઉપયોગી છે. અનેક અનુકૂલ અને વૈભવી સાધનસામગ્રીને છોડીને, વ્યવહારનાં કાર્યોથી ઉપરામ પામીને, આહારવિહાર આદિમાં નિરોધ સેવીને, કર્મેન્દ્રિય જ્ઞાનેન્દ્રિયના વ્યાપારોમાં નિગ્રહ રાખીને, દેહકષ્ટ વગેરે સાધીને આ સમારંભમાં ભાગ લેવાનો હોવાથી વૈરાગ્યરૂપ અંગના અનેક અંશોની સિદ્ધિ થાય છે. આ રીતે આરંભમાં થોડા દિવસ વૈરાગ્યના સંસ્કાર પડે તો પછી તેને સાધક સ્વતંત્રપણે વધારી શકે. તેથી તેવા સંસ્કારો પાડવા એ આ સમારંભનો ઉદ્દેશ છે.

પૂર્વના ઋષિમુનિઓ વ્યવહારથી મોટે ભાગે ઉપરામ પામીને કેવી રીતે નિવૃત્તિપરાયણ જીવન વ્યતીત કરતા. અને છતાં પ્રવૃત્તિમાત્રના સારરૂપ સર્વોત્તમ હિતજનક પ્રવૃત્તિ સેવતા, તેની ઝાંખી અને કંઇક અંશમાં અનુભવ કરાવવો એ આ સમારંભનો ઉદ્દેશ છે.

સદ્‌ગુરુશ્રીએ કહ્યું છે કે " સાધનમેં સાધન જો બડાકે વિચાર સોચો, એકાંતમેં બૈઠે હમ નિશદિન કિયો હે. "

તે પ્રમાણે બ્રહ્મવિચારણા, તત્ત્વસાધના અથવા સંયમનું ઉપયોગી અંગ જે એકાંતવાસ, તેને સેવીને તેમાંથી નિરુપાધિક આનંદ કેવી રીતે સ્વતંત્રપણે સાધકે પ્રકટાવી લેવો, આ પ્રકારનો અનુભવ કરાવવો એ પણ આ સમારંભનો ઉદ્દેશ છે.

તિતિક્ષાવડે દેહાધ્યાસ છોડવો, અલ્પકાળ પણ વ્યવહારના ઉપાધિ અને ચિંતનથી મુક્ત રહેવું, નિત્યના એક જ પ્રકારથી ગાળવામાં આવતા જીવનને ઉચ્ચતર પ્રકારમાં પલટવું, જગતના સ્વાર્થી જનોના સગમાંથી છુટી નિઃસ્વાર્થવૃત્તિથી નિર્મલ સ્નેહભાવના રાખનાર સમૂહના સ્નેહનો અનુભવ કરવો, આ સર્વની સિદ્ધિમાં ન્યૂનાધિક અંશે પણ સહાયભૂત થવું એ આ સમારંભનો ઉદ્દેશ છે.

પ્રધાનપણે એક જ પ્રકારની પ્રવૃત્તિ સેવવાથી, સામુદાયિક બળને લીધે તે સ્થળે કોઇ ખાસ પ્રકારનું વિશુદ્ધ વાતાવરણ રચાય છે. આ વાતાવરણમાં પ્રશાંતપણે સ્થિર રહેનાર પોતાનામાં, ત્યાં સધાતી ઉચ્ચ પ્રકારની ક્રિયાનાં આંદોલનને ગ્રહણ કરી શકે અને એ રીતે તેનામાં પ્રવર્તતાં ક્લિષ્ટ આંદોલનોનો અભિભવ કરી પોતે સ્વતંત્રપણે પણ ઉત્તમ પ્રકારનાં આંદોલનોને પ્રસારી શકે તો તેથી તેને અનેક પ્રકારના લાભ પ્રકટે છે. આ પ્રકારની સહકારી સહાય ઉપજાવવી એ આ સમારંભનો ઉદ્દેશ છે.

આરંભક અધિકારિઓને પોતાનાં સાધનો, એ જ પ્રકારનાં સાધનો સેવનાર અન્ય સાધકોની સાથે રહી સેવવાથી વિશેષ રસ ઉપજે છે. અને વિવિધ પ્રકારની ભૂમિકાના અનેક સાધકોને દૃષ્ટિસમીપ જોવાથી પોતાના કર્તવ્યમાં તેને વિશેષ ઉત્સાહ, રસ અને આગ્રહ પ્રકટે છે. ઉચ્ચ ભૂમિકાના અધિકારિઓને જોઇને 'આપણે હજી આટલા આગળ વધવાનું છે. એ વિચાર તેને સતત જાગ્રત્ રહે છે અને તેના દૃષ્ટિબિંદુને

ઉચ્ચતર સ્થિતિમાં સ્થપાવે છે. સાધકોમાં આ પ્રકારે થવાથી સુગમપણે તેમના સાધનાભ્યાસમાં રુચિ અને અભિવૃદ્ધિ કરવાની વૃત્તિ પ્રકટાવવી એ પણ આ સાધનસમારંભનો ઉદ્દેશ છે.

સાધનક્રમસંબંધી જેનું પરસ્પર કથન કરવામાં બાધ ન હોય એવા પ્રસંગની ચર્ચા કરીને તેમ જ વિવિધ સદ્વિચારવિષયક ચર્ચા કરીને કર્તવ્ય, જ્ઞાતવ્ય તથા પ્રાપ્તવ્યનું અધિકાધિક સ્વરૂપ વૃત્તિઆગળ રચાય, પરસ્પરના આવા પ્રકારના વિચારોવડે પરસ્પરને સાહાય્ય મળે અને પરસ્પરના અનુભવ એકબીજાને સાધનાભ્યાસમાં વિશેષ લાભજનક થઇ પડે—એ પણ આ સંમેલનનો ઉદ્દેશ છે.

વિવિધપ્રકારના સાધનક્રમ પોતાના સદ્ગુરુની દૃષ્ટિસમીપ રહીને સધાય અને તેના યાથાર્થ્યનો નિર્ણય કરીને તેમાં કંઇ પ્રતિબંધ જણાતા હોય તો તેની નિવૃત્તિના માર્ગ પૂછી નિઃશંક થવાય, તેમ જ જે સાધનક્રમ પ્રાપ્ત હોય તેને એક વર્ષપર્યંત અથવા સદ્ગુરુએ સૂચવેલા કાળપર્યંત સાધ્યા પછી તેમાં કંઇ ફેરફાર કરવાના હોય તો તે આ સમયે થઇ શકે, અને પુનઃ જે નવીન ક્રમ પ્રાપ્ત થાય તેનું આરંભમાં થોડો સમય પણ ગુરુનીદૃષ્ટિસમીપ અનુષ્ઠાન થઇ શકે અને એ રીતે સાધનાભ્યાસી અધિક લાભ પ્રાપ્ત કરે એ પણ આ સમારંભનો ઉદ્દેશ છે.

. જગતમાં ભોગવતા નિત્યના ક્લિષ્ટ જીવનથી નિવૃત્તિ પામી કોઇ ઉચ્ચ પ્રકારના પ્રશાંત જીવનનો અનુભવ કરવો અને વૃત્તિને એ પ્રકારના રસવાળી કરવી, વૃત્તિને ઉંચા વિચાર, ઉંચી ક્રિયા, ઉંચો સમાગમ, અને ઉંચા દૃશ્યમાં રમાડયા કરવી, અને એ પ્રકારનાં બાહ્ય સાધનવડે સરળપણે વૃત્તિને ઊર્ધ્વગામી કરવી, આ સર્વમાં સાહાય્ય પ્રકટાવવી એ પણ સમારંભનો ઉદ્દેશ છે.

શ્રેયસ્સાધકવર્ગના બન્ધુઓની સાથે પરિચયમાં આવી તેમના સદ્‌ગુણાદિનું ચિંતન કરી, પરસ્પરમાં નિર્દોષ ગુરુબંધુભાવ પ્રકટાવવાનો, અને તેમના સચ્ચારિત્ર્ય તથા સદાચારિને જોઇ તેનું અનુકરણ કરવાનો તેમ જ સર્વનો જે એક વિષયમાં એક જ માર્ગ છે, તે અધ્યાત્મકર્તવ્યસંબંધી અન્યને જણાવવા યોગ્ય હોય તે જણાવવુ અને જાણવા યોગ્ય હોય તે જાણવું—આ પણ સમારંભના સંમેલનનો ઉદ્દેશ છે.

સ્વલ્પમાં ઉપર જણાવેલા અગત્યના તથા મહત્વના ઉદ્દેશવાળો આ સાધનસમારંભનામનો ઉત્સવ છે. આથી જો તેને ઉત્કૃષ્ટ પ્રકારે સાધવામાં આવે તો તે અપૂર્વ લાભને પ્રકટાને એ સહજ સ્પષ્ટ છે.

સમારંભનો સર્વોત્કૃષ્ટ પ્રકારે લાભ લેવો એ સાધકોનું કર્તવ્ય છે. શ્રેયસ્‌ની સિદ્ધિમાટે અખંડ પ્રયત્નશીલ રહેવું એ શ્રેયસ્સાધકનું જો કે નિત્યનું કર્તવ્ય છે પરંતુ તેમાં પણ એ કર્તવ્યની સવિશેષ સાધનામાટેના અનુકૂલ સમયે તો તે કર્તવ્યપ્રતિ ખાસ જ લક્ષ આપવાની અગત્ય છે. એ કર્તવ્યની સવિશેષ સાધનાનો સમય આ સાધનસમારભનો ઉત્સવ છે.

સાધનસમારંભ સાધકના જીવનમાં કેવા પ્રકારના સંસ્કાર પાડી શકે છેઃ—

આધ્યાત્મિક કર્તવ્ય એ શું છે તેને તે વિશેષ પ્રમાણમાં સ્પષ્ટ કરે છે. આધ્યાત્મિક કર્તવ્યનું અનુષ્ઠાન અંતઃકરણમાં સહજ સમયમાં પણ ઉત્કૃષ્ટ પ્રકારનો ફેરફાર કરે છે, એ સત્યનો અનુભવ કરાવે છે. થોડો કાળ પણ અમુક ઉચ્ચ

પ્રકારની ક્રિયા કરવાથી તત્કાળ નવીન વિશુદ્ધ વાતાવરણ રચાય છે, અને એ વાતાવરણ અંતઃકરણમાં વિશેષ ઉચ્ચ અને નિર્મલ ભાવનાઓને જાગ્રત્ કરે છે. એમાં રસ અને ભાવપૂર્વક ભાગ લેવાથી તે અંતઃકરણને અનેક પ્રકારના ભારથી મુક્ત કરે છે, કોઇ નવીન પ્રશાંત અને ઉચ્ચ સૃષ્ટિમાં વિહાર કરતા હોઇએ તેવું ભાન રહે છે, વૃત્તિની દુર્બલતા, મલિનતા એ વગેરેઉપર કંઇક અધિક અંકુશ પ્રકટતો સ્પષ્ટ થય છે, અંતરમાં સ્વાભાવિક આનંદનો વહેતો પ્રવાહ અનુભવાય છે. કલેશ, દુઃખ, દીનતા વગેરે ઉપર પણ આંતર સામર્થ્ય જય મેળવતું જણાય છે, શરીરની વિશેષ નિરામયતાનો અનુભવ થાય છે, અંતઃકરણમાં વિશેષ ઉત્સાહ પ્રકટેલો રહે છે, શ્રદ્ધા ભક્તિ આદિનાં અકુરો વધારે પુષ્ટિ પામે છે, નિશ્ચયબળ, સદ્વિચારબળ, સત્કાર્ય કરવાનું બળ વૃદ્ધિ પામતું અનુભવાય છે. વ્યવહારના અનેક ઉપાધિઓથી શિથિલ ન બનતાં તેમને હઠાવવાની શક્તિ અંતરથી પ્રકટતી જણાય છે, કશાથી ન દબાતાં ગમે તેવી વિપરીત વસ્તુને પણ દબાવવાનું મનોબળ પ્રકટતું જણાય છે, અને અધ્યાત્મબળની પણ ઝાંખી થતી જાય છે. અંતરમાં વૃત્તિ ક્ષણભર પણ ન ટકતી હોય તેને અંતરમાં કંઇ સુખ છે, એટલું સહજ ભાન પણ થાય છે, અંતરમાંથી સામર્થ્યને પ્રકટાવવાની કળા પણ કંઇ સ્પષ્ટ થતી જણાય છે. જેમને કેવળ અંધકારનું જ અંતરમાં ભાન થતું હોય છે તેમને પણ વિશેષ નહિ તો અધકારમાં પણ કંઇ સ્વાસ્થ્ય છે એમ સમજાય છે. અંતરમાં સુખ, નિવૃત્તિ, આનંદ, તૃપ્તિ, પ્રશાંતિ, બળ, નિરામયતા વગેરે રહેલું છે એવી પ્રતીતિ પણ થવા લાગે છે. સ્વરૂપમાં યોગ્ય પ્રકારથી આ ઉત્સવનું પરિપાલન કરવામાં આવે છે તો તે સાધકને તેનામાં સર્વ પ્રકારની કંઇ અંશમાં પણ પ્ર-

ગતિ થતી અનુભવાય છે. અર્થાત્ શરીર, મન અને આત્મા એ ત્રણેમાં આ ઉત્સવનું યથાવિધિ પાલન, ઉચ્ચ સંસ્કાર સ્થાપી તથા પ્રકટાવી શકે છે.

સાધનસમારંભમાં શું શું થઇ શકે એમ છે:

સમારંભમાં વિવિધ પ્રકારનાં ધર્માચરણો થઇ શકે એમ છે. જપાનુષ્ઠાન, આસનાભ્યાસ, લઘુપુરશ્ચરણ, કીર્તનાનુષ્ઠાન, અધ્યયનાનુષ્ઠાન—આ વગેરે થઇ શકે છે. અમુક સંખ્યામાં જપ કરવાનો પ્રથમથી નિશ્ચય કરવો, અને તે પ્રમાણમાં યથાસમય જપ પૂર્ણ કરવા તે જપાનુષ્ઠાન છે. જે આસનનો અભ્યાસ હોય તે આસન થોડા થોડા સમયે વાળ્યા કરવું અને તેનો કાળ વધારવો એ આસનાભ્યાસ છે. એમ કરવાથી આસનની સ્થિતિ વધારે સમય થઇ શકે છે. મંત્રના જેટલા અક્ષર હોય તેટલા લક્ષ જપ કરવા તે પુરશ્ચરણ છે. તેના અર્ધ અથવા એક ચતુર્થાંશ જપ અમુક સમયનો નિયમ બાંધી કરવા તે લઘુ પુરશ્ચરણ છે, બીજાક્ષરરહિત મૂલ મંત્રના જેટલા અક્ષર હોય તેટલા લક્ષ જપ કરવા એ પણ લઘુ પુરશ્ચરણ છે. આપણા સદ્‌ગુરુશ્રીના પુણ્ય નામના અક્ષરજેટલા એટલે ત્રણ લક્ષ જપ કરવા એ પણ લઘુ પુરશ્ચરણ છે અમુક સમયપર્યંત નિત્ય કીર્તન કરવાં એ કીર્તનાનુષ્ઠાન છે. અત્યંત શાંતિથી વૃત્તિની એકાગ્રતાપૂર્વક સતત કીર્તન કરવાથી અત્યંત લાભ થાય છે. કોઇ સદ્‌ગ્રંથનું પુનઃ પુનઃ વાચન એ અધ્યયનાનુષ્ઠાન છે. તે ગ્રંથ તત્ત્વવિચારપ્રધાન અથવા આપણા ઇષ્ટ સદ્‌ગુરુની લીલાનું કથન કરનાર હોવો જોઇએ. સદ્‌ગુરુશ્રી-વિરચિત ગ્રંથો એ અધ્યયનાનુષ્ઠાનમાટે સર્વોત્તમ પુસ્તકો છે. ઋષિમુનિપ્રણીત ગ્રંથોનો પણ તેમાં સમાવેશ થાય છે. એ ગ્રંથને અમુક વખત એટલે બે ત્રણ પાંચ વખત એમ પુનઃ પુનઃ વાંચીને પૂર્ણ કરવો તે એ ગ્રંથનું અનુષ્ઠાન જાણવું અધ્યાત્મ—

બલપોષકગ્રંથમાલાનો પ્રથમ અક્ષનો પણ આ પ્રકારના ગ્રંથમાં સમાવેશ થાય છે. (જે ગ્રંથનું અનુષ્ઠાન કરવાનું હોય તે ગ્રંથવિષે પ્રથમ ઇષ્ટની આજ્ઞા માગવી.)

કીર્તનજાગરણ—જપજાગરણ.

રાત્રિના બે વાગ્યા પર્યંત કીર્તન કરવા, અથવા પ્રભાતના પાંચપર્યંત કીર્તન કરવાં (ગાવાં અથવા શ્રવણ કરવાં) તે કીર્તનજાગરણ છે. તે જ પ્રમાણે રાત્રિના બે વાગ્યાસુધી જપની ક્રિયાનિમિત્ત જાગરણ કરવું, એ જપજાગરણ છે. કોઇ એકાન્ત સ્થળે-નદીતટે અથવા એવા જ સ્થાનઉપર જઇને આ પ્રકારનું અનુષ્ઠાન કરવું બહુ પુણ્યરૂપ છે. એકાકિ અથવા બે ચાર અનુકૂલ સાધકો મળીને સ્વતંત્ર પ્રકારે આ જાતિનુ કરેલુ અનુષ્ઠાન અધિક આનંદજનક થઈ પડે તેમ છે.

યજ્ઞ—મંત્રાનુષ્ઠાન.

જેટલી સંખ્યામાં જપ કરવામાં આવ્યા હોય તેના દશાંશ જપજેટલી સખ્યાવડે યજ્ઞમાં આહુતિ આપવાથી તે જપક્રિયા વિશેષ બલવતી થાય છે. તે યજ્ઞમાં ઘૃત, જવ તથા તલ એની આહુતિ આપવી. એક વખત મંત્ર બોલીને એક એક નાની ચપટી ભરી યજ્ઞની વેદીમાં હોમવી. આ ક્રિયા બહુ પુણ્યપ્રદ છે. તેવી જ રીતે મંત્રશાસ્ત્રની પદ્ધતિથી થતું મંત્રાનુષ્ઠાન અથવા જપાનુષ્ઠાન પણ ઉગ્ર ફળને પ્રકટાવનાર છે. આ પદ્ધતિથી તેવી સત્ક્રિયા કરવા ઇચ્છનારે સદ્ગુરુદ્વારા તે સંબંધી વિશેષ વિધિ જાણી લેવો, અને તેમની આજ્ઞા થયે જ તે કાર્યમાં પ્રવૃત્તિ કરવી.

સમારંભવ્રત.

જેવી રીતે એકાદશી, શિવરાત્રિનાં તેમજ ત્રિરાત્રિ પંચરાત્રિનાં વ્રતો પાલન કરવામાં આવે છે, તેવી રીતે સાધન-

સમારંભના દિવસોમાં પણ તેના મૂલ ઉદ્દેશને યોગ્ય વિવિધ વ્રતાચરણ કરી શકાય છે. કોઇના દોષનું કથન ન કરવું, કોઇમાં દોષનું દર્શન ન કરવું, કેવલ અક્રોધ સેવવો, નિયમિત વાણીનો વ્યાપાર કરવો, સર્વદા પ્રસન્ન રહેવું, કોઇની નિંદાનો એક શબ્દસરખો ન ઉચ્ચારવો, તેમ કોઇ નિંદા કરતું હોય, દોષનું કથન કરતુ હોય, તેમાં પણ ભાગ ન લેવો, દૃષ્ટિને અત્યંત ચળવિચળ ન કરતાં જ્યાં બેઠા હોઇએ ત્યાંથી અમુક મર્યાદા બાંધીને તેમાં જ તેને રોકેલી રાખવી. સાત્વિક વૃત્તિ રાખવી વ્યવહારની વાતો અથવા નકામા તડાકા ન હાંકવા પણ સારી નિર્દોષ આનંદવાર્તા કરવી—છતાં તે કેવલ નિષ્ફલસરખી ન હોય, અસત્ય ન વદવું, સર્વદા પ્રફુલ્લ વદનથી રહેવું, આ અને આવા પ્રકારના સદાચારને આગ્રહપૂર્વક પાલન કરવા એ સમારંભવ્રત છે. અલ્પ નિદ્રા, દિવસની નિદ્રાનો ત્યાગ, અલ્પ ભોજન, સંયમને માટે નિર્ણય કરેલા સમયના આરંભથી અવધિપર્યંત અવિચ્છિન્નપણે સંયમનું પાલન કરવું, એ પણ ઉત્કૃષ્ટ વ્રતરૂપ છે. આમાંથી કોઇ એક પણ વ્રતને પ્રત્યેક શ્રેયસ્સાધકે સમારંભના દિવસોમાં અવશ્ય પાલન કરવું.

સમારંભના અંગની પુણ્યપ્રદક્રિયાઓ.

સાધનસમારંભમાં પ્રવેશ કરી સમારંભના નિયમોના યથાર્થ પાલનપૂર્વક આચરણ કરનાર મનુષ્યને કોઇ રીતે ઉપયોગી થવાય એવી ક્રિયા કરવી એ અત્યંત પુણ્યપ્રદ ક્રિયા છે. પરંતુ તે પોતાની સ્વતંત્ર વૃત્તિની ઇચ્છાપૂર્વક થવી જોઇએ. સર્વ બંધુઓને ભોજન વખતે પીરસવું, જલપાન કરાવવું, નિર્દોષ આનંદ વાર્તાવડે સર્વને પ્રસન્નતા ઉપજાવવી, કોઇને સુવા બેસવામાં કાંઇ વસ્તુની અગત્ય હોય તો તે પૂરી પાડવી, કોઇને કંઇ જોઇતું કરતું હોય તો તે લાવી આપવું, સંયમશા-

ળાને સ્વચ્છ કરવી, વ્યાખ્યાન કીર્તનાદિપ્રસંગે ત્યાં જોઈતી સામગ્રી યથાસ્થિત મૂકવા વગેરેમાં મદદ કરવી, સાધકોને ઉતરવાના સ્થલમાં દીપક અથવા એવી જ અગત્યની કોઈ વસ્તુ ન હોય તો તે તેના વ્યવસ્થાપકદ્વારા લઇને પૂરી પાડવી—આ પ્રકારની વિવિધ સામાન્ય ક્રિયાઓ પણ વિશુદ્ધભાવથી અને સેવાવૃત્તિથી કરવામાં આવતાં તે ક્રિયા પુણ્યપ્રદ થઇ રહે છે. આવા પ્રકારની સહાય કરવામાં જે જાણી જોઇને આંખઆડા કાન કરે છે, તેઓ તેમના હૃદયને સંકુચિત કરે છે, જે પરિણામ દોષરૂપ છે. આવા સત્કાર્યમાં સહાયક અથવા ' વોલેન્ટીયર ' રૂપે થવું અને બને તે રીતે સમારંભને લગતાં વિવિધ કાર્યોમાં ઉપયોગી થવુ એ સમારંભરૂપ સત્કાર્યપ્રતિ અપૂર્વ પ્રેમ દર્શાવવાનુ સાધન છે. જેઓ તેવા કાર્યમાં ઉત્સાહપૂર્વક જોડાય છે, તેઓ ઘણા પુણ્યયશને રળે છે.

સમારંભમાં ઘેરથી શું શું સાહિત્ય લેતા આવવું.

સર્વથી મુખ્ય સંધ્યા તથા પૂજાનિમિત્તના સાહિત્યની મુખ્ય અગત્ય છે. તે આ છેઃ બેસવાનું આસન, પવાલું, આચમની, તરભાણું, દીવી, આરતી, ધૂપીયાં, નૈવેદ્ય, દીપકમાટે ઘી, ધૂપમાટે અગરબત્તી. દીવાસળીની પેટી, દીવેટમાટે રૂ, જળ ભરવા માટે મોટું પંચપાત્ર અથવા નાનો લોટો (આ પાત્ર બીજા ઉપયોગમાં ન લેવાય ત્યાં સુધી સારૂ.) પૂજનમાટે સદ્‌ગુરુની પ્રતિમા, અન્ય કોઈ દેવાદિક હોય તો તે, ઇષ્ટપ્રતિમાને સ્થાપવાનું કાંઇ સાધન, દેવાદિકને સ્થાપવાનુ પાત્ર, એ ઉભય વસ્તુની નીચે પાથરવાનું રેશમી વસ્ત્ર, માળા, ગૌમુખી, ભસ્મ, ચંદન માટે સુખડ, ઓરસીઓ, કેસર, એક ડાબડામાં પૂજનને માટે પુષ્પ ભરી લાવવાં, અબીલ, ગુલાલ,

કંકુ, હળદર અને સીંદૂર એ પૂજાદ્રવ્ય તથા અક્ષત (ચોખા). નિવૃત્તિના સમયે ઇષ્ટચિંતન કરવા માટે સ્મરણી—બેરખો.

સાધકે પોતે પહેરવાનાં વસ્ત્રો; સંયમસમયે કંઇ ઓઢવાનુ વસ્ત્ર, નિત્ય ધોઇને પહેરાય એવાં પહેરણ, (બનતા સુધી ત્યાં પહેરણ પહેરવા વધારે સારૂં છે. ટુવાલ, પચીયાં, (ધોતીયાં પંચીયા જેવાં એક બે વસ્ત્ર વધારે રાખવાં)

ભોજનસમયે પહેરવાનું અબોટીયું, તે સમય માટેનું જળપાત્ર.

બિસ્તરો—તળાઇ, ઓશીકાં, ચાદર, ઓઢવા માટે રજાઇ ગોદડું વગેરે (આમાંનું કશું મેલુ કે વાસ મારતું ન હોવુ જોઇએ. કેટલાક સાધકોએ સમારંભના દિવસમાં જ ઉપયોગ કરવાનો બિસ્તરો તૈયાર કરાવેલો છે, જેનો બીજા કોઇ વખતે તેઓ ઉપયોગ કરતા નથી. આ પદ્ધતિ અત્યંત પ્રશસ્ય અને અનુકરણ કરવા જેવી છે.)

પરચુરણ અગત્યનો સામનઃ ફાનસ, મીણબત્તીનુ સ્ટેંડ, મીણબત્તી અથવા એવું જ દીવાનુ સ્વતંત્ર સાધન, દીવાસળી, ઘડીયાળ, કાર્ડ, કવર, ટીકીટ.

વાંચવાને માટે જ્ઞાનનું—મુખ્યત્વે કરી તત્ત્વજ્ઞાનનું પુસ્તક. કોરા કાગળ અથવા કોરી નોટબુક, પેન્સીલ.

વસ્ત્રસંબંધી સૂચના.

વસ્ત્રો મેલાં ન હોવાં જોઇએ. તેમ ફાટેલાં કાણાવાળાં ન હોવાં જોઇએ. સંયમમાં બેસતી વખતે પહેરવાનાં વસ્ત્રો બને ત્યાં સુધી સાંધેલાં પણ ન પહેરવાં—એ નિષિદ્ધ છે. બીજી વખતે પહેરણજેવું જ બનતા સુધી પહેરવું. ખમીસ કે બદન જેવું પહેરવાનું હોય તો તે મેલું ન હોવું જોઇએ. એ પ્ર-

સંગને માટે પહેરણુ વધારે અનુકૂળ વસ્ત્ર છે. તે પહેરણુ નિત્ય ધોવાં. ચાદર સ્વચ્છ હોવી જોઇએ. અઠવાડીયામાં બે ત્રણ વખત તે અવશ્ય ધોવી જોઇએ. તે, ધોતીયાં, ટુવાલ, પહેરણુ વગેરે ધોવા માટે સાબુ અવશ્ય લાવવો. ઘણાના ટુવાલ અતિશય મેલા હોય છે. તે મેલવાળો ન હોય એ ખાસ ધ્યાન રાખવું. સ્વલ્પમાં બધાં વસ્ત્ર સ્વચ્છ હોવાં જોઇએ.

સમારંભના આખા દિવસના કર્તવ્યસંબંધી સૂચનાઃ

ઉત્થાન.

પ્રાતઃકાલમાં સાડા પાંચ અને મોડામાં ૭ વાગતાં સુધીમાં અવશ્ય ઉઠી જવું. જાગ્રત્ થઇને પ્રથમ ઓછામાં ઓછી ત્રણમિનીટ પથારીમાં બેસીને જ ઇષ્ટસ્મરણ કરી લેવું. પછી ઉઠીને સહુથી પહેલુ બિછાનું વાળીને વ્યવસ્થાસર મૂકવું. પછી મુખશુદ્ધિ—કોગળો—વગેરે કરીને પ્રાતઃકાલનિમિત્તની સામુદાયિક પ્રાર્થનામાટે નિર્ણીત સ્થળે એકઠા થવું. ત્યારપછી પૂજાના સાહિત્યની પોટલી (સંધ્યા સાહિત્યની પોટલી બાંધી રાખવી)ને સંયમના સ્થાને મૂકી આવવી. સામુદાયિક પ્રાર્થના ન થવાની હોય તો દેહશુદ્ધિ·આદિ કાર્યમાટે જવું.

કેટલાક મનુષ્યો ઉઠે છે ત્યારથી જ આગળપાછળના મનુષ્યો જોડે કચપચ કરવા મચી પડે છે. તે ન કરવાની ખાસ સાવધાનતા રાખવી. પ્રાર્થનાનુ કીર્તન થઈ ગયા પછી જ સામાન્ય વાતો કરવી હોય તે કરવી.

સ્નાન.

નદીકિનારે સ્નાન કરવાનુ હોય તો ત્યાં જઇ દાતણ કરી સ્નાન કરી લેવું. આ વખતે સ્નાનમાં વધારે સમય ગાળવો નહિ. તે વખતે સંધ્યાપૂજાનાં પાત્રો; તથા લોટો પવાલાં માજી લેવાં. વસ્ત્ર બદલી શુદ્ધ થઇ લોટામાં જળ ભરી લેવુ. જોડા પહેર્યા વિના જ સંયમને સ્થળે જવાય ત્યાંસુધી વધારે

સારૂં. નહિ તો જોડા તેની જગાએ મૂકી હાથ પગ ધોઇ નાખવા. પછી સંયમને સ્થાને જવું. સ્નાન કરતી વખતે નીચેના શ્લોકનું મનવડે ચિંતન કરી લેવું:

હરિગીત.

આ સ્નાન તનમનના સકલ મલને હણીને શુદ્ધિને,—
પ્રકટાવી, અંતરમાં કરે છે, સ્ફુર્તિ, બલની વૃદ્ધિને;
અંતર વિશુદ્ધ કરી પ્રભુદર્શન થવાથી યોગ્યતા,—
પ્રકટાવી, મારૂં સર્વ રીતે હિત કરે છે સર્વદા.

સંયમશાળા.

સ્થળ—આ સ્થાન અને એ સ્થળે થનારૂં કર્તવ્ય સાધનસમારંભનુ સર્વથી ' મુખ્ય અંગ છે. અને તેથી તે ઉભયને માટે ખાસ લક્ષ આપવાની અગત્ય છે. સંયમનું સ્થળ બને તેટલું સ્વચ્છ હોવું જોઇએ. પ્રત્યેક સાધકે નિવૃત્તિના સમયે આ સયમ શલમાં આવીને પોતાને બેસવાના સ્થળનો નિર્ણય કરી લેવો. તે સ્થળ બરાબર બેસી શકાય એવું ન હોય એટલે ખાંડા ખૈયાવાળું અથવા શરીરને ખૂચે એવી જાતનાં કંઇ મૂળીયાં ઉગેલાં હોય એવુ સ્થાન જણાય તો તેને કંઇ સાધન મેળવાને ખોદી નાખવું, અને ત્યાં જમીન સરખી, પોચી અને સ્વચ્છ કરવી. જમીનની ઉપરનો ભાગ મલિન હોય છે તે નીકળી જઇને એ ભાગ આ રીતે શુદ્ધ પણ થાય છે. આ રીતે આસનની પ્રતિષ્ઠા કરવાનો દેશ—સ્થળ—શુચિ અર્થાત્ પવિત્ર બનાવે છે. પછી તેના ઉપર પાણી છાંટવું. અને એ પ્રકારે જેમ બને તેમ બેસવાનું અને પૂજા સ્થાપવાનું સ્થળ સરખું અને સુંદર કરવું. આ બધું નિવત્તિના વખતે કરી આવવુ.

ગોઠવણી—એક સાધકના આસનની અને બીજા સાધકના આસનની વચ્ચે હાથ દોઢ હાથ જગા રાખવી. એકદમ પાસે પાસે આસન ગોઠવવાં નહિ. સંયમશાળા વિશાળ હોય તો બે હાથ સુધીનો પણ એક બીજા વચ્ચે અંતર રહેશે તો હરકત

નથી. દરેકે પરસ્પરની વચ્ચેનો અંતર સરખો રાખવાનું લક્ષમાં રાખવું.

આસન—અત્યંત નીચું નહિ તેમ અત્યંત ઉંચું નહિ, બેસતાં શરીરને કોઇ પ્રકારનું કષ્ટ થાય એવું કઠિન નહિ, અત્યંત ટુંકું નહિ, (બે ફુટ લાંબુ અને દોઢ ફુટ પહોળું આસન વધારે અનુકૂળ છે. સ્થાન સંકોચવાળું હોય તો તે પાથરતી વખતે થોડું વાળી લેવું.) શરીરને ખુચે એવું નહિ, પણ સ્વચ્છ, સુન્દર, કોમળ અને જોઇએ તેટલા પ્રમાણમાં વિસ્તારવાળું રાખવું. આસન ત્રણ હોવાં જોઇએ. દર્ભાસન, મૃગચર્મ અને રેશમી અથવા ઉનનું—વસ્ત્રાસન; પ્રથમ દર્ભાસન પાથરવું, તે ઉપર મૃગચર્મ નાખવું તેના ઉપર વસ્ત્રાસન નાંખવું. આ પ્રમાણે કરતાં છતાં તે આસન બહુ સખત લાગે તો કામળીજેવું ઉનનું વસ્ત્ર બેવડું ત્રેવડું કરી મૃગચર્મઉપર નાંખવું. અને તેના ઉપર પછી બીજું આસન નાખવું. આ ધાબળી સુતી વખતે ઓઢવામાં ન વાપરવી. તેના ઉપર બીજું સ્વતંત્ર આસન તો હોવું જ જોઇએ. તે સ્વચ્છ અને સુન્દર રાખવું. આ પ્રમાણે આસન રચીને પછી જરા આઘા જઇને વાળ અથવા ચોટલી ઓળી આવવાં કેટલાક મનુષ્યો આસન ઉપર બેસીને ચોટલી છંટકારે છે, તેથી તે જો ભીની હોય છે તો બીજાને છાંટા ઉડે છે. માટે પ્રથમ આઘા જઇને તે કાર્ય કરી લેવું, જેથી વાળ વગેરે પણ આસનઆગળ ન પડે. પછી આસનઉપર સ્વસ્થતાથી બેસવું. આસન એવી રીતે ગોઠવવું કે જેના ઉપર બેસતાં આપણું મુખ સદ્ગુરુના મુખ્ય સ્થાનપ્રતિ રહે. તેમ ન બને તો પછી પૂર્વાભિમુખે બેસવું. (બને તો આસનની આસપાસ રાંગોળી પૂરી તે સ્થાન શોભાવવું.)

પૂજાના સાહિત્યની વ્યવસ્થા—પછી પૂજાના સાહિત્યને વ્યવસ્થાસર ગોઠવવું ત્યાં જમણા હાથઆગળ જળને લોટો મૂકવો, સન્મુખ સિંહાસન, બાજઠ અથવા એવી કોઇ વસ્તુઉપર રેશમી વસ્ત્ર પાથરી તેમાં ઇષ્ટની પ્રતિમા સ્થાપવી.

કેટલાક મનુષ્યોપાસે પૂજનની પ્રતિમા બહુ ઝાંખી, અસ્વચ્છ અને જૂના જેવી હોય છે. તેવી પ્રતિમા ન રાખતાં બને તેટલી ઉત્તમમાં ઉત્તમ રાખવી. છબીઉપરનો કાચ પણ કેવળ સ્વચ્છ હોવો જોઇએ. તથા તેનું ફ્રેમ પણ બને તટલું સારામાં સારૂં રાખવુ. ઘણી વખતે એવું જોવામા આવે છે કે મનુષ્ય પોતાનું આસન જેટલુ કીમતી રાખે છે તેના કરતાં અર્ધી કીમતનું પણ તેમની પૂજાની પ્રતિમાનું ફ્રેમ નથી હોતુ ! આ પ્રકારે ન હોવું જોઇએ. સર્વથી અત્યંત મૂલ્યવાન્ એ પદાર્થ રાખવા ઉપર ખાસ આગ્રહ ધરવો. બને તેટલુ વિશેષ મૂલ્યવાળું અને સર્વોતમ રાખવુ. પ્રતિમા સ્થાપીને તેની નીચેના ભાગઆગળ અન્ય દેવાદિકની મૂર્તિ હોય તો તે સ્થાપવી. દેવને મૂકવાનું પાત્ર પણ સ્વચ્છ અને બને તેટલુ સુશોભિત રાખવું. એની આસપાસ બે દીવીઓ દીપકમાટે મૂકવી. એક જ હોય તો દેવાસનની જમણી બાજુએ મૂકવી. બનતાં સુધી બે દીપક રાખવા. તેની સાથે ધૂપીયાં મૂકવાં. એક ધૂપીયું અને એક દીપક હોય તો દેવાસનની જમણી બાજુએ દીપ અને ડાબી બાજુએ ધૂપીયુ મૂકવું. દેવના સમુખ નૈવેદ્યનું પાત્ર સ્થાપવું. ડાબી બાજુએ ચંદન, પુષ્પ, પૂજાપો વગેરે પૂજનનુ સાહિત્ય મૂકવું. સઉથી પહેલુ ચદન ઘસી લેવું. જો બીજા સાધકો સયમમાં બેસી ગયા હોય અને કોઇ સાધકને આવતાં મોડું થાય તો તેણે જરા આઘે જઇને ચદન ઘસી લેવુ. પણ બીજાને વિક્ષેપ થાય એ પ્રકારની ક્રિયા કરવી નહિ.

સંયમસમયે પહેરવાનાં વસ્ત્ર—કેટલાક મનુષ્યો તે વખતે પહેરણુ વગેરે પહેરીને બેસે છે, પરંતુ તે યોગ્ય નથી. શ્વેત સ્વચ્છ વસ્ત્ર અથવા વિશેષ ટાઢજેવુ હોય તો કોઇ ઉનનું ગરમ વસ્ત્ર ઓઢવું, પરંતુ કોઇ પણ પહેરણજેવું વસ્ત્ર પહેરવું તો નહિં જ. બનતાં સુધી પહેરવા તથા ઓઢવાના

વસ્ત્રની કાળા રંગની કીનારી ન રાખવી. અર્થાત્ તેવી જાતનું વસ્ત્ર તે વખતે ઉપયોગમાં લેવું નિષિદ્ધ મનાયું છે. અને બને ત્યાં સુધી ફાટેલાં વસ્ત્રોનો પણ તે વખતે ઉપયોગ ન કરવો. આ વસ્ત્રો અત્યંત સ્વચ્છ હોવાં જોઇએ. અને તે નિત્ય જ ધોવાવાં જોઇએ. કેટલાક મનુષ્યો અબોટીયાં ઓઢીને બેસે છે. પરંતુ તે પ્રમાણે ન કરતાં સુતરઉ ધોએલાં વસ્ત્ર જ ઓઢવાં તથા પહેરવાં

પાત્રો—સન્ધ્યાપૂજાના ઉપયોગનાં પાત્રો અત્યંત સ્વચ્છ હોવાં જોઇએ લેશ પણ કાટ કે મેલવાળાં ન હોય, તેમ જ સાંધેલાં ન વાપરવા. તેને આંબલી અથવા કોઇ જાતની ખટાશથી સારી રીતે ધોયા કરવાં. જેમની શક્તિ હોય તેમણે ચાંદીનાં અથવા એવી જ મૂલ્યવાન્ ધાતુનાં પાત્રો વાપરવાં.

પૂજનનો વિધિ—પૂજાનુ સાહિત્ય વ્યવસ્થિતરીતે ગોઠવીને પછી ક્રિયાનો આરંભ કરવા માટે ભસ્મ કરીને પછી આપણા સદ્‌ગુરુશ્રીનુ જ્યાં મુખ્ય આસન હોય ત્યાં સદ્‌ગુરુ વિરાજ્યા હોય કે ન વિરાજ્યા હોય તોપણ તે સ્નાનપ્રતિ જોઇને મનવડે સદ્‌ગુરુને નમન કરવું. પછી આચમન કરીને શિખાબંધન કરી ત્રણ પ્રાણાયામ કરીને નિત્યકર્મની સન્ધ્યા વગેરેનો આરંભ કરવો. (જેમને સન્ધ્યા ન કરવાની હોય તેમણે દેવપૂજન કરવા માંડવું) તે કરીને પછી દેવપૂજન કરવું. બની શકે તો પંચામૃતથી દેવને સ્નાન કરાવી યથાવિધિ પૂજા કરવી. ધૂપ, દીપ, નૈવેદ્યાદિ ધરવું. પુષ્પ પણ ચઢાવવાં. એ સર્વ કરીને સ્વલ્પમાં આરતી કરી લેવી. આરતીનું સાધન જેની પાસે ન હોય તેણે પુષ્પથી અથવા અક્ષતથી આરતી ઉતારી લેવી. પછી મનથી પુષ્પાંજલિ ભણી પૂજનવિધિ સમાપ્ત કરવો.

ચંદન—પૂજનમાં કેસરવિનાનું કેવળ સાદું ચંદન વાપરવું નહિ કેસર તેમ જ સુગંધી દ્રવ્ય નાંખેલું ચંદન ઉપયો-

ગમાં લેવું કેટલાક એક પાંદડાના કકડામાં અથવા લોટાઉપર ચંદન ઉતારે છે, તેમ ન કરતાં ચંદનીમાં જ ઉતારવું. કેટલાક તો સુખડઉપર જ ચંદન ઉતારી રાખે છે, અને ત્યાંથી લઇને પૂજનમાં વાપરે છે, આ વિશેષ દોષરૂપ છે, તેથી તેવું કદાપિ ન કરવું. ચંદનીમાં જ ઉતારવુ અને તેમાંથી લઇને પૂજન કરવું એ શ્રેષ્ઠ છે.

પુષ્પ—પુષ્પની પૂજનવિધિમાં ખાસ અપેક્ષા છે. જે જાતનાં પુષ્પ પ્રાપ્ત થાય તે જાતનાં પણ મેળવવા પ્રયત્ન કરવો. કરેણનાં પુષ્પ ઈષ્ટપ્રતિમાને ચઢાવવાનો નિષેધ છે મુખ્યત્વે કરીને ગુરુપૂજનમાં ચંપાનું પુષ્પ વિધાનરૂપ છે સુગંધીવાળાં અન્ય પુષ્પો વાપરતાં હરકત નથી. મોગરા વગેરે પુષ્પોમાં જે વજ્ર આવે છે તે કહાડીને તે પુષ્પનો પૂજનમાં ઉપયોગ લેવો. ઘેરથી એક ડબામાં પુષ્પ ભરી લાવવામાં આવે તો તે પણ બે ત્રણ દિવસ સારી સ્થિતિમાં રહી શકે છે. કેટલાંક ગામમાં ઉત્તમ પુષ્પ નથી મળતાં, તોપછી યથાપ્રાપ્ત પુષ્પનો ઉપયોગ કરવો. પરતુ બનતા સુધી કોઇ પણ પ્રકારનાં અનિષિદ્ધ પુષ્પો મેળવવાનો પ્રયત્ન કરવો.

ધૂપ—ઉત્તમ પ્રકારની અગરબત્તીનો ધૂપ કરવો. દેવતાનું સાધન મળી શકે તેમ હોય તો સુખડનાં છોડાં અથવા ભુકાને સહજ ઘીનો હાથ લગાડી તે અને સહજ ગુગળનુ મિશ્રણ કરી તેનો ધૂપ કરવો અગરના લાકડાનો ધૂપ પણ સારો હોયછે. સંયમ કરવાના ધોધો જ વખતસુધી અગરબત્તી ચાલુ રાખવી.

દીપ—સંયમ કરવાના બધા સમયસુધી દીપક પ્રજવલતો રાખવો. પવનથી ઓલવાઇ જતો હોય તો પૂજનવિધિ સમાપ્ત થયા પછી તેની વિશેષ ચિંતા ન કરવી.

નૈવેદ્ય—કોઇ પણ મિષ્ટ પદાર્થનું નૈવેદ્ય કરવું, અથવા ફલનું નૈવેદ્ય ધરવું. ગુરુપૂજનમાં ચણાના લોટનો બનાવેલો મિષ્ટ

પદાર્થ ખાસ વિધિરૂપ છે. પરંતુ તેના અભાવે કોઇ પણ પવિત્ર મિષ્ટ વસ્તુનું નૈવેદ્ય કરવામાં હરકત નથી.

શરીરાસન—ઉપર કહ્યા પ્રમાણે પૂજનવિધિ કરીને પછી જપ અથવા સંયમ કરવાનો આરંભ કરવો. ત્યાં પ્રથમ પદ્માસન અથવા જે આસન વાળવાનું આપણને શ્રીગુરુતરફથી સૂચવવામાં આવ્યું હોય તે આસન વાળવું. આસન વાળીને ટટાર બેસવું. પણ અપડાઇ ગયા હોઇએ એવી રીતે ન બેસવું. બરડાનો ભાગ સીધો સોટાજેવો રહે, તેમ જ ડોકી અને મસ્તકનો ભાગ પણ આગળ નમેલો ન રહે એવી રીતે સ્થિરપણે બેસવું. આ પ્રકારે સ્વસ્થતાથી બેશીને પછી સદ્‌ગુરુના મુખ્ય આસનપ્રતિ દૃષ્ટિ નાંખી મનવડે અને ભાવવડે નમસ્કાર કરી ઉપદિષ્ટ ક્રિયાનો આરંભ કરવો. પગ દુઃખે અથવા કોઇ કારણસર આસન બદલવા વૃત્તિ થાય તો બદલીને થોડો વખત બીજા કોઇ અનુકૂળ આસનથી બેસી રહેવું, અને પુનઃ આશ્રમ નિવૃત્ત થયે મુખ્ય આસન વાળીને બેસવું. અને બને તેટલો અધિક કાળ એ સ્થિતિમાં ગાળવો. બીજું આસન હોય ત્યારે પણ બનતા સુધી વાંકા વળીને બેસવું નહિ. સરળપણે સીધા બેસવાથી થાક નથી લાગતો, પણ તેમાં જ્યારે તંગપણું પ્રકટે છે ત્યારે જ થાક લાગે છે. માટે તેવા તંગપણે ન બેસતાં સ્વસ્થતા તથા સરળતા જાળવી રાખવી.

દૃષ્ટિની સ્થિતિ—સંધ્યા પૂજા તથા જપના સમયમાં જેટલો વખત નેત્ર ખુલ્લાં રહે તેટલો વખતે તેને ગમે ત્યાં ભટકવાં દેવાં નહિ. બનતા સુધી જપ કરતાં નેત્ર બંધ રાખવાનો અભ્યાસ પાડવો. છતાં કોઇ કારણસર તે ઉઘાડવાં પડે તો પછી બને તેટલી નાસિકાગ્ર દૃષ્ટિ રાખવી; અથવા આપણા સંમુખ સ્થાપેલી ઇષ્ટની પ્રતિમાઉપર સ્થાપેલી રાખવી. બીજે સ્થાને જોવાનું કંઇ કારણ પ્રકટયેથી તે તરફ જોવાનું

પ્રયોજન પૂરૂં થઇ રહે તત્કાળ કાં તો નેત્ર બંધ કરવાં અથવા ઉપર કહ્યું તે સ્થળે દૃષ્ટિ સ્થિર રાખવી. પરન્તુ બીજી કોઇ જગાએ જપ કરતાં લાંબા વખત સુધી ટગર ટગર જોયા કરવું નહિ.

સંયમસમયે રાખવાની કેટલીક સાવધાનતા:— કેટલાક મનુષ્યો સંયમના કાળમાં પારવિનાના ખુંખારા કરે છે, કેટલાક મોટા અવાજથી બગાસાં ખાય છે, કેટલાક આચમની પવાલાં ખખડાવે છે, કોઇ કોઇ સ્તોત્રવગેરે કંઇ એવી રીતે બોલે છે કે જે જોડે બેઠેલા સાધકને વિક્ષેપ કરનાર થઇ પડે, કેટલાક તો પરસ્પર છાની છાની ધીમેથી વાતો કરતા હોય છે—આ બધી ક્રિયા હાનિ કરનાર અને મનુષ્યની અસાવધતાને સૂચવનાર છે. તેથી તેવુ કશું ન થવા દેવાની અત્યંત સાવધાનતા રાખવી. સંયમમાં બેઠા પછી તેનો સમય પૂરો થાય ત્યાં સુધી આસનથી ઉઠવુ જ નહિ. છતાં ખાસ જરૂર પડે તો ધીમેથી ઉઠી કાર્ય પરવારી આવી તત્કાળ પાછા આસને બેસી જવું. પણ ગમે ત્યાં ફર ફર કરવુ નહિ. કેટલાક મનુષ્યો સયમના સ્થાનથી જરાક જ આઘા જઇને નાક ખખેરવાના મોટા અવાજ કરે છે. આવી ભૂલ ન કરવાની અત્યત સાવધાનતા રાખવી. સ્થાનઉપર બેસી વારંવાર આળસ મરડયા કરવી નહિ

અન્ય સૂચના—જે સાધકોને સંયમનો સમય વધારે લાંબો લાગે અને સામટો તેટલો સમય સંયમમાં બેસવું ન જ બની શકે તો તેમણે પણ એ સ્થાનેથી ઉઠવા જરૂર નથી. પરંતુ તેમણે ક્રમમાં ફેરફાર કરવો. એટલે આરંભથી જ સંયમ કરવા માંડવો. તેમાં એક કલાક જાય એટલે પછી વૃત્તિ ભિન્ન વિષયમાં પલટવાને માટે તેમણે સંધ્યાદિ કરવાં. તે કરી રહી પુનઃ સંયમમાં પ્રવેશવું. તેમાં થોડો કાળ ગાળીને

પછી દેવાર્ચનવિધિ કરવો. એ થઈ રહ્યા પછી વળી પુનઃ સયમમાં પ્રવેશવું. તેમાં થોડો સમય વીતાવીને પછી કોઇ ઇષ્ટસ્તુતિનાં સ્તોત્રપાઠ કરવા તેમાં આપણા વર્ષથી પ્રકટ થયેલું **श्रीसद्गुरोर्महिम्नस्तोत्र** સર્વોત્તમ છે. તેની ત્રણ, પાંચ અથવા અગીઆર આવૃત્તિ કરી જવી. પણ તે એવી રીતે મનમાં વાંચવું કે જેથી પાસે બેઠેલા સાધકોને લેશ પણ વિક્ષેપ ન થાય. એ પુસ્તક પ્રત્યેક સાધકે સમારભમાં અવશ્ય સાથે લેતા આવવુ. જેમનાથી એનો પાઠ ન બની શકે તેમણે 'પ્રથમ અક્ષ' આદ્યંત ત્યાં બેઠે બેઠે વાંચી જવો. એ વાંચીને પછી તેમાં કહ્યા પ્રમાણે જેટલો વખત બને તેટલો વખત ભાવના કરવી. અને એ રીતે સયમનો કાળ પૂરો કરવો પરંતુ એક કલાક તો સયમ કરવાના પ્રયત્નમા અવશ્ય જ ગાળવો, અને એ સમયને વધાર્યા કરવો.

એક વિશેષ સૂચના—સયમનો સમય પૂરો થવામાં જયાં દશ પદર મિનિટ બાકી રહે છે ત્યારથી કોઇ ચંદન ઘસવા માંડે છે તો કોઇ પાત્રમાંનું જળ ઢોળી દઇ ધીમે ધીમે પૂજાના સાહિત્યને જ સમેટવા માંડે છે. આવું કશું જ કરવું નહિ. પહેલી ક્ષણથી તે છેક છેલ્લી ક્ષણસુધી એક સરખી શાંતિ જાળવવી. ઉઠવાનો ઘંટ વાગે ત્યાર પછી જ જે કંઇ કરવાનું હોય તે કરવું. પરંતુ તે વખત પણ તત્કાળ સાહિત્ય સમેટવા માંડવુ નહિ. કેટલાક સાધકો સમય પૂરો થયા પછી જયાં 'જય' બોલાવવામાં આવે છે કે તત્કાળ જ વાતો કરવા મચી પડે છે. **પરંતુ તે વખત એક શબ્દ પણ બોલવો નહિ.** અત્યંત ગભીરતાપૂર્વક સ્વસ્થાને બેસી રહેવું. ઘણાથી આ સ્થળે અસાવધતા થઇ જાય છે માટે આ સૂચના **ખાસ** લક્ષમાં રાખવી. કોઇ પણ પ્રકારનો લેશ પણ ગરબડાટ કરવો નહિ, પણ ગાંભીર્યને ભળવી રાખવું. આ સ-

મયે પ્રત્યેક સાધકે પોતપોતાના સ્થાનઉપર બેસી નીચેનું પદ્ય એક સુરથી અને અત્યંત ભાવપૂર્વક ગાવું;

પદ. (દશદિશ શાંતિ કેવી, એ લય.)

અંતર દિવ્ય અનુભવ આજ, આ શો અનુભવ્યો !
યદ્યપિ હતો નિત્ય સુસિદ્ધ, તદપિ અવનવો.
માન્યુ હતું જેને ભિન્ન,
ભાસ્યુ આ જ તેહ અભિન્ન; આ શો૦
જેને જાણ્યું અપરિચ્છિન્ન,
આજે લહ્યું તે પરિચ્છિન્ન; આ શો૦
સઉને અધીન હતુ જે દીન,
ભાસ્યું તેને સર્વ અધીન[*], આ શો૦
નર્તન કરતું જે મનમીન,
સ્વરૂપ જળે થયુ તલ્લીન; આ શો૦

ગુરુપૂજન.

એ કીર્તન થઇ રહ્યા પછી ગુરુપૂજનનો વિધિ હોય છે. તે સમયે અનેક મનુષ્યો શાંતિનો ભંગ કરે છે. પરંતુ તેમની આ પ્રકૃત્તિ તેમણે સંયમના સમયમાં અંતઃકરણને કેવી સ્થિતિમાં રાખ્યું હશે તેનું અન્ય જોનારને ભાન કરાવે છે. તેમ જ પજનવિધિની ગૌણતા તેમનું અંતઃકરણ સમજતું હોય એવો અન્યને ભ્રમ ઉપજાવે છે. આથી તે સમયે કશી જ ગરબડ કરવી નહિ. તેમ સામટા ટોળું મળીને પૂજનના સ્થાન-આગળ ઉભા રહેવું નહિ. પૂજન કરવામાં હોંસાતુસી ન કરતાં શાંતિથી એક પછી એક એમ ક્રમપ્રમાણે પૂજન કરવું. પૂજન કરવા જતી વખતે ચંદન તથા પુષ્પ-હાર—એ સાહિત્ય સાથે

---

[*] જે સઉને અધીન અને દીનજેવું હતું, તેને સર્વ અને અધીન રહેલું ભાસે છ.

રાખવું. ગુરુને ચંદન કરવામાં પણ કેટલાક અસાવધપણે ગમે તેમ લપરડા કરવા જેવું પણ કરે છે. તેમ કેટલાક કોઈ વસ્તુ ઉપર આંગળી જેમ ઠબ ઠબ ઠબ ઠબ ટકોરા મારતા હોય તેમ ગુરુના કપાળઉપર ચંદન કરવાના અભ્યાસવાળા હોય છે. કેટલાક તો કપાળની મધ્યમાં ચંદન કરવાને બદલે ગમે ત્યાં આડુઅવળું જ ચંદન કરે છે. અને તેટલેથી ન અટકતાં આંગળીનું તર્જન કરે છે, જેથી ચંદનના છાંટા વસ્ત્રઉપર, મુખઉપર, આંખમાં એમ ગમે ત્યાં ઉડે છે. આ પ્રકારની દોષરૂપ ક્રિયા ન થાય એને માટે ખાસ સાવધાનતા રાખવાની અગત્ય છે.

પૂજનનો વિધિ આ પ્રકારનો છેઃ અનામિકા એટલે ટચલી આંગળીથી પ્રથમ ચરણના અંગુઠાઉપર ચંદન (પણ તે લપરડા નહિ, તેમ પગના ગમે તે ભાગ ઉપર પણ નહિ) કરવું, અને ચંદન કરેલી એ આંગળી વસ્ત્રવડે લુછી નાંખવી. કેટલાક તો એ ચદનવાળી આંગળી પોતાના ગળામાં કે કપાળ ઉપર લુછે છે, પણ તે યોગ્ય નથી. એ પ્રકારે લુછેલી આગળી પુનઃ ઇષ્ટના કપાલઉપર તિલક કરવામાં ઉપયોગી થઇ શકતી નથી. તેથી તેને વસ્ત્રવડે લુછી નાંખવી, અને પછી એ એક જ આંગળીથી કપાળઉપર ચંદન કરવું. તે આંગળી પુષ્કળ ચંદનવાળી કરવી નહિ, તેમ કપાળઉપર સારી પેઠે તે આંગળી ફેરવવી નહિ. ટચલી અને વચલી એમ બે આંગળીવડે પણ પૂજન કરવાનો પ્રચાર ચાલે છે. ટચલી આંગળી દેવાચનની જ આંગળી ગણાય છે તેથી તે એકવડે ચદન કરવામાં કશો વિરોધ નથી. ચંદન કરી પુષ્પ ચઢાવીને પાસે સ્વલ્પમાં નમન કરી પછી આઘે જઇ સન્મુખ રહીને સાષ્ટાંગ કરવા, જેથી બીજાને પૂજન કરવામાં વિક્ષેપ નડે નહિ. પછી પોતાના બંધુવર્ગમાંના કોઇને ચંદન કરવાની ઇચ્છા હોય તેમને કરી

અને મૌનપણે પોતાના આસનઉપર બેસી જવું આ રીતે પ્રત્યેક સાધક પૂજન કરી રહે ત્યાં સુધીના સમયમાં પ્રત્યેક સાધકે પોતાની પૂજાનુ સાહિત્ય સમેટી લઈ તેની પોટલી બાંધી દેવી.

આરતી—સાહિત્યની પોટલી બાંધીને પછી આરતીને માટે બે હારમાં બધાએ ગોઠવાઇ જવું. બે હારની વચ્ચે પહેલાથી છેડાસુધી એક સરખી પહોળી જગા રહે એવી રીતે સીધા ઉભા રહેવુ. આ બાબત પ્રત્યેકે લક્ષમાં રાખીને એવી રીતે વિચારીને ઉભા રહેવુ કે કોઇને પછી આઘા પાછા કરવાની જરૂર ન રહે. ઇષ્ટના સ્થાનના સમુખ પ્રદેશમાં જ ઉભા રહેવુ.

આ વ્યવસ્થા ગોઠવાતા સુધીમાં આરતી પ્રકટાવવાનુ કાર્ય કોઇ બધુએ સ્વીકારવુ અને જયા હાર બરાબર ગોઠવાઇ જાય એટલે પ્રકટાવેલી આરતી ઈષ્ટસંમુખના પ્રદેશમાં મધ્યે લાવી મૂકવી. જેને આરતી ઉતારવાની ઇચ્છા હોય તેણે પ્રથમથી તે નિમિત્તના વ્યવસ્થાપકને પોતાની ઇચ્છા જણાવવી. જો તે વ્યવસ્થાપકતરફથી અનુમતિ મળી હોય તો તેણે આરતી ઉતારવા માટે પ્રથમથી તૈયાર જ રહેવુ અને પ્રકટાવેલી આરતી જ્યાં મધ્યે મૂકી હોય ત્યાં આવી ઇષ્ટને નમસ્કાર કરી તે આરતી ઉતારવા માંડવી. કેટલાક તો આરતીને વેગપૂર્વક ગોળ ગોળ ઉતારે છે, કેટલાક તો અમથી પકડી જ રાખે છે, પરતુ ધીમેથી તેના આંટા ફેરવવા, કોઇ કોઇ વખતે મધ્યે અર્ધચન્દ્રાકાર આંટા ફેરવવા અને તે ડાબા હાથથી ઉપર ચઢવા માંડે અને જમણા હાથતરફ પાછી ઉતરે—આ તેની યોગ્ય પદ્ધતિ છે. તેથી તે પ્રકારે ઉતારવી. બીજી રીતે નહિ. આરતી ઉતારનારે એકાગ્ર ચિત્તથી અને સ્થિર દૃષ્ટિથી ભાવપૂર્વક આરતી ઉતારવી.

તે સમયે અન્ય સાધકોએ એક રાગપૂર્વક તાલી વગા-

ડીને તાલબંધ આરતી ગાવી. કોઇ કોઇ તે વખતે કેડે હાથ દઇને, કાંછો પાછળ હાથ રાખીને અથવા અદબવાળીને ઉભા રહે છે, પરંતુ ઉભા રહેવાની આ પદ્ધતિ ખોટી છે, તેમ કેટલાંકનાં આરતી ગાવાની સાથે નેત્ર ગમે ત્યાં ફટારા મારતાં હોય છે, તે ઉપરથી તેમનું આરતીમાં ચિત્ત નથી એ જોનારને ક્ષણુમાં જ જણાઇ આવે છે. આવી અસાવધતા ન સેવતાં આરતીમાં જ વૃત્તિને જોડેલી રાખવી. અને ભાવસહિત સઉની સાથે મળીને એક રાગ કરીને ગાવી. જે આપણે ગાતા હોઇએ તે બીજાની સાથે તુટતુ તો નથી ને, એ દરેકે વિચાર કરવો, અને બરાબર ધ્યાનપૂર્વક સઉની સાથે મળીને હાથવડે તાલ વગાડીને ગાવી.

આરતી પુરી થાય એટલે પછી જ્યાં સુધી સર્વ કોઇ આરતી લઈ લે નહિ ત્યાં સુધી પુષ્પાંજલિ બોલવી નહિ. એક મનુષ્યે તત્કાળ તે આરતી બધી સમૂહમાં ફેરવી આવવી.

(આરતીનિમિત્તની વ્યવસ્થા રાખનારે **श्रेयस्साधकवर्ग** એ કડીનો આરંભ થાય એટલે આરતીમાં કપૂર મૂકવું. આરતી ઉતરઈ રહે તેની આસપાસ જલનું વર્તુલ કરવાને માટે જલપાત્ર તૈયાર રાખવુ. અને આરતી જ્યાં નીચે મૂકાય કે તત્કાળ એ વિધિ કરીને એ આરતીની આસકા લેવાને માટે હોઈ દ્વારા વહેતી કરી દેવી. પૂજનવિધિ સમાપ્ત થયે એ આરતી પોતાની સાથે સભાળથી લઈ જવી, તેને માંજીને સ્વચ્છ કરવી, અને બીજે દિવસે બરાબર સમયસર તે આરતી પુનઃ તૈયાર કરી રાખવી. એ બધુ કર્તવ્ય તેના વ્યવસ્થાપકનુ જાણુવું.)

આરતી સર્વને આપવાની શરુઆત થઇ જાય એટલે એક હારના મનુષ્યોએ પુષ્પાંજલિની પ્રથમની બે લીટી એક સરખા રાગથી અને ખુલ્લા અવાજથી બોલવી. તે અત્યત ઝડપથી

કે અત્યંત ધીમેથી બોલાવી ન જોઇએ. જરા મોટા અવાજ-વાળાએ અને લય જાણનારાએ જ તે બોલવાનો આરંભ કરવો. બે કડી બોલાઇ રહે એટલે સામી હારવાળાએ એટલા જ સુરથી અને એટલી જ ગતિથી બીજી બે લીટી બોલવી. આ રીતે આખી પુષ્પાંજલિ પૂર્ણ કરવી. છેક છેલ્લા **असित-गिरि०** અને **भातिमिति०** એ બે શ્લોકો બંને હારવાળા મનુષ્યોએ સાથે બોલવા. એ બોલાઇ રહ્યે ' જય ' બોલાવી પુષ્પાંજલિની સમાપ્તિ કરવા પછી સાષ્ટાંગ કરીને બે હારમાં જેમ ઉભા હતા તેમ બધાએ બેસી જવું. કોઇ અનુભવીએ ઇષ્ટને નૈવેદ્ય ધરાવી સર્વને પ્રસાદ વહેંચવાનું તત્કાળ શરુ કરવું. (આરતી ઉતરવાની ઇચ્છા રાખનારે નૈવેદ્યમાટે વ્યવસ્થા કરવી.)

પ્રસાદ લઇને પછી પોતાની પૂજનસામગ્રી લઇને પોત-પોતાના સ્થાનમાં ચાલ્યા જવુ. જતી વખતે કોઇ જાતનો કોલાહલ ન કરતાં કે દોડધામ ન કરતાં શાંતિથી સંયમ-શાળાનો પરિત્યાગ કરી જવો. આ પ્રત્યેક પ્રવૃત્તિ પૂર્ણ ગાંભી-ર્યયુક્ત હોવી જોઇએ.

સંયમપછીનો સમય.

સંયમની ક્રિયા થઇ રહ્યા પછી અને ભોજનપૂર્વેનો સમય વિશેષે કરીને નિવૃત્તિ માટે છે. આ પ્રસંગે કાંતો પડ્યા પડ્યા નિવૃત્તિ લેવી અથવા કોઇની સાથે નિર્દોષ અને રસભરી આ-નંદવાર્તા કરવી. પરંતુ વાર્તાનો વિષય હલકી પ્રતિનો ન હોવો જોઇએ.

મધ્યાહ્ન સ્નાન.

થોડો સમય વિશ્રાંતિ લઇને પછી મધ્યાહ્ન સ્નાનમાટે જવું. જો પૂજાનાં વાસણો અસ્વચ્છ હોય અને ખટાશથી માંજવાં જેવાં હોય તો તે આ વખતે માંજવાને લઇ લેવાં.

તેમ જ ચાદર, ધોતીયાં, પહેરણુ વગેરે સાબુથી ધોવાનાં હોય તે પણ બધાં આ વખતે નદીએ લઇ લેવાં. (નદીની જ્યાં અનુકૂળતા ન હોય ત્યાં કૂવો અથવા જળની જ્યાં અનુકૂળતા હોય ત્યાં જઇ આ કાર્ય કરી લેવું.) ત્યાં તે સારી રીતે ધોઇને સુકવી દેવાં. આ સમયે નિવૃત્તિથી આનંદપૂર્વક સારી રીતે સ્નાન કરવું. વ્યાયામનો ઉદ્દેશ લક્ષમાં રાખીને સારી રીતે કસરત થાય એમ તરવું. તરવાની કસરત એ શરીરને માટે સર્વોત્તમ કસરતમાંની એક છે, તેથી રુચિ હોય ત્યાંપર્યંત સ્નાન કરવું. આ સમયે બનતા સુધી બધા સાધકોએ સાથે જ સ્નાન કરવું, જેથી આનંદમાં અત્યત વૃદ્ધિ થાય છે.

ભોજનના સમયમાં મોડું ન થાય એ ખાસ ધ્યાનમાં રાખવું વધારે વખત સ્નાન કરવાની વૃત્તિ હોય તો સંયમમાંથી પરવારી તરત જ સ્નાન કરવા ચાલ્યા જવું. સ્નાન કરીને પછી ભોજનશાળામાં અબોટીયાં પહેરીને આવવું.

ભોજન.

આ સ્થળે સાધકોને અનેક પ્રકારે અસાવધ થઇ જવાનો સંભવ રહે છે અને તે અસાવધતા ઘણી રીતે હાનિ કરનાર થઇ પડે છે. તેથી ત્યાંની પ્રવૃત્તિમાં પૂર્ણ સાવધનતા સેવવી.

પ્રથમ એ કે મોડા આવવું નહિ, અને કદાચ મોડું થઇ જાય તો પછી જ્યાં છેવટની પોતાની જ્ઞાતિના ભાગમાં ખાલી જગા હોય ત્યાં આવીને બેસવું, પણ બેઠેલી પંક્તિની વચમાં પોતાની ધારેલી જગાએ ભરાવાની પ્રવૃત્તિ કરવી નહિ. ઘણા મનુષ્યો આ પ્રકારે કરતા જોવામાં આવે છે, અને પછી બીજાને જરા આઘા ખસો એમ કોઇ તો કહે છે, અને કોઇ તો વગર બોલ્યે જ વચ્ચે બેસી જઇ પછી બીજાને આઘા ખસવાની ફરજ પાડે છે. આ અત્યંત અનુચિત વ્યવહાર છે. કેટલાક ' અમારે માટે પતરાળું રાખજો ' એમ કોઇને કહી

પછી અત્યંત વિલંબે આવે છે. એમ એક મનુષ્યને કેટલીક વખતે આઠ દશ પતરાળાં પંક્તિમાં ગોઠવી રાખવાની ભલામણો થઇ ચુકી હોય છે. આ પ્રકારે થવું એ પેલા મનુષ્યમાટે અશક્ય સરખું છે. માટે આવી ફરજ કોઇને માથે ન મૂકતાં પ્રત્યેકે સમયસર તૈયાર થઇને પોતાનું સ્થાન નક્કી કરી ત્યાં બેસવું.

કેટલાક સ્થાનમાટે પણ તકરાર કરતા પ્રસંગે દૃષ્ટિએ આવે છે. પરંતુ એ વૃત્તિની અવનતાવસ્થાને સૂચવે છે. કેટલા પત્રાળું લેવા ને માટે તો કોઇ પડીયો કાણો કે જરા નાનો મળ્યો હોય તો તે બદલાવવાને માટે પારવિનાની ગરબડ કરી મૂકે છે. પરંતુ પ્રત્યેક સાધકે સ્મરણમાં રાખવુ કે આ કંઇ જ્ઞાતિભોજન નથી કે ગમે તેવી ગરબડ અથવા હો હા કરી હોય તો ચાલે. પોતે કેવા કાર્યમાં દીક્ષિત થયા છે તેનું તેમણે સતત સ્મરણ રાખવુ અને તે મુખ્ય ક્રિયાને અનુરૂપ પ્રવૃત્તિ જ બીજા બધા પ્રસંગોમાં કરવી. પત્રાળું કે પડીયો ખરાબ હોય તો જે મનુષ્ય તે વસ્તુ આપતો હોય તેને તે કહેવું. પરંતુ તેને માટે જરા પણ ગરબડ કરવી નહિ.

આ જગાએ વાતો કરવામાં પણ કેટલીક વખત કશી હદ રહેતી નથી. જ્ઞાતિભોજનમાં જેમ મનુષ્યોનો કોલાહલ થાય છે, અને ઘણો સમૂહ એક જગાએ ભરાયો છે એમ હોકારા જ ભાન કરાવે છે, તેવું આ સ્થાને લેશ પણ થવું ન જોઈએ. પણ કેવળ શાંતિપૂર્વક, વૃત્તિની અચચલતાપૂર્વક અને સૌમ્ય આનંદમય પ્રવૃત્તિવડે જ આ સમયના સર્વ વ્યવહાર કરવા.

કેટલીક વખત લગભગ કલાક જેટલો સમય તો માત્ર પંક્તિ ગોઠવવામાં જ જાય છે. આનું કારણ બીજું કશું જ નથી, પણ સાધકો પોતપોતાનું સ્થાન નક્કી કરી બેસી જતા

નથી. પણ હજી ફલાણાભાઇ આવ્યા નથી અને ઢીકણાભાઇ આવ્યા નથી એમ વિચારતા સ્વતંત્રપણે ગમે તેમ ફરે છે, પણ પ્રત્યેક સાધકે સમયનું મૂલ્ય સમજીને જેમ બને તેમ તત્કાળ જ પંક્તિમાં ગોઠવાઇ જવું, અને નકામી વાર કરવી નહિ.

ભોજનકાર્યના જે વ્યવસ્થાપક હોય તેમણે પણ જેને તેને તત્કાળ જલદી જલદી જ્યાં જ્યાં જે જે જ્ઞાતિના મનુષ્યો બેસાડવાના હોય ત્યાં ત્યાં સર્વને બેસવાની સૂચના આપી દેવી.

પીરસવાને માટે બ્રાહ્મણ જ્ઞાતિના સાધકોએ વગર કહ્યે જ જેટલી સંખ્યાની જરૂર હોય તેટલા પ્રમાણમાં તૈયાર થઇ જવું. બનતા સુધી જે ગામના આઠ દશ બ્રાહ્મણ સાધકો હોય તેમણે એક એક દિવસ પીરસવાની વ્યવસ્થા કરવી. ભોજનકાર્યના વ્યવસ્થાપકને તેમણે પ્રથમથી કહી જ દેવું કે આવતી કાલ અમે પીરસતા રહીશું. પીરસવાને રહેવુ એ વેઠ નથી પણ પુણ્યની ક્રિયા છે. અનેક મનુષ્યોને માત્ર પોતાના સહજ શરીરના શ્રમવડે તૃપ્તિનો આનંદ અપાતો હોય તો તે ક્રિયા લેશ પણ હલકા પ્રકારની કેવી રીતે કહેવાય ? ન જ કહેવાય.

પંક્તિ બરાબર ગોઠવાઇ જાય કે તત્કાળ પતરાળાં મૂકવાનો આરંભ કરી દેવો. પતરાળાં પડીયા મૂકીને ભોજન પીરસવાનું શરુ રાસ કરી દેવું. આ કાર્ય કરવામાં જેમ બને તેમ ઓછામાં ઓછો વખત જાય તેને માટે ખાસ લક્ષ રાખવું. ભોજન પીરસાતું જાય તે વખતે નકામી વાતોનો કોલાહલ ન કરતાં કાં તો ઇષ્ટમંત્રનો જપ કરવો. અથવા થાળ ગાવો. ભોજન બધે પૂરેપૂરૂં પીરસાઇ રહ્યું કે કેમ તે ભોજનકાર્યના વ્યવસ્થાપકે જોઇ લેવું. બધે પીરસાઇ રહ્યું હોય એટલે ની-

ચેનો એક શ્લોક બધાએ સાથે બોલાવો અને પછી 'જય' બોલાવી પ્રસાદ લેવાનો આરંભ કરી દેવોઃ

શાર્દૂલવિક્રિડિત.

હે વૈશ્વાનર ! સુપ્રસન્ન બનજો, આ અન્નઆહૂતિથી;
પોષો પ્રાણ સદાય તે રસવડે, હે પ્રાણકેરા પતિ !
દો સામર્થ્ય, સુરૂપતા, સુદૃઢ દો, સંપત્તિ શારીરિકી,
આપો આજ વિશેષ માનસ અને સચ્છક્તિ આધ્યાત્મિકી.

જમવાનું શરુ થયા પછી પીરસનારાએ સાવધાનતાપૂર્વક જેને જે જોઇએ તે તે પદાર્થ પ્રીતિપૂર્વક પીરસવો. જમનારનાં વસ્ત્ર ન બગડે, ભોજનનો પદાર્થ પતરાળાબહાર ન પડે, અથવા પતરાળાનાં એક વખત એક જગાએ મૂકાયેલો શાક અથવા એવો જ પદાર્થ બીજી વખતે બીજી જગાએ ન મૂકતાં વ્યવસ્થાસર પીરસવું. પદાર્થ મૂકવાનો હદઉપરાંત કોઇને આગ્રહ કરવો નહિ. તેમ જેને જે પદાર્થની જરૂર ન હોય તેના પતરાળામાં ઢગલા ન કરવા. ઘણા પીરસનારાઓ વગર વિચાર્યે ઓછા વધતા પ્રમાણમાં પીરસી જાય છે, પણ તેમ ન કરવાની ખાસ સાવધાનતા રાખવી.

જમનારાએ આનંદ વાર્તા કરતા તથા પ્રસંગે સુંદર ભાવના શ્લોકો બોલતાં જમવું. શ્લોકો બોલવામાં પણ કેટલીક વખત ઘણી ગરબડ થાય છે. કેટલાક ઇષ્ટની ઉત્તમ સ્તુતિનો શ્લોક બોલવાની સાથે અનુચિત હાસ્ય કરાવવાની પ્રવૃત્તિ કરતા હોય છે. તેવું ન કરવું. પ્રસંગોપાત્ત સહજ વિનોદ પ્રકટે તે માટે એવા આનંદજનક શ્લોક જ બોલવા. પરંતુ ગમે તેવા ઉત્તમ અર્થવાળા શ્લોકને વિકૃત સ્વરમાં ગાઇને અથવા એવી જ કોઇ અઘટિત પદ્ધતિથી અન્યને હાસ્ય ઉપજાવવા પ્રયત્ન કરવો નહિ. અવશ્ય, ભોજનવખતે આનંદની જરૂર છે. અને નિર્દોષ આનંદ વિનોદ કરવામાં

પ્રતિબંધ નથી, પરંતુ તે વિશેષ અનુચિત રૂપ ન લે એ ખાસ ધ્યાન રાખવું; તેમ આનંદ ઉપજાવવાના હેતુથી કોઇની મનુષ્યની અંગત ટીકા કે કોઇને ક્ષોભ થાય એવી ગમત તો ન જ કરવી.

જમતી વખતે જરૂરઉપરાંત જમવાની ભૂલ આવા વખતમાં થઇ જવાના ઘણા સંભવો હોય છે, તેથી તેવી ભૂલ ન થાય તે માટે સાવધાનતા રાખવી. જરૂરઉપરાંત જમવાથી જમેલું બધું અન્ન તમોગુણની વૃદ્ધિ કરનાર થાય છે, તેમ જ શરીરમાં જડતા, નિદ્રા કે તંદ્રાને પ્રકટાવે છે, અને સમારંભજેવા સાધનના દિવસોમાં દિવાનિદ્રા—બપોરની નિદ્રા સવિશેષપણે નિષિદ્ધ મનાએલી હોવાથી જમ્યા પછી પેટ ડબ થઇ જાય અને ઘડીભર પડી રહ્યા પછી જ શરીરને ચેન પડે, એવી રીતે ન જમવું. જમ્યા પછી શરીરમાં પૂર્ણ સ્વસ્થતા સ્ફુર્તિ અને તૃપ્તિ રહે તેટલું જમવું.

જમતી વખતે સ્નેહને અંગે એક બીજાને ભોજનના પદાર્થો મૂકાવવાની વૃત્તિ થાય આગ્રહ કરવાની વૃત્તિ થાય એ સ્વાભાવિક છે, પરંતુ તે કરવામાં કદાપિ મર્યાદા મૂકાવી ન જોઇએ. આ કંઇ ન્યાત નથી જમતી કે જેમાં જમીને પછી નિરાંતે ઉંઘ્યા કરવાનું કે પડ્યા રહેવાનું હોય. પ્રત્યેક સાધકે આ ભોજન પ્રસાદરૂપ છે એમ સમજીને તે ભાનપૂર્વક જમવું અને તેને યોગ્ય આગ્રહ વગેરે કરવો.

જમી રહ્યા પછી કેટલાક મનુષ્યો જમતા હોય છે તોપણ બીજા હાથ ધોઈ નાંખવાની તાલાવેલી કરે છે, પરંતુ તે યોગ્ય નથી. દૂર બેઠેલી બીજી જ્ઞાતિની પંક્તિ પણ જમી ન રહી હોય તો તે પૂર્વે પણ હાથ ન ધોવા.

વ્યવસ્થાપકે બધે ફરી વળી જોવું કે બધા જમી રહેવા આવ્યા છે કે કેમ, અને જમી રહેવા આવ્યા હોય એવું

જણાય કે છેવટે નીચેનો શ્લોક બધાએ બોલવો અને તે થઇ રહ્યા પછી જ હાથ ધોવા.

હરિગીત.

આ અન્નથી પ્રભુ પુષ્ટિ આપી, સત્ત્વગુણને પોષજો,
તનમનવિષે બલ સબલ સાધન સાધવા ઉપજાવજો;
જેમ તૃપ્તિ પામ્યા અન્નથી, તેમ નિત્ય તૃપ્તિ સ્વરૂપની,
પ્રકટાવવા પ્રભુ ! પ્રેરજો, મહતી કરુણા આપની.

જે સ્થળે જમવા બેસવાનુ થયુ હોય ત્યાં કોઈ કારણસર હાથ ધોવાનુ અનુકૂળ ન હોય તો વ્યવસ્થાપકે બધાને પતરાળામાં હાથ ન ધોવાનુ સૂચવી દેવુ.

જમવામાં હદઉપરાંત વિલંબ કરવો નહિ. જમી પરવારીને પોતપોતાને સ્થાને ચાલ્યા જવું. પરતુ જેમણે પીરસ્યું હોય તેમને અથવા બીજા કોઇ બાકી રહ્યા હોય તેમને પીરસવાને માટે જમેલા બ્રાહ્મણવર્ગમાંથી જરૂર પૂરતા મનુષ્યોએ તૈયાર થવુ વિચાર કરીને કોઇના કહ્યા વિના જ ત્યાં એ નિમિત્તે ઉભા રહેવું. તેમ જ વ્યવસ્થાપક જેને કહે તેમણે પણ તે કાર્યમાટે અવશ્ય ઉભા રહેવું.

જમતી વખતે અથવા જે વખતે વ્યવસ્થાપક અનુમતિપત્ર જોવા માગે ત્યારે બતાવવાં. બીજી પંક્તિ પણ જેમ બને તેમ જલદી પાડી દેવી, અને વિલંબ કર્યા વિના ભોજનકાર્યથી નિવૃત્ત થઇ જવું.

ભોજનપછીનો સમય.

ભોજનપછી એક કલાક જેટલો સમય નિવૃત્તિને માટેનો સમજવો. પરતુ તે સમયે બનતા સુધી નિદ્રા ન લેવી, આરામથી પડયા રહેવામાં વાંધો નથી. અથવા પરસ્પર આનંદવાર્તા કરવામાં પણ હરકત નથી. આ સમયે નિદ્રા કે આળસ ન જણાય અને વિશેષ લાભ પ્રકટે તે માટે તે સમયનો

સારામાં સારો ઉપયોગ એ છે કે જુદા જુદા ગામના શ્રેયસ્સાધક બંધુઓને મળવું, તેમની સાથે પરિચય કરવો, વિવિધ પ્રકારની ઉપયોગી વાતો કરવી, અને એ રીતે સ્નેહસમ્બંધ વધારવો. બનતા સુધી દરેક સાધકે જુદા જુદા ગામના શ્રેયસ્સાધકોનું સામાન્ય ઓળખાણ કરી રાખવું તેમ જ કોઇ ગામના સાધકો પોતાના વર્ગનિમિત્ત કંઈ પ્રવૃત્તિ કરે છે કે કેમ અને કરે છે તો કેવા પ્રકારની, તેઓ પોતાનો સમય કેવી રીતે ગાળે છે, કંઈ વિશેષપણે વાચનનો અભ્યાસ રાખે છે કે કેમ અને રાખતા હોય તો તે જાણીને તેમાંથી કંઇ જાણવા યોગ્ય હોય તો પૂછવું—આવા પ્રકારના વિવિધ ઉપયોગી વિષયની ચર્ચા કરવી.

ત્યારપછીનો સમય.

લગભગ કલાકેક આ રીતે નિવૃત્તિમાં ગયા પછી જો કોઇ ખાસ કાર્યક્રમ સુચવવામાં આવ્યો હોય તો તેમાં સૂચનાપ્રમાણે ભાગ લેવા જવું. તેમ ન હોય તો પોતાના સાધનક્રમસંબંધી અથવા એવી જ કોઇ શંકા હોય તો તે પૂછવા માટે ગુરુઆશ્રમમાં જઇ અનુકૂલતાપ્રમાણે પૂછી લેવું. તેમ ન હોય તો પછી કોઇ પણ સદ્ગ્રથનું પઠન કરવા માંડવું, અથવા ઇષ્ટની સમીપ જઇને કંઇ પ્રસંગ ચાલતો હોય તો તે શ્રવણ કરવો, અથવા કંઇ શંકા હોય તો તે પૂછવી, અથવા ચર્ચા ચાલતી હોય તો તેમાં વિવેકપૂર્વક ભાગ લેવો. કેટલાક આ બખતે પણ અસાવધસરખા થઇને કેમ બોલવું અને કેવી ચર્ચામાં વિવેકમર્યાદાપૂર્વક ભાગ લેવો તેનો વિચાર ન કરતાં શાંતિ અને વ્યવસ્થાનો ભંગ થાય એવું કરે છે. તે ન થવા પામે તેને માટે ખાસ લક્ષ રાખવો. અને ચર્ચામાં કોઇના ઉપર આક્ષેપ થવા જેવું કે કોઇનું દિલ દુખાવા જેવું ન થાય એ બાબતમાં પણ સાવધાનતા રાખવી.

ચર્ચા અથવા એવી જ જાતના કોઈ પ્રસંગનિમિત્ત સર્વના સંમેલનનો પ્રસંગ ન હોય તો સ્વતંત્રપણે વાંચવાને માટે અથવા બે પાંચ સ્નેહીઓ સાથે મળીને વાંચવા વિચારવા માટે ખુલ્લામાં કોઇ વૃક્ષ નીચે જઇને કંઇ પાથરીને બેસવું, અને ત્યાં આનન્દચર્ચા કરવાં. બનતા સુધી ખુલ્લા સ્થાનમાં દિવસનો નિવૃત્તિનો બધો સમય ગાળવામાં આવે તો તે વધારે ઉત્તમ છે. એથી પ્રસન્નતા પણ વિશેષ પ્રકટે છે.

વિહારસમય.

જરા તડકો નમતો થાય એટલે પછી સાયંસ્નાનમાટે વસ્ત્રો લઇને કા તો નદીતટઉપર જવુ અથવા એવા જ બીજા કોઇ રમણીય સ્થળે જઇને બેસવુ. જ્યાં નૈસર્ગિક શોભા દૃષ્ટિએ પડતી હોય તેવા સ્થળે જઇને બેસવું. કાંઇ વાંચવું અથવા સ્વતંત્રપણે કંઇ સદ્વસ્તુનુ ચિંતન કરવું, અને એ રીતે ઉચ્ચ પ્રકારના સદ્વિચારનો મનવડે આનન્દ લેવો. જો કંઇ રમત ગમતનું સાધન રાખવામાં આવ્યુ હોય તો તેમાં ઇચ્છાનુસાર ભાગ લેવો, કોઇ પ્રકારનો વ્યાયામ કરવાની વૃત્તિ થાય તો તે કરવો.

કોઇ સ્થાનઉપર એકલા જઇને બેસીને કેવળ પ્રશાંતિનો અનુભવ કરવામાં પણ બહુ આનંદ પ્રકટે છે, અને એ પ્રકારની ક્રિયા ચિત્તવૃત્તિને નિર્મલ કરનાર અને ઉત્તમ જાતિનું પોષણ આપનાર છે, નદીના તટમાં પડયા પડયા આકાશનું જ માત્ર અવલોકન કરવું અથવા નદીતટના વિશાળ પ્રદેશનું જ માત્ર અવલોકન કર્યા કરવું અથવા કોઇ દિશાપ્રતિ દૃષ્ટિ સ્થાપીને તેની વિશાળતાનું જ કેવળ નીરીક્ષણ કર્યા કરવું—આ સર્વ અંતઃકરણઉપર ઉત્તમ સંસ્કાર પાડનાર છે. તેથી તેવી સત્પ્રવૃત્તિમાં યથેચ્છ વિહાર કરવો.

સાયંસ્નાન.

બનતા સુધી પ્રત્યેકે સાયંસ્નાન કરવું. સ્નાનથી શરીરમાં સ્ફુર્તિ આવે છે અને સંયમાદિક ક્રિયામાં વધારે સ્વસ્થતા જણાય છે. સ્નાન કરીને પછી નદીમાં સાયંસધ્યાના અર્ધ્ય તો જળમાં રહીને જ આપી દેવા **सायं संध्या बहिः कुर्यात्** સાયં સંધ્યા ઘરમાં ન કરતાં બહાર ખુલ્લા પ્રદેશમાં નદીતટ-સરખા સ્થળે જઈને કરવાનું શાસ્ત્રમાં વિધાન છે. પૂર્વના પુરુષોએ આ પ્રકારનો નિયમ સ્થાપવામાં શરીરનો વ્યાયામ અને તેવડે ઉપજતા શારીરિક લાભ, સુદર વિશાળ પ્રદેશનું દર્શન અને તે વડે ચિત્તમાં પડતા વિશાળતાના સંસ્કાર, નિ-ર્જન પ્રદેશની રમણીયતા, નૈસર્ગિકતા અને તેની સાથે અના-યાસપણે વૃત્તિવડે બધાતો સંબંધ, નિવૃત્તિમાર્ગપ્રતિ સહસા મનુષ્યનુ મન વળીને તેનો શાંત સુરમ્ય અને નીરવ અનુભવ કરવાની ઇચ્છા પ્રકટવી એ વગેરે સંબધમાં અનેક બાબતોનો વિચાર કરીને આ નિયમ સ્થાપ્યો જણાય છે. એવા સુંદર સ્થળની પ્રાપ્તિ થઇ હોય ત્યારે તો આ સર્વ પ્રકારનો લાભ લેવાનું કોણ બુદ્ધિમાન્ ચુકે ? કોઇ જ નહિ.

તેથી તેવા સ્થળમાં જઇને સાયં સંધ્યા કરીને પછી ન દીના પુલીન તટમાં બેસીને ઇષ્ટચિંતન કરવુ જો સમયની સૂચના કરવામાં આવી હોય તો તેટલો કાળ ઇષ્ટચિંતનમાં ગાળવો અને નહિ તો તે પછીના કાર્યક્રમમાં હરકત ન આવે એવી રીતે બને તેટલો વધારે સમય એ ક્રિયામાં ગાળવો. સા-યંકાળ એ સંધિસમય છે. અને સંધિકાળમાં કરેલી સત્ક્રિયા ઉગ્ર પુણ્ય ફળને અર્પનાર છે. તેમાં યથાવકાશ સમય ગાળીને પછી સ્વસ્થાને જવું. સ્વસ્થાને જતાં ગમે તેવી વાતો કરવી નહિ પણ સામાજિક કીર્તન કરતાં અથવા હરિૐની

ધૂન ગાતાં ગાતાં જવું. આ પ્રકારની ક્રિયા વૃત્તિમાં સાત્વિક પ્રસન્નતાને પ્રકટાવનાર છે.

વ્યાખ્યાનસમય.

સાયંસમયે જો વ્યાખ્યાનનો કાર્યક્રમ રાખ્યો હોય તો તે માટે નિર્ણય કરેલા સ્થળે યથાસમય એકત્ર થવુ. અને શાંતિથી લક્ષપૂર્વક વ્યાખ્યાન શ્રવણ કરવુ. સમારંભનિમિત્ત થતાં વ્યાખ્યાનો કંઇ વક્તૃત્વકલા દર્શાવવા કે અન્યઉપર પ્રતાપ પાડવા તથા માત્ર વિદ્વત્તાનુંજ અન્યને ભાન કરાવવા માટે થતાં નથી તેથી તેમાથી સારગ્રાહી દૃષ્ટિવડે જે કંઇ બોધ વા સદ્વિચાર દર્શાવ્યા હોય તેને હૃદયમા ધારણ કરવા અને તે વડે આપણી વૃત્તિને સત્પ્રયત્નમા ઉત્સાહવાળી તથા ભક્તિયુક્ત કરવી.

કીર્તન.

કીર્તન લગભગ પ્રત્યેક મનુષ્યને આનંદ આપનાર થઇ પડે છે. તેમાં વૃત્તિ સ્વભાવથી જ રસપૂર્વક જોડાઇને કંઇ ઉચ્ચ પ્રદેશમાં વિહાર કરતી થઇ રહે છે. આથી જે ભાવનું કીર્તન ગવાતું હોય તે ભાવ વૃત્તિમાં જાગ્રત્ કરી તેમાં તદ્રૂપતા પામતાં એ કીર્તનનું શ્રવણ કરવાથી કોઇ અપૂર્વ આનંદ પ્રકટે છે. **કીર્તનનું પુસ્તક પ્રત્યેક શ્રેયસ્સાધકે સ્વતંત્ર રાખવું.** એમાં જોઇને કીર્તનમાં રહેલા ભાવનો વિચાર કરતાં કીર્તન શ્રવણ કરવાનો લાભ લેવો. એ સવિશેષ આનંદ ઉપજાવે છે.

વ્યાખ્યાન તથા કીર્તન ઉભયના શ્રવણપ્રસંગે સાધકોએ વ્યવસ્થાસર બેસવું. જોનારને આપણે અસ્તવ્યસ્ત સ્થિતિમાં બેઠા છીએ એવું ભાન ન થવું જોઇએ.

કીર્ત્તનની સમાપ્તિ થતાં પછી કંઇ અવશિષ્ટ કાર્યક્રમ હોય

તો તે સાધનો અને સર્વથી પરવારીને છેવટ સામાજિક કીર્તન કરતાં પોતાને સ્થાને સર્વ સાધકોએ નિવૃત્ત થવું.

નિદ્રા.

પોતપોતાને સ્થાને આવીને પથારી સ્વચ્છપણે પાથરવી. જળ વગેરે લોટામાં ભરીને પાસે મૂકવુ. નિદ્રાના આરંભમાં પથારીમાં આસનવાળીને બેસવું. ત્રણ પ્રાણાયમ કરવા. (અભ્યાસવાળાએ વિશેષ કરવામાં હરકત નથી.) અને પછી ત્રણ મિનીટ નેત્ર મીચીને વૃત્તિને ઇષ્ટાભિમુખ કરી બનતા સુધી નિસંકલ્પ સ્થિતિમાં રહેવુ. આ પ્રકારે કરીને પછી ઇષ્ટસ્મરણ કરતાં નિદ્રાવશ થવું.

કોઇની નિદ્રામાં વિક્ષેપ થાય એવી ક્રિયા રાત્રે સુતી વખતે ન કરવા.

આ પ્રકારે આખા દિવસમાં સેવવાની પ્રવૃત્તિનું સ્વરૂપ સ્વલ્પમાં દર્શાવ્યું. હવે કેટલાક સામાન્ય છૂટક છૂટક આ જ પ્રવૃત્તિના સબધવાળા વિચારોનું કથન કરીએ.

સેવાવ્રત.

ઉપર જણાવ્યુ તે પ્રમાણે બને તેટલા ઉત્તમ પ્રકારથી વર્તન સેવવાનો શ્રેયરસાધકો પ્રયત્ન કરે તો તેઓ અવશ્ય અલ્પ સમયમાં પણ અધિક પુણ્યાંશને પ્રાપ્ત કરે. ઉપર જણાવેલી પદ્ધતિને અનુસરીને જેમણે જેટલા અંશમાં આ ઉત્સવનું પાલન કર્યું છે તેઓનું અંતર સાક્ષી પૂરશે કે તેટલા પ્રમાણમાં તેમના અંતઃકરણની સ્વભાવથી જ ઉચ્ચતા તેમણે અનુભવી છે. આવા પ્રકારથી સક્રિયા કરનાર વર્ગની અને તે પ્રકારની સેવા કરવી એ પણ અલ્પ સત્ફલને આપનાર નથી. અને તેથી તેવા સમૂહની કોઈ પણ રીતે

સેવા કરવાનું સેવાવ્રત સ્વીકારવું એ તે વ્રત સ્વીકારનારને આંતર લાભ કરે છે એટલું જ નહિ પરંતુ તે તેને ભૂષણ આપનાર થઇ પડે છે. આથી જે કંઇ બને તે સેવા કરવાનો પ્રત્યેક સાધકે બલવાન્ વેગ રાખવો જોઇએ. આવા સત્પ્રવૃત્તિ-પરાયણ પુરુષોની સેવા કરવી એ નાનમ નથી પણ સુભાગ્યના ચિહ્નરૂપ છે. જેઓ સર્વ રીતે ઉચ્ચ પ્રકારની પ્રવૃત્તિમાં જ રહે છે, તેઓનું આ સાત દિવસનું જીવન ઋષિજીવનરૂપ થઇ રહે છે, અને તેથી તેવા ઋષિપુરુષોની કોઇ પણ પ્રકારની વિશુદ્ધ ભાવપૂર્વક કરેલી સેવા અવશ્ય હિતકારક જ છે.

સંયમના પ્રતિબંધક હેતુઓ:

જેમ ચાળણીમાં ભરેલું જળ તત્કાળ જ પાછું નીકળી જાય છે, તેમ સંયમ અથવા જપ કરીને મેળવેલુ બળ, જો બીજી, ઉપરથી સામાન્યસરખી જણાતી ક્રિયામાં પણ અસાવધતા રહે છે તો તે પાછું વ્યર્થ થઇ જાય છે. તેથી નવીન બળને પ્રકટાવવાને માટે સયમાદિ સત્ક્રિયા કરવાની જેટલી અગત્ય છે, તેટલી જ પ્રાણબળનો વ્યર્થ ક્ષય ન થઇ જાય તેને માટે સંભાળ રાખવાની અગત્ય છે. સ્વલ્પમાં વિચારતાં સંયમની પ્રતિબંધક હેતુઓ આ પ્રકારે છે:

સ્થૂળ હેતુઓ:

આહાર—ગમે તેવો રાજસ્ તામસ્ આહાર કરવો, અને ગમે તેટલા પ્રમાણમાં કરવો એ સંયમમાં સ્થિર થતી વૃત્તિને પણ બળાત્કારથી અસ્થિર કરે છે તો જેની સ્વભાવથી જ અસ્થિરસરખી હોય તેવાને તો તે અત્યંત વિરોધીરૂપે થઇ પડે એમાં શું આશ્ચર્ય ! તેથી આહાર જોઇએ તેથી અધિક પ્રમાણમાં ન કરવો. અને બનતા સુધી સાત્વિક પદાર્થ આ-

હારમાં ગ્રહણ કરવો. યથાશક્તિ ઉપવાસ અથવા ફલાહાર બહુ લાભકારક છે.

નિદ્રા—જોઇએ તે કરતાં ઓછી લેવાથી શરીર, મગજ અને મનને હાનિ થાય છે, તેમ જરૂરકરતાં વધારે લેવાથી પણ હાનિ થાય છે. નિષ્પ્રયોજન નિદ્રા પ્રમાદ તથા જડતાને વધારી સત્વનું શોષણ કરે છે. પ્રમાણથી વધારાની નિદ્રા શુદ્ધ નિદ્રારૂપે નથી રહેતી પણ તે કંઇ સ્વપ્નાદિક પ્રકટાવી ઉલટી પ્રકૃતિમાં ક્ષોભ પ્રકટાવી મૂકે છે, અને એ તો ખરૂં જ છે કે નિદ્રાનો જય કરતા જવાનું છે. માત્ર આ જય સહજમાં થતો નથી, તેથી તત્કાળ તેને સામટો જય કરવા ન વિચારવું, પણ ક્રમવડે કરવો. દિવસની નિદ્રા અનેક પ્રકારે નિષિદ્ધ છે.

શરીરના નિષ્પ્રયોજન વ્યાપાર—એ પણ સંયમના જામતા જતા બળને તોડી પડનાર છે.

નેત્ર—નેત્રેન્દ્રિયને ગમે તેમ પ્રવર્તાવ્યા કરવી, એ સંયમબળનો ક્ષય કરનારૂં મોટામાં મોટું કારણ છે. તેથી તેને અવિહિત વ્યાપારમાં ન જોડવી. થોડા થોડા સમયને અંતરે થોડો કાળ નેત્રને બંધ રાખવાથી એ ઇન્દ્રિયવડે થતા બળના ક્ષયમાં ઘણો ઘટાડો થાય છે, તેમ જ અર્ધોન્મીલિત નેત્રો રાખવાથી, નેત્રને બહારના પ્રદેશમાં અમુક ભાગ સુધી જ ફેરવવાથી, બળનું રક્ષણ થાય છે.

વાણી—એ પણ સંયમના બળનો બહુ જ ક્ષય કરે છે. આખો વખત બોલ બોલ કરવાથી અંતરના જામેલા બળનો નાશ થતો રહે છે. તેમાં પણ અત્યંત વ્યગ્રતાવાળી, ક્રોધ, દ્વેષ, ઇર્ષ્યા, વગેરે ક્લિષ્ટ ભાવથી ઓતપ્રોત થયેલી વાણી સંયમબળનો એકાએક ક્ષય કરે છે. પૂર્વના ઋષિમુનિઓના એ સંબંધમાં અનેક દૃષ્ટાંત શાસ્ત્રમાંથી મળી આવે એમ છે.

સંગતિ—ગમે તેવા હલકા મનુષ્યની સંગતિ પણ સંયમનો એક પ્રતિબંધક હેતુ છે. તેથી વિરુદ્ધ સ્ત્રીજાતિની સંગતિ, ગુરુશાસ્ત્ર તથા સત્પુરુષના વિરોધી પુરુષની સંગતિ અને આપણી વૃત્તિઓને વિષયાભિમુખ કરનાર મનુષ્યની સંગતિ બહુ હાનિ કરનાર છે. માટે તેવા વિરોધી મનુષ્યથી નિરંતર બચીને ચાલવુ.

તે જ પ્રમાણે હલકી પ્રતિના ગ્રંથોનું વાચન, ભ્રષ્ટ સ્થાનોમાં વિહાર, ચિત્તમાં વિવિધ પ્રકારના વિકારને ઉત્પન્ન કરનાર ચિત્રાદિકનુ દર્શન. હલકા પ્રકારના વિષયની વ્યગ્યમાં લક્ષણા કરાવતી હોય તેવી અનુચિત વાતચીત, એ વગેરે પણ સંયમમાં હાનિ કરનાર હેતુઓ છે.

સૂક્ષ્મ હેતુઓ:

વિચાર—આપણા અંતરના અનેક પ્રકારના વિઘાતક વિચારો સયમના બળને શોષી લેનાર મુખ્ય સાધન છે. ક્રોધના, દ્વેષના, નિંદાના, મોહના, ગુરુપ્રતિ કોઇ પણ અંશમાં અભાવ અને અશ્રદ્ધા ઉત્પન્ન કરનારા, સત્શાસ્ત્રપ્રતિ વિરોધબુદ્ધિ ઉપજાવનારા, કોઇની ટીકાના, અને સ્વરૂપમાં ચિત્તની સમસ્થિતિને ચલિત કરી તેમાં વ્યગ્રતા પ્રકટાવનાર સર્વ વિચારો સંયમમાં અત્યંત પ્રતિબધ ઉપજાવનારા છે. તેથી તેનાથી સર્વદા સાવધાનપૂર્વક અળગા રહેવું.

સંકલ્પો—અંતઃકરણમાં વારંવાર અનેક પ્રકારના નિષ્પ્રયોજનસરખા સંકલ્પો ઉઠ્યા કરે છે તે પણ સંયમના બળને તોડે છે. તેથી તેવા સંકલ્પો કરતાં અટકવાની જરૂર છે.

વાસના—અનેક પ્રકારની વાસનાઓ પણ સંયમનું બળ ત્રોડે છે. તેથી તેવી અનુચિત વાસનાઓને દબાવતા રહેવાનો પ્રયત્ન અવશ્ય કરતા રહેવો.

કલ્પના—હલકા પ્રકારની કલ્પનાઓ પણ સંયમના બળને ક્ષીણ કરે છે. તેથી તેવી કલ્પનાને સેવતા મનને તેમાંથી અટકાવી ઉચ્ચ કલ્પનામાં જ વાળવું.

વિકાર—ભય, શોક, શંકા વગેરે વિકારો પણ હાનિ કરનાર જાણવા.

સંયમના પોષક હેતુઓઃ

ઉપર જણાવેલાં સંયમના પ્રતિબંધક કારણોથી જે વિરુદ્ધ પ્રકારનાં કારણો તે બધાં સંયમના પોષક કારણો જાણવાં. સ્વલ્પમાં તેનું દિગ્દર્શન કરીએ.

કર્તવ્યચર્ચા—આપણા ઉદ્દેશને સિદ્ધ કરનાર સારને પ્રકટાવનારી સાત્ત્વિક ભાવવાળી ચર્ચા સંયમની પોષક છે. તેનાથી આપણને આપણી સંયમાદિક ક્રિયામા બહુ સહાય મળે છે.

ગુરુસેવા—સ્થુલ અથવા સૂક્ષ્મ કોઇ પણ પ્રકારની ગુરુસેવા સંયમબળને અનાયાસ વધારનારી છે. ગુરુપ્રતિ અભિમુખતા, ગુરુગુણસ્મરણ, ગુરુની પ્રતિમાનું દર્શન, ગુરુનો સહવાસ, ગુરુની પ્રસન્નતા ઉપજાવનારી ક્રિયા, ગુરુની આજ્ઞાનું પાલન. ગુરુના ગ્રંથોનુ પરિશીલન, ગુરુના વાતાવરણમાં રહેવુ. આ સર્વ વિશુદ્ધ શ્રદ્ધાભક્તિપુર્વક, નિઃસ્વાર્થબુદ્ધિથી અને કેવળ ગુરુની પ્રસન્નતા પામવાના જ હેતુથી કરવામાં આવતી પ્રવૃત્તિ સંયમક્રિયાની સમર્થ પોષક જાણવી.

સ્થળ—ગુરુઆશ્રમ, નિરુપાધિક નદીતટ, એકાંત પ્રદેશ, તીર્થાદિક સ્થાનોનો એકાંતિક ભાગ, નિરુપાધિક શિવાલય અથવા એવું પુણ્યસ્થલ, પર્વતઉપર કોઈ પ્રશાંત સ્થળ, આપણા ગૃહમાં પણ પૂજાનું અધિક ઉપાધિવિનાનુ શાંત અને રમ્ય સ્થળઃ આ વગેરે પ્રકારનાં સ્થાન સંયમના સહાયક સ્થાનરૂપે છે. તેથી તેવાં સ્થળમાં અમથા શાંત વૃત્તિથી બેસી રહેવામાં પણ લાભ છે.

વાચન—સદ્ગ્રંથનું વાચન, આપણા કર્તવ્યમાં પ્રોત્સાહન મળે તેવું વાચન, વિચારને જે ઉચ્ચ પ્રદેશમાં દોરી જાય, કોઈ ઉત્તમ સ્થિતિનું ચિત્ર આપણી દષ્ટિવૃત્તિસંમુખ ખડું કરે આપણને નિંદ્ય વિચારવ્યવહારપ્રતિ તિરસ્કાર પ્રકટાવે તેવું વાચન હિતકર જાણવું. પૂર્વના સમર્થ મહાપુરુષોનાં ચરિત્રો, પૂર્વના સાધકદશાનો અનુભવ કરતા અને તેમાંથી ઉચ્ચ સ્થિતિને પામેલા પુરુષોનાં ચરિત્રનું વાચન પણ લાભકારક છે.

નિર્મલ બૃહદ્ભાવને ઉપજાવનાર આકાશજેવા વિશાળ પ્રદેશનું દર્શન, રાત્રિએ તારામંડલ વગેરેથી પ્રકાશિત સુન્દર આકાશનું નિરીક્ષણ જ્યાં લેશ પણ પ્રકાશનો સંચાર ન હોય એવા અત્યંત અંધારામાં ખુલ્લા નેત્રથી સ્થિર વૃત્તિથી સહજ સ્વભાવથી શાંતપણે બેસી રહેવુ, કોઈ એક કેન્દ્રસ્થાન નક્કી કરી ત્યાં દૃષ્ટિને સ્થાપીને શાંત વૃતિથી બેસી રહેવુ એ વગેરે પણ સંયમના પોષક હેતુઓ છે.

સૂક્ષ્મ હેતુઓ.

વિચારોનો નિગ્રહ, ઇન્દ્રિયદમન, તત્વભાવના, આપણા મનવડે અવકાશ (ખલી જગામાં) મા આપણા ઇષ્ટમંત્રને માનસિક રીતે લખવો અને તે લખેલા વર્ણોને જોવા અત્યત વિસ્તારવાળા સમુદ્રનું કાલ્પનિક દર્શન કરી તેને જોયા, કરવું, મનની નિરુદ્ધ–નિઃસંકલ્પ અવસ્થાઃ આ સર્વ સમયના પોષકહેતુઓ છે.

આનંદ, તૃપ્તિ અતૃષ્ણા, દાનવૃત્ત, ત્યાગબુદ્ધિ, ઉત્સાહ, ધૈર્ય, શ્રદ્ધા, આગ્રહ, સર્વાત્મભાવ, નિશ્ચયબળ, (તેના ઉપયોગ-પૂર્વક) શુભાશા, એ વગેરે લક્ષણો પણ સંયમના અત્યંત પોષક છે.

સંયમના પોષક સદ્વિચારોનું સ્વરૂપ શ્રેયસ્સાધકોને સુવિદિત જ છે. તેમ આ લેખમાં પ્રસંગે પ્રસંગે તેનું નિદર્શન થયું છે, જેથી તેનો અત્ર વિસ્તાર નિષ્પ્રયોજન છે.

સાધકોની સ્વતંત્ર સત્પ્રવૃત્તિઃ

સમારંભને અંગે સાધકો કેટલીક સત્પ્રવૃત્તિઓ સ્વતંત્ર-પણે કરે તો તે વિશેષ લાભકારક, આનંદજનક અને અનુ-કૂલ છે. તે આ પ્રકારની:—

એક ગામના શ્રેયસ્સાધક મંડલે અન્ય એક બે ગામના શ્રેયસ્સાધક બંધુઓને કોઇ સ્થળે પોતાના તરફથી નિમંત્રણ કરવું બનતા સુધી વૃક્ષની ઘટાવાળી ખુલ્લી જગા આને માટે પસંદ કરવી. ત્યાં કીર્તનનું અનુકૂળ પડે તો આમંત્રણ કરનાર મંડળમાંથી કોઇએ ગાવાં, અથવા આમંત્રિત મંડળ-માંથી કોઈને ગાવા વિનવવું. અથવા સગાતા મંડળમાંથી કો-ઇને એ પ્રસગે ગાવા આવવાને નિમંત્રણ કરવુ, અને તેમની પાસે ગવડાવવુ થોડા પ્રશ્નો નક્કી કરી તેની તે વખતે ચર્ચા કરવી, કોઇ સદ્ગ્રંથ વાંચવો, આદર્શચરિત સાધકોના જીવન-સંબંધી વિચાર કરવા, આપણા ઇષ્ટશ્રીના જીવનચરિતના પ્ર-સંગોની વાર્તા કરવી વગેરે, આવી રીતે કલાક દોઢ કલાક નાનાં નાનાં મડળના રૂપમાં કોઇ કોઈ જગાએ બેસીને આ-નંદ કરવો.

'પાદપૂર્તિ' રચવી અને તે તૈયાર કરવી.

અંત્યાક્ષરીમાં ચર્ચા કરવી. (અંત્યાક્ષરીનુ સ્વરૂપ આ પ્રકારનું છેઃ થોડા મનુષ્યોએ બે વિભાગમાં બેસી જવું અને પછી એક વિભાગમાંથી એક મનુષ્યે કોઈ કીર્તનની એક આખી કડી બોલવી, તે કડીનો જે અંત્યાક્ષર—છેલ્લો અક્ષર આવે તેનાથી શરુ થ-નારી કોઈ કવિતા સામા વિભાગમાંથી કોઇએ બોલવી. પણ તે અર્ધું ચરણ નહિ પણ આખી કડી, એટલે દોહરો સાખી-જેવું હોય તો બે લીંટીનો આખો દોહરો બોલાવો જોઇએ. તે બોલી રહે એટલે તેમના કાવ્યનો જે છેલ્લો અક્ષર આવ્યો હોય તેનાથી આરંભ કરીને કોઇ કડી પ્રથમના વિભાગવાળા

મનુષ્યમાંથી કોઇએ સ્મરણ હોય તે કડી બોલવી. આમાં એક પક્ષથી કડી બોલાઇ રહે કે તરત જ બીજા પક્ષમાંથી તેના અંત્યાક્ષરથી આરંભાતી કવિતા બોલાવી જોઈએ. જો તેમાં એકાદ મિનીટથી વધારે વખત જાય તો જે પક્ષે તે કડી બોલી હોય તેમાંથી પૂર્વની કડી બોલનારે જ પોતાની કડીનો જે છેલ્લો અક્ષર આવ્યો હોય કે જેનાથી શરુ કરીને સામા પક્ષે બોલવાનું છે, તે જ અક્ષરથી શરુ થતી કવિતા બોલવી. બનતા સુધી તેણે જ બોલવી, અને નહિ તો પછી તેના પક્ષમાંથી કોઇએ બોલવો. આ પ્રકારની 'અંત્યાક્ષરી' આનંદ આપનાર થઇ પડે છે.)

દાન.

આવા પુણ્યપ્રદ સત્કાર્યનિમિત્ત દાન કરવાનો પ્રસંગ આવવો એ પણ પુણ્યરૂપ છે. અને જેઓ આવા પ્રસંગનો દાન અર્પવામાં લાભ લે છે, તેઓ અવશ્ય સવિશેષ હિત સંપાદન કરે છે. શક્તિ હોય તેઓ એક, બે અથવા અધિક દિવસ ભોજન આપે છે. આ દાન બહુ ઉત્તમ પ્રકારનું છે. તે જ પ્રમાણે આ સમારંભમાં ભાગ લેનારને માળા, ગૌમુખી, આસન, પૂજાનાં પાત્રોમાંનું કોઇ પાત્ર, સંયમસમયે પહેરવા ઓઢવાનું કોઇ વસ્ત્ર કોઇ ગ્રંથ, એ વગેરેનુ દાન પણ બહુ ઉપયોગી હોવાથી હિતકારક જાણવું. જેમની ન્યૂન શક્તિ હોય તેમણે નિત્યના ભોજનનિમિત્તના કોઇ એક પદાર્થનું ઇચ્છાનુસારપ્રમાણમાં દાન કરવું; જેમકે ઘૃતદાન, ધાન્યદાન, પયદાન, શર્કરાદાન, અથવા એવા જ કોઇ ભોજનસામગ્રીમાં ઉપયોગી થતા પદાર્થનું અમુક પ્રમાણમાં દાન કરવું અથવા તે નિમિત્ત દ્રવ્ય આપવું. એ પણ ઉત્તમ પ્રકારનુ દાન જાણવું સભારંભમાં ભાગ લેનાર પ્રત્યેક મનુષ્યે બનતાસુધી યથાશક્તિ કંઈ પણ દાન કરવાનો નિશ્ચય રાખવો.

નિત્યની સયમની ક્રિયા કરીને તે સત્ક્રિયાના પરિણામે યત્કિંચિત દ્રવ્ય પણ દાનનિમિત્તે વ્યય કરવાનો સંકલ્પ કરવો. અને જેટલા દિવસ રહેવાનુ હોય તેટલા દિવસ તે પ્રમાણે દાન કરીને છેવટે તે ઉપર કંઈ પણ દક્ષિણાનું દ્રવ્ય કાઢવું. આનો ઇચ્છાનુસાર દાનમાર્ગ અને સ્થાનમાં ઉપયોગ કરવો. આ પ્રકારનું દાન સત્ક્રિયાનું પોષક છે.

જે સત્ક્રિયા નિત્ય કરવામાં આવે છે તેની વિશેષ ફલિભૂતના થવાને અર્થે અનુકૂલતાપ્રમાણે એક બે, પાંચ અથવા ઇચ્છાનુસાર સંખ્યામાં બ્રાહ્મણભોજન કરાવવાનો સંકલ્પ કરવો, અથવા તે નિમિત્તનું નિષ્ક્રય આપવું.

આ વગેરે અનેક પ્રકારના દાનના માર્ગ છે, જે વિચારવાન્ પુરુષની લક્ષબહાર હોવા સંભવતા નથી. પરંતુ કોઇ પણ રીતે કાંઇ પણ દાન કરવાનો નિશ્ચય તો આ પ્રકારની સત્ક્રિયા કરનાર પ્રત્યેક મનુષ્યે રાખવો.

આ દિવસોમાં કોઇથી સમારંભમાં ભાગ ન લઇ શકાય તો એવા તે ઘેર રહીને પણ શક્તિઅનુસાર દાન, ઇચ્છાનુસાર માર્ગે વાપરવાનો નિશ્ચય રાખવો. એ ક્રિયા પુણ્યને આકર્ષનારી છે.

સમારંભમાં ન આવી શકનાર માટે:

જેઓથી આ સમારંભમાં ભાગ ન લઇ શકાય તેમણે તે દિવસોમાં ઘેર પણ નિત્યકરતાં વિશેષ સંયમ, સદ્ગ્રંથવાચન કીર્તન, પૂજન આદિ કરવું. અને સમારંભની ઉન્નતિનિમિત્ત શુભ ભાવનાના સંકલ્પ કરવા. સમારંભમાં ન આવી શકવાનું કારણ પત્રદ્વારા સમારંભમાં કાં તો ઇષ્ટશ્રીને અથવા સમારંભના વ્યવસ્થાપકને લખી જણાવવું એ પ્રકારે સત્ક્રિયાના દિવસોમાં આપણું સ્મરણ થતું એ પણ અનેક પ્રકારના હિતનો કરનાર છે. સમારંભમાં ન આવી શકનારે તે નિમિત્ત પ્રકટ થયેલું

કીર્તન વગેરેનુ પુસ્તક મંગાવી તેનું પરિશીલન કરવું. તે દિવસોમાં સમારંભનું પવિત્ર ચિત્ર વૃત્તિવડે વારંવાર આલેખ્યા કરવું, અને એ રીતે સમારભસાથે માનસ સંબંધમાં અવશ્ય રહેવું.

કેટલીક સામાન્ય સૂચનાઓ.

પોતાના ગામમાં સાધનસમારભ કરવાની અનુકૂળતાવાળું સ્થળ છે કે કેમ તે જોવુ, અને કોઇ પ્રસંગે ત્યાં તે ઉત્સવ કરાવવાની વૃત્તિને પોષણ આપવુ તથા તેને માટે બનતી પહેલી તક સાધી લેવી.

સમારભના કાર્યમાં કોઇપણ રીતે ઉપયોગી થવાનું હોય તો થવું, તથા તેને માટે સમારભના વ્યવસ્થાપકને પણ સૂચના આપી રાખવી.

સાધનસમારભના સમયને અત્યત મૂલ્યવાન્ જાણી તેમાં બને તેટલો લાભ લઇ લેવાનું લક્ષમા રાખવું.

સંયમનું સ્થાન બનતા સુધી સાધકોએ જાતે શ્રમ કરીને બની શકે તેવું સર્વોત્તમ કરવાનો ઉત્સાહપૂર્વક આગ્રહ રાખવો અને તેમાં સહકારી (સર્વ સાથે મળીને) પ્રયત્ન કરવો.

સંયમનું સ્થાન કેવું કરવું:

સયમશાળાની જગા નક્કી કરી તે ખડબચડી હોય તો સ્વચ્છ કરાવીને ટીપાવીને એક સરખી કરવી. બનતા સુધી તેને લીંપાવી નાંખવી. તેની ચારે બાજુની મર્યાદા કપડાંના તોરણોથી અથવા બીજી કોઇ રીતે પ્રાપ્ત સાધનનો વિચાર કરી બાંધવી. આ સ્થાન જ્યાં વૃક્ષની ઘટા હોય એવું પસદ કરવું અથવા તાપ ન નડે તેને માટે આચ્છાદન કરવું.

કોઇ કોઇ જગાએ સંયમની ક્રિયાને અનુરૂપ ભાવવાળાં વાકયો સારા મોટા અક્ષરે લખીને શોભાયુક્ત જણાય એવી

રીતે ટાંગવાં. નાનાં નાનાં વૃક્ષનાં કુંડાં મળી શકે તો અંતરે અંતરે સુશોભિત રીતે ગોઠવવાં.

મધ્યના ભાગમાં રાંગોળીવડે કાંઇ યંત્ર અથવા શોભીતું ચિત્ર આલેખવું. ગુરુસ્થાન પૂર્વાભિમુખનુ પસંદ કરી તે સ્થળે ચોતરાજેવું બનાવી તેને વિવિધ પ્રકારે અલકૃત કરવું. ત્યાં કંઈ મંડપજેવુ કરીને છાયા કરવી. તે સ્થાનઆગળ બે મોટા ઘૃતના દીપ સ્થાપવા તથા ધૂપની વ્યવસ્થા કરવી.

કીર્તનસમયનું સાહિત્ય:

કીર્તનનાં પુસ્તકો, વાદ્યત્ર—(તાઉસ, તંબુરો, એકનારો, મંજીરા, ઢોલક, નરઘાં, કરતાલ, કાંસીજોડા, વગેરે)

કીર્તનસમયે સંગાતૃમંડળને જળ પીવું પડે તો તેને માટે જળનું એક મોટું પાત્ર ભરી રાખવું.

સંગાતૃમંડલને સૂચના.

કીર્તનના સમયપૂર્વે કીર્તન કરવાના સ્થાનઆગળ કીર્તનના અંગનું તમામ સાહિત્ય મૂકી દેવું. કીર્તનનું સ્થળ પથરાઇને તૈયાર ન હોય તો તે કરી દેવું ગાતી વખતે પ્રકાશની હરકત ન પડે તેવી રીતે દીવા ગોઠવવા.

ગાનારાએ ગાતી વખતે પોતાના કીર્તનમાં જ લક્ષ રાખવો, અને અંતરના ભાવપૂર્વક કીર્તન ગાવાં.

એક કીર્તન થઇ રહે એટલે તત્કાલ બીજું કીર્તન શરુ કરવું. વચ્ચે વિલંબ કરવાથી શ્રોતાઓનો રસભંગ થાય છે.

ગાતી વખતે કોઇ પ્રકારનો હાસ્યવિનોદ કે એવો જ કોઇ અનુચિત વ્યવહાર ન કરવો.

જેને જે કીર્તન ગાવાનું હોય તેનું તેણે પ્રથમથી બપોરના સમયે અવકાશ લઇ મનન કરી જવું. સાવધાનપણે, ભજનના સર્વ શબ્દો શ્રોતાને સ્પષ્ટપણે શ્રવણગોચર થાય એવી રીતે

મધુર સ્વરથી અને વૃત્તિને અર્થમાં રમાડીને ગાવું.

કીર્તન થઇ રહ્યે કીર્તનનું તમામ સાહિત્ય ત્યાંથી લઇને ઠેકાણે વ્યવસ્થાસર મૂકી દેવુ. તાઉસ નરઘાં વગેરે મેળવવાનું હોય તે બપોરે મેળવી રાખવુ, ગાતી વખતે તે મળેલું તૈયાર હોવુ જોઇએ.

કોઇ બંધુઓતરફથી પ્રસગે ગાવાનું નિમંત્રણ કરવામાં આવે તો તે સમયે કીર્તન ગાવામાં સંકોચ સેવવો નહિ.

સાધનસમારંભના કાર્યપ્રવર્તકોએ લક્ષમાં રાખવાના નિયમોઃ

સાધનસમારભના સ્થળનો નિર્ણય બે માસ પૂર્વથી કરી દેવો.

સ્થળ—મુખ્યત્વે કરીને નિરુપાધિક, જળાશયની અનુકૂળતાવાળુ, આવનારને પ્રવાસમા જ ઘણો સમય વીતાવવો ન પડે એવુ, બનતા સુધી રેલવે ટ્રેનવાળા ગામથી ઘણું દૂર ન હોય એવુ, જ્યા વૃક્ષોની સારી ઘટા હોય તેવુ, તથા દૃષ્ટિને રમણીય જણાય તેવુ પસદ કરવુ

નિવાસસ્થાન—ત્યાં રહેવાને માટે મકાન હોય તો સર્વોત્તમ, નહિ તો મંડપ બાંધવાની વ્યવસ્થા કરવી. એક વિશાળ મંડપ બાધવો, જેમાં સર્વ આવનાર મનુષ્યોનો સમાવેશ થઇ શકે. રહેવાના સ્થળે દીવા તથા પાણીની અનુકૂળતા રાખવી.

સંયમશાળા—એ સ્થળનો સર્વોત્તમ ભાગ સંયમશાળામાટે પસંદ કરવો. ત્યાં કોઇ પ્રકારનો કોલાહલ કે મનુષ્યની અત્યંત અવર જવર ન હોવી જોઇએ, પણ શાંતિનું ભાન થાય અને તાપ ન જણાય તેવું પસંદ કરવું. અને તેને બની શકે તેટલું સ્વચ્છ, વ્યવસ્થિત અને સુંદર કરવું. ત્યાં જમીનને સરખી કરાવવી, તત્કાળ ઉગી શકે એવુ કોઇ ધાન્ય વવડાવવું. અને લીલોતરીવાળું દેખાય તેવું કરવાનો બનતો પ્રયત્ન કરવો. ભોજનશાળા તેની પાસે ન આવે એ ખાસ લક્ષમાં રાખવુ.

ભોજનશાળા—બનતા સુધી બધા જ સાથે બેસી શકે એવું સ્થાન તેને માટે નક્કી કરવું. ત્યા કોઇ જાતની દુર્ગંધ કે મલિનતા ન હોય તે જોવું. ભિન્ન ભિન્ન જ્ઞાતિના મનુષ્યો ભિન્ન ભિન્ન સ્થળે સ્વતંત્રપણે બેસી શકે તેવી વ્યવસ્થા રાખવી, અને કઇ જ્ઞાતિવાળાએ કયાં બેસવું તે તેમણે પ્રથમથી સૂચવી દેવું.

ભોજનનો સમય બરોબર સાચવવો, નહિ તો તેથી પાછળના કાર્યક્રમમાં વિક્ષેપ થાય છે. ભોજનસમયે પીરસવાને માટે યોગ્ય મનુષ્યોને સૂચના આપી દેવી મનુષ્યો જમવાને આવે ત્યાર પછી જેમ બને તેમ તત્કાળ પંક્તિની વ્યવસ્થા કરી પીરસણ કહાડવાની સાવધાનતા રાખવી. અને ભોજન બધે બરાબર પીરસાય તે ઉપર લક્ષ રાખવુ. ભોજનશાળાઆગળ પીવાના પાણીની વ્યવસ્થા રાખવી.

સ્નાન કરવાને સ્થાને કપડા ધોવાને માટે અન્ય સાધન ન હોય તો પથરા મૂકાવવા.

વ્યાખ્યાનમંડપમાં દીવાની, બિછાયતની, ગુરુસ્થાનની, સંગાતામંડળમાટે ઉચ્ચ આસનની, વ્યાખ્યાન કરનાર માટે ટેબલની વ્યવસ્થા રાખવી.

સમારંભનુ સ્થળ જણાવવાને માટે તે સ્થળના મુખ્ય દ્વારઆગળ સમારંભનું નામ લખેલું પાટીયું ટાંગવુ.

રાત્રે સર્વ સુવા જાય તે વખતે બધે સ્થળે ફરી આવવુ અને કોઇને કંઇ જોઇતું કરતું પૂછી જોવું.

દાતણની વ્યવસ્થા રાખવી.

ભોજનમાટે અનાજ વગેરે સાહિત્ય, રાંધવાનાં વાસણો, પડીયા પતરાળાં, પાણી ભરવાનાં માટલાં, બિછાયતમાટે જાજમો વગેરે, ઘંટ (કાર્યક્રમનો સમય જણાવવા માટે), આરતી, દીવીઓ, મોટા દીવાઓ, ફાનસો. વગેરે પરચુરણ સાહિત્યને યથાસમય એકઠું કરી રાખવું.

श्रेयस्साधकोंप्रति वचनोः

પ્રિય બંધુઓ !

તમારામાંથી ઘણા તો અનેક સમારંભોમાં ભાગ લેતા આવ્યા છે. તેમને તો સમારભના કર્તવ્યસંબંધી ઘણું ખરૂં જ્ઞાન હોવું ઘટે છે. તેમ છતાં તે નિમિત્તનું સવિસ્તર સ્વરૂપ જણાવનાર કોઇ લેખ હોય તો સારૂં એવી અનેક સજ્જનો-એ વારંવાર ઇચ્છા દર્શાવી હતી. જેથી આ સમયે આ લઘુ લેખરૂપે તેને પ્રકટ કરવામાં આવ્યું છે. માત્ર ત્રણ દિવસમાં જ આ લેખ લખવો પડેલો હોવાથી વિશેષ વિસ્તાર થઇ શક્યો નથી, તેમ તેમાં દર્શાવેલા વિચારોને વિવિધ વિભાગ-માં ક્રમપૂર્વક ગોઠવી શકાયા નથી. ઇશ્વરેચ્છા તો અન્ય પ્ર-સંગે તેને વ્યવસ્થિત રૂપમાં મૂકી શોધિત વર્ધિત આવૃત્તિ પ્ર-કટ કરવાનો યોગ આવશે.

પ્રિય બંધુઓ ! સમારંભ એ તમારા હિતનુ એક મુખ્ય અંગ છે. તેમાંથી તમે જેવા પ્રકારનો લાભ લેવા ધારશો તે-વો લઇ શકશો. તેનો સર્વોત્તમ લાભ લેવો કે તેના લાભથી સર્વ રીતે રહિત રહેવું એનો આધાર તમારા ઉપર છે. સ-મારંભ એકલા શરીરનો, મનનો કે આત્માનો નથી, પણ એ બધાના સમગ્ર અંશનો ઉપયોગ કરવાથી તે સર્વોત્તમ પ્રકારે ફળ પ્રકટાવે છે.

પ્રથમસમારંભ નિમિત્તનું શુદ્ધ અભિમાન તમારા અંત-રમાં નિરંતર જાગ્રત્ હોવું જોઈએ. તેમાં ભાગ લઇને તેને સર્વોત્તમ પ્રકારે કરવાનો દૃઢ નિશ્ચય તમારી વૃત્તિમાં હોવો જોઇએ. તમારા પ્રધાન ઉદ્દેશને સિદ્ધ કરનાર આ પ્રવૃત્તિ હો-

વાથી તેમાં અનિવાર્ય આગ્રહ, શ્રદ્ધા અને પ્રીતિ હોવાની જરૂર છે. ' સમારંભ સારો થતો નથી ' એમ જો તમને વિચાર આવે તો જાણવું કે તેમાં દોષ આપણો પોતાનો જ છે. આપણે સત્ક્રિયાને આગ્રહથી ઉત્કૃષ્ટ પ્રકારે કરીએ છીએ તો સમારંભ સારો થાય છે અને નથી કરતા તો તે આપણે માટે સારો નથી થતો. તેનાં બાહ્ય સ્વરૂપનું જ કેવળ ચિંતન અને વૃત્તિવડે દર્શન કરવું નહિ. પણ તેનો મૂલ હેતુ વિચારી તેનો આંતર સ્વરૂપની સિદ્ધિ જોવામાં આપણે પોતે જ મુખ્ય કારણરૂપ છીએ એમ જાણવુ. તેથી સમારંભ ઉત્તમ નથી થતો એ બડબડાટ ન કરતાં તેને કેવી રીતે ઉત્તમ કરવો તે વિચારવું, અને તે પ્રમાણે આચાર કરવાનો આપણે પોતે જ પ્રથમ આરંભ કરી દેવો.

સાધનસમારંભમાં આવવાને માટે પૂર્વથી એટલે ઘેરથી જ તૈયાર કરવી. સમારંભમાં સર્વોત્તમ પ્રકારની પ્રવૃત્તિ કરવાના દૃઢ નિશ્ચયો સેવવા, એનાથી થતા લાભો વિચારવા, અને તે સાધવાનો સુયોગ પ્રાપ્ત થનાર છે એ વિચારથી વૃત્તિમાં પ્રસન્નતા સેવવી, કેવી રીતે ત્યાં જઇને સર્વોત્તમ લાભ સંપાદન કરવો, તેના તમારા મનથી સારી રીતે વિચાર કરીને યોગ્ય નિર્ણયો કરવા અને તે પ્રમાણે સમારંભમાં આવીને પ્રવૃત્તિ કરવી.

સમારંભમાં કેવી રીતે આવવું ? ભિખારીપણે નહિ, પણ અધ્યાત્મધનને ગ્રહણ કરવાના ઉત્સાહભર્યા નિશ્ચયપૂર્વક. એ વસ્તુની પ્રાપ્તિમાટે જ અહિં આવ્યા છીએ એ ભાન રાખી કંગાલપણું ન ધરતાં, પ્રસન્ન મુખમુદ્રાને અખંડ ધારણ કરી રાખવી.

સમારંભમાં શિથિલતાથી ચાલવાની શી જરૂર ? લૌકિકમાં જે વસ્તુ આપણે જોઇએ છે, તે વસ્તુ ત્યાંથી આપણને મળવાની હોય છે ત્યાં જતાં જેમ આપણે આનંદપૂર્વક અને વેગસહિત જઈએ છીએ, તેમ સમારંભમાં આવીને આપણા પ્રાપ્તવ્યને સિદ્ધ કરવાને આપણે આવ્યા છીએ એ વિચારથી દીનતા, દુર્બલતા, ઢીલાપણું એ વગેરે ટાળીને મસ્તપણે અને પરમાનંદપૂર્વક ફરવું. ત્યાં કશા જ સંકોચનું કારણ નથી. અવશ્ય, ત્યાં કોઇ પ્રકારની ઉન્મત્તતા કરવાની નથી, પરંતુ અંતરથી મસ્ત બનીને અત્યંત મુક્તત્વના અનુભવપૂર્વક પ્રતાપ પડે તેવી રીતે ફરવામાં કશો જ વાંધો નથી.

અધ્યાત્મધનની પ્રાપ્તિઅર્થે આપણા જેવો પ્રયત્ન કરનાર પૂર્વના ઋષિમુનિઓ શું જ્યાં ત્યાં માઈકાંગલાપણું રાખીને વિચરતા હતા કે ? અવશ્ય નહિ. જયાં જાય ત્યા કંઇ ગુપ્ત પ્રતાપને પાડે એવી રીતે જ તેમાં વિચરતા. જીવન્મુક્તિનો જ અનુભવ કરીએ છીએ એમ દૃઢ ભાન સેવીને અખંડ આનંદ અને મલકાતા મુખે ફરો. ઉંચામાં ઉચું જે પ્રાપ્તવ્ય છે તેને સિદ્ધ કરવાને માટે આપણે એકઠા થયા છીએ, અને તે નિમિત્તની જ ક્રિયાઓ કરીએ છીએ, તેમાં પછી મુડદાલપણાની શી જરૂર ? બલપૂર્વક પણ અંતઃકરણ અને મુખપર પ્રસન્નતા છવાએલી રાખો. કોઇના દોષતરફ કે સ્ખલનતરફ દૃષ્ટિ પણ ફેંકવાની જરૂર નથી. સર્વોત્તમ કૃતિનું ચિત્ર નિરંતર તમારી દૃષ્ટિઆગળ રાખી તેને જ અનુસર્યા કરો. જે મનુષ્યો સમારંભમાં આવીને પોતાની ક્રિયાઆદિ યથાર્થપણે કરતા નથી, તેમને જ પ્રસન્નતાનો, અને મસ્તીનો અનુભવ થતો નથી. તમને પ્રસન્નતા અને મસ્તી ન પ્રકટતી જણાય તો તેમાં તમે ક્રિયા બરાબર નથી કરતા એમ જાણીને અત્યંત આગ્રહપૂર્વક સર્વોત્તમ પ્રકારે સત્ક્રિયા કરવી, અને પછી તેની ખુમારીમાં મસ્ત વિચરવું.

ઘેરનું ઘેર જ રાખજો. ઘરના ચિંતાજનક વિચારોને સાથે લાવવાની કંઇ જરૂર નથી. અનેક પ્રકારનાં સંસારવ્યવહારના ઉપાધિઓનાં કોકડાં સમારંભમાં બેઠે બેઠે ઉકેલશો નહિ, છો રહ્યાં ઘેર. એ તમને છોડતા નથી તો તમે એને છોડીને સમારંભમાં ચાલ્યા આવજો. સુરેશચરિત્રમાં તમે વાંચ્યું છે ? આકાશમ થી શંકરના ગણોનો શબ્દમાત્ર થતાં અઘોરીસાથેનાં પ્રેત જેમ ભડકા થઇ ગયાં હતા, તેમ સમારંભમાં બળવાન્ ક્રિયા કરતા ઘરની ઉપાધિની નિવૃત્તિનો એકાદ સંકલ્પ પણ કરશો, તો ઘરના ઉપાધિઓ એની મેળે જ બળપાઇ જશે. અને અઘોરીજેવા કોઇ બળવાન્ કારણો હશે તો જેમ શંકરનો સાક્ષાત્કાર થતાં તેનો પણ નાશ થઇ ગયો હતો તેમ જેના અંતરમાં શંકરનું સ્વરૂપ વિશેષરૂપમાં અધિક અભિવ્યક્ત (સમારભમાં વિવિધ ? ત્ક્રિયા કરવાથી) થયુ છે એવા તમને જોતાં જ વિકટ ઉપાધિરૂપ અઘોરી પણ નાશ પામશે. સમારંભનો પૂર્ણ લાભ ન લેવડાવનાર ઘેરથી સાથે આણેલાં આ પ્રકારનાં વિવિધ ચિતનો જ છે. માટે તે છોડીને સમારભના દિવસોમાં તો કોઇ જુદી જ સૃષ્ટિમાં આવ્યા છીએ, તથા તે દિવ્ય સૃષ્ટિના આપણે સ્વામી છીએ એ ભાનપૂર્વક વૃત્તિને ઉચ્ચ પદઉપર સ્થાપેલી રાખજો.

કંગાલપણાનો દેખાવ આપશો નહિ. વસ્ત્રમાં તેમ તમારા સાહિત્યમાં કગાલપણાનું જોનારને ભાન થાય એવુ કશું જ રાખશો નહિ. કાંઈ હીરકોરી કોરનાં ધોતીયાં કે જરીના જામા પહેરવાનું તમને કોઇ કહેતું નથી, પરંતુ હાથે કરીને મેલાં ફાટેલાં વસ્ત્રો પહેરવાનું શું કારણ ? શું પરમેશ્વર તેથી વહેલા રાજી થાય છે ? એમ હોય તો આપણા દેશનાં ભિખારીઓનાં અહો ભાગ્ય ! તેવું કશું જ નથી. આપણને પહેરવાથી અને વાપરવાથી પ્રસન્નતા ઉપજે અને અન્યને જોવાથી પ્રસન્નતા

ઉપજે તેવાં સમય તથા આપણા મુખ્ય આશયને અનુરૂપ વસ્ત્રો પહેરજો. ફાટેલાં વસ્ત્રો ઘેર જ રહેવા દેજો. સ્વચ્છ અને સભ્ય દેખાય તેવાં વસ્ત્રો સાથે લાવજો અને પહેરજો. વસ્ત્ર એ પણ અન્યઉપર તેમ જ આપણા પોતાના મનઉપર બળવાન્ અસર કરનાર વસ્તુ છે, તેથી આપણને તેમ જ અન્યને સારી અસર થાય એવાં શુભ વસ્ત્ર ધારણ કરજો.

પૂજનનું સાહિત્ય ઉત્તમ પ્રકારનું રાખજો. ખાવા પીવામાં કે વ્યવહારમાં કંજુસાઇ કરવી હોય તે કરીને પણ આ સાહિત્યને ઉત્તમ કરજો. પૂજનવિધિ અને તેનું બહારનું દર્શન આપણી વૃત્તિઉપર તેમ જ અન્ય જોનારઉપર ઘણી જ વિલક્ષણ અસર કરે છે તેથી તેના વડે સર્વોત્તમ પ્રકારની અસર થાય તેવું કરવામાં સંકોચ ધરવાનું કારણ નથી, આથી બાહ્ય આડંબર કરવાનું ઉત્તેજન આપવામાં આવે છે એમ સમજવાનું નથી. સારી પાઘડી પહેરવી, સારો ખેસ નાંખવો, ગળામાં કંઠી અને હાથે કડું પહેરવું એ આડંબર નથી? જો એ વેશથી કોઇને તમે ઠગવાનું નથી કરતા તો અવશ્ય તે આડંબર નથી જ, પણ ઈશ્વરે આપેલા ઐશ્વર્યનું તે ધારણ કરવું છે, તેમ પૂજનાદિનું સર્વોત્તમ સાહિત્ય કોઇને ઠગવાને માટે નથી, અને તેથી ને લેશ પણ આડંબરરૂપ નથી. ઊલટું તમારા કંઠમાં કંઠી હોવાને બદલે પૂજનનું સાહિત્ય અથવા ઇષ્ટની પ્રતિમા સોનાના ફ્રેમમાં હોય તો તે તમારી ત્યાગવૃત્તિને સૂચવે છે. તમારી ઇષ્ટવિષયક પ્રીતિનું તે એક બાહ્ય ચિહ્ન છે. એને આડંબર શી રીતે કહેવાય?

પણ તેથી વૃત્તિ બાહ્ય પદાર્થોમાં જ રમ્યા કરવાની અને મૂળ કર્તવ્યપ્રતિ ઉપેક્ષા કરવાની એવું નહિ બને? આવો સંશય થાય છે? હા બનશે. તમે જીવનમાં એવી કોઇ જ ક્રિયા કરતા નથી કે જે તમને તમારા મૂલ કર્તવ્યથી વિમુખ

કરે અથવા તેના પ્રતિ ઉપેક્ષા કરાવે ? તેવું હોય તો પૂજન-
ની તાંબાની તરભાણીને પણ કૂવામાં નાંખી દેજો. વ્યવહારમાં
અનેક કાર્યો કરતી વખતે તમને આ શંકા નથી થતી, અને
થાય છે તો તેનું સમાધાન તમે તમારા મનથી ઉપજાવી લો
છો, તેમ આમાં પણ ઉપજાવી લેજો. મનના આ ખોટા બ-
હાનાને જરા પણ ગણકારશો નહિ.

ખરૂં જોતાં એથી જ કેવલ મૂળ કર્તવ્યપ્રતિ ઉપેક્ષા થાય
છે કે પૂજનના ઠાઠમાઠમાં જ ઘણો સમય જતો રહે છે, એવું
નથી. અને કંઇક સમય જાય તો પણ આરંભમાં આ બધા-
ની અગત્ય નથી એમ નથી. તમે સાદું ચંદન ઘસો એમાં
વખત જાય અને કેસરવાળું ઘસો એમાં વધારે વખત જાય ?
તમે ત્રાંબાની મેલી દાટજેવી તરભાણીમાં દેવને સ્નાન કરા-
વો કે અર્ધ્ય આપો અને રૂપાનાં સુંદર પાત્રમાં એ જ ક્રિયા
કરો તો શું તે બમણો કે ચાર ગણો વખત લઇ લે એમ લાગે
છે ? સમયનુ પણ મિથ્યા બહાનુ જ છે. સંયમના ચાર કલાક
શું તમે કેવળ સંયમની ક્રિયામાં જ ગાળો છો ? ઘણી વખતે
બને છે એટલુ મોડું સયમમા બેસવાનું થાય એવી કળા
કરો છો, વચ્ચે વચ્ચે ઉઠો છો, વળી વચ્ચે વચ્ચે કંઇ બી-
જું વાંચો પણ છો. આ બધો સમય નકામો નથી જતો ?
એમાં જ પૂજનને વિધિપૂર્વક કરો.

સુંદર ઘર, સુંદર કપડાં, સુંદર ઘરેણાંમાં આપણી પ્રીતિ
જણાઇ આવે છે તો તેનો બાધ કરવા તરફ લક્ષ વળતું નથી
અને પૂજનના સાહિત્યને લઇને અયોગ્ય મોહ ઉપજશે એ
શંકા તમને ગભરાવી મૂકે છે કેમ ? હરિ ! હરિ !

આ સંબંધી ઘણું જણાવવા જેવું છે, પણ અત્ર તેને
અવકાશ નથી સ્વલ્પમાં એ જ કે બનતી ત્વરાથી પૂજનનું
સર્વોત્તમ સાહિત્ય તૈયાર કરવા પ્રયત્ન કરવો. ઇષ્ટશ્રીની પ્રતિ-
મા તેમાં સર્વોત્તમ હોવી જોઇએ. તેમ જ બીજું સાહિત્ય પણ
બને તેટલુ ઉત્તમ રાખવું. ઉત્તમની છાપ ઉત્તમ જ પડે છે,

અને તેનો અનુભવ તમને પછી થશે. જ્યાં તમે પાંચ મિનીટ બેસતાં હાલ કંટાળો છો એ જ સ્થાનને સુંદર પ્રકારે અલંકૃત કરવાથી ત્યાં વધારે સમય બેસવાની તમને સહજ વૃત્તિ થશે. આથી ધૂપ, દીપ, નૈવેદ્ય આદિ સામગ્રીવડે ઈષ્ટનું ઉત્તમ પ્રકારે નિઃસંકોચપણે વિધિથી પૂજન કરવું. અને પૂજનનાં પાત્રો વગેરે સાહિત્ય પણ બને તેટલું ઉત્કૃષ્ટ પ્રકારનું અને રમણીય રાખવું.

લેશ પણ નીચા પડશો નહિ. વૃત્તિને અખંડ ઊર્ધ્વગામી રાખ્યા કરજો. જેમાં તેમાં દબાયેલી વૃત્તિ સેવવાનું કશું જ કારણ નથી. અને ઉદ્ધતાઇ કરવાની નથી એ તો સ્પષ્ટ જ છે. મનને ઉચી અને ઉંચી ભૂમિમાં જ રમાડયા કરજો. જરા નીચું પડવા આવે, કશા પણ વિકારથી જરા જ્યાં દબાવું જણાય કે તત્કાળ સાવધ થઇ દબાણને મનઉપરથી દૂર કરજો. હાથીના પંઝામાં સપડાયેલો મનુષ્ય હાથીને સ્વાધીન નથી કરી શકતો, પણ હાથીઉપર બેસીને તેને અંકુશ લગાવનાર જ હાથીને સ્વાધીન કરી શકે છે. મનથી દબાયા તોપછી તમે મનને કદી વશ કરી શકવાના નથી, માટે જરા પણ દબાશો નહિ. મનની સાથે તો સિંહજેવા થઇને જ વર્તજો. બકરી થવાથી જ તમારો જે તે કાન પકડશે. શું જેની તેની પાસે કાન પકડાવવાને માટે જ તમે સર્જાયા છો ?

સાધનસમારંભમાં સહુથી પ્રથમ ઇષ્ટશ્રીનો નીચેનો આદેશ ખાસ અખંડ લક્ષમાં રાખવાનો છે, તે એ કે

" સર્વથકી છે આયુષ્ કિંમતી, તે મિથ્યા કેમ ખોઇએ,
" પળપળનો પણ કાળ વીતે ત્યાં, શું હિત છે તે જોઇએરે."

સમારંભના સાત દિવસ તો જોતજોતામાં જતા રહે છે. તેથી તેમાં સમયને માટે અસાવધ રહેશો નહિ. પ્રત્યેક ક્ષણનો સર્વોત્તમ પ્રકારે ઉપયોગ કરજો. અહિં વ્યવહારનો કશો જ ઉપાધિ નથી, અને તેથી ચોવીસે કલાક તમે ધારશો તેવી રીતે તેનો તમે ઉપયોગ કરી શકશો, માટે નકામી પ્રવૃત્તિમાં

કાળ ન ગાળતાં ક્ષણે ક્ષણ ઉત્તમોત્તમ કાર્યમાં જ વીતાવજો.

સમારંભમાં સાધકોએ પરસ્પર શી રીતે વર્તવું અને શું કરવું તેનું સ્વરૂપ ઈષ્ટશ્રીના જ શબ્દોમાં આ પ્રકારે છે:

" સગી જનસંગે મળીએ તવ, ઉત્તમ વાતો કરીએ,
' ઈશ્વરભક્તિ કે નીતિવિનાની, વાત સર્વ પરહરીએ રે;
' આપણું હિત ને અન્યની ઇચ્છા, હોય તો વાણી વદીએ,
' સમુખ જન સંભળવા ન ઇચ્છે તો, વેણ ન વદીએ કદીએ રે;
' હરેક વાત કરીને અંતે સાર સર્વનો લેવો,
' સારરહિત કો વાત કરે તો, કાન કદીના દેવો રે; "

તે જ પ્રમાણે સમારંભમાં શું નિષિદ્ધ છે તે પણ ઈષ્ટશ્રીના શબ્દો જ કહે છે:

" અજ્ઞાનીના સંગમાં બેસી ન,–નિંદા કોની કરીએ,
" નિંદાઆદિ નીચ કર્મમાં, અધ ક્ષણ પણ ના ઠરીએ રે,"

આ ઉપદેશમાં વિધિ અને નિષેધ ઉભય કર્તવ્યનું એટલી તો ઉત્તમ રીતે સ્વરૂપ દર્શાવ્યું છે કે તેને માટે અન્ય વિશેષ જણાવવાની કશી જ અગત્ય નથી.

સાધનસમારંભના સાત દિવસ એ તપશ્ચરણકાલ છે. અને તેથી તેમાં બને તેટલા ઉગ્ર પ્રયત્નવડે તપશ્ચરણ સાધજો. મોજશોખ મારવાના અને શરીરને લાલન પાલન કરવાના બીજા ઘણાએ દિવસો છે. આ સાત દિવસોમાં તો શ્રીમાન્ વિશ્વવંદ્યના ઉદ્બોધપ્રમાણે

" આળસ છોડીને હવે કમરને બાંધી રે,
' બાંધીને સાધનધન ગાંસડી રે, શૂરા સંતો !
' બ્રહ્મપુરીની લીજે વાટડી.
' એડી મારીને વૃત્તિઘોડી વેગે ખેડજો રે,
' ઠરજો; જ્યાં ત્રિકુટીની ઘાટડી રે; શૂરા સંતો !

' સાધી દિશાને સીધી, ગુરુગમે હાલજો રે !
' લોભાશો ના, જોઇ સિદ્ધિના ટડીરે; શૂરા સંતો !
' લયરસાસ્વાદે મોહી, લક્ષ્યને ન ચૂકશોરે,
' માર્ગવચ્ચે ઢાળશો ન ખાટડી રે; શૂરા સંતો !
' ચઢીને ગગનગઢ, નરહરિનાથ ભેટી,
' નરહરિરૂપ કીજે જાતડી રે; શૂરા સંતો !"

વર્તવા માંડજો.

સાત દિવસ જો યથાર્થ સાધનમાં ગાળવામાં આવે તો તેટલો સમય પણ અંતઃકરણમાં ઘણા ઘણા સત્સંસ્કારને દૃઢપણે સ્થપી શકે એમ છે, અને જીવનને કોઇ ઉચ્ચ ભૂમિનો અનુભવ કરાવી શકે એમ છે.

ચોવીસે કલાક સમારંભમાં રહેજો. આ વાક્ય બે અર્થને સૂચવે છે. કેટલાક મનુષ્યો સમારંભના દિવસમાં બપોરનો તેમ જ બીજો સમય ગમે ત્યાં જઇને પડી રહીને ગાળ્યા કરે છે, અથવા ગામમાં કે બીજે ગમે ત્યાં ભટકવામાં ગાળે છે. પરંતુ તેમ ન કરતાં સમારંભની પ્રવૃત્તિવિના બીજી કશી જ પ્રવૃત્તિમાં ભળશો નહિ. ગમે ત્યાં જઇને બપોરે પડયા ન રહેશો કે કોઇની જોડે નકામી લમણાઝીક ન કરશો. ઉપરના વાક્યનો બીજો ભાવ એ છે કે મનવડે, સમારંભમાં જે ઉદ્દેશથી આવો છો, તે ઉદ્દેશવિનાના બીજા વિચારોમાં વહેશો નહિ. શરીર સમારંભના સ્થળમાં રાખીને મનને કોર્ટમાં, વેપારમાં, હીસાબના ચોપડામાં, મિલમાં કે એવા જ કશામાં વિદાય કરશો નહિ. મનવિના એકલું શરીર સમારંભમાં રહ્યું રહ્યું કશું જ દળદર નહિ ફુંકે.

શરીરને જરા મધુરૂં મધુરૂં કષ્ટ પણ આપતા રહેજો. તિતિક્ષા એ બહુ અદ્‌ભુત વસ્તુ છે. એનો અનુભવ પણ કરવાની જરૂર છે. એનો અનુભવ ન કરવો પડે એમાં કંઇ બહુ ભાગ્યશાળીપણાનું અનુમાન કરશો નહિ. તાપની આંચ હાંલ્લાને

પાકું કરવા માટે છે. કાચું હાંલ્લું શા કામમાં આવવાનું હતું ? કાચું ધાન્ય પેટમાં નડે છે, તિતિક્ષાના તાપવિનાનું મન, શરીર વગેરે પણ નડે છે ! એને પકવજો. પકવ થયેલું મન અલૌકિક હોય છે.

યોગ્ય વ્યાપાર અને વિહાર કરવાથી તમારા શરીરની પણ ઉત્તમ પ્રકારની નિરામયતાને તમે સાધો એમ છે. સારી રીતે નહાવું, ખૂબ તરવું, ખુલ્લી હવામાં જ બને તેટલો વધારે સમય ગાળવો, સુવાનું પણ ખુલ્લી હવામાં, દોડવાનું, રમવાનું, પચે તેટલું જમવાનું, સારી રીતે હસવાનું, અને વધારેમાં વધારે પ્રસન્ન રહેવાનું: આ બધું તમારા શરીરને નિરામય કરનાર છે.

પ્રિય બંધુઓ ! સમારંભમાં આવી તમારૂં સમગ્ર જીવન પલટી નાખો. એક ઉત્તમ ઋષિજીવનસરખું જીવન કરો, વ્યવહારને ઓછો કરી અત્યંત પ્રધાનપણે પરમાર્થને સાધો. તમારૂં શરીર, વાણી, વિચાર, વર્તન, મન, ઇન્દ્રિય, બુદ્ધિ એ સર્વને પરમાર્થપરાયણ કરો—પરમાર્થમય કરો. વ્યવહારનો તમને સ્પર્શસરખો નથી એવું વૃત્તિને ભાન કરાવો. ગામમાંથી ફરી આવીને જેમ તમારા ડગલાનો સંપૂર્ણ રીતે પરિત્યાગ કરો છો, અને ઘરમાં પહેરવાનાં બીજાં વસ્ત્ર ધારણ કરો છો, તેમ તમારા વ્યવહારવિચારને સમારંભમાં આવતાં જ દૂર કહાડી નાંખો, અને પરમાર્થનાં પુણ્ય વસનને સમારંભનિમિત્ત ધરો. એ વસ્ત્રો સારી રીતે પહેરવાથી, વ્યવહારમાં પ્રવેશ કરવા છતાં પણ તમારા અંતરમાંથી પરમાર્થસાધનની ખુમારી વિસારશો નહિ. પુનઃ વ્યવહારમાં પ્રવેશતાં તેમાં નિરસતાનું ભાન થાય એટલા પરમાર્થની ક્રિયાના બલવાન્ સંસ્કાર તમારામાં જામવા દો. ત્યારે તમને સમારંભનું ખરૂં મૂલ્ય સમજાશે.

પ્રતિવર્ષ વિવિધ પ્રકારનાં વ્રતો જેમ તમે નિયમિત રીતે કરો છો, તેમ પ્રતિવર્ષ સમારંભમાં આવવાનું વ્રત સ્વીકારો. બને ત્યાં સુધી બધા જ દિવસો રહી શકાય એવી રીતે આવવાનો નિશ્ચય રાખવો. પરંતુ ખાસ કોઇ કારણુસર તેમ ન બને તો વધારેમાં વધારે જેટલા દિવસ આવી શકાય તેટલા દિવસ આવવું. અને તે દિવસોમાં સર્વોત્તમ પ્રકારથી સમારંભનો લાભ લેવો.

નિઃશ્રેયસની અશેષ સિદ્ધિ પ્રાપ્ત કરવાના તમારા મૂલ ઉદ્દેશમાં આ ઉત્સવ અત્યંત સમર્થ સહાય આપે છે; તેથી તેના પ્રતિ તમારા સમગ્ર અંશથી સંબંધવાળા રહેવાની અગત્ય છે.

પ્રિય બન્ધુઓ ! સમારંભની પ્રવૃત્તિસબંધી તથા તેને સર્વોત્કૃષ્ટ પ્રકારે કરવાની કલાસંબંધી હજી ઘણું વિસ્તારથી લખવાની અગત્ય છે, પરંતુ આ વખતે તેટલો સમય ન હોવાથી વિરમવું પડે છે. છતાં આ લઘુ લેખમાં જે જે વિચારો દર્શાવ્યા છે, તેના પૂર્ણ મનનપૂર્વક તેને અનુકૂલ તમારી કૃતિ, વિચાર આદિ કરશો તો સમારંભના ઉદ્દેશનું વાસ્તવ રહસ્ય તમારી દૃષ્ટિએ આવ્યા વિના નહિ રહે.

જેના મનોહર અંતઃકરણમાં આ પ્રકારના ભવ્ય અને દિવ્ય આશય તથા વ્યવસ્થાવાળા આ ઉત્સવની યોજનાનું સ્વરૂપ રચાયું હતું, તે **શ્રીમાન્ વિશ્વચંદ્રનું** આ લેખની **સમાપ્તિએ પુણ્ય સ્મરણ કરી વિરામ પામતાં શ્રીઇષ્ટપ્રતિ એ જ અભ્યર્થના કરીશું કે આપના સત્તાબલે આ સત્કાર્યમાં યથાર્થ રીતે અનુષ્ઠિત થનારને આપના વાસ્તવ સ્વરૂપનો અનુભવ કરવાનો સુયોગ શીઘ્ર પ્રાપ્ત થાઓ.**

॥ ॐ श्री ॥

प्रश्नमालिका.

[શ્રી સાધનસમારંભના તેમ જ અન્ય ઉત્સવોમાં બપોરના નિવૃત્તિનો સમય ચર્ચાને માટે રાખવામાં આવે છે. તે સમયે ચર્ચવા યોગ્ય કેટલાક પ્રશ્નોની પ્રશ્નમાલિકા નીચે આપવામાં આવી છે. તેમાં શ્રેયસ્સાધકે અવશ્ય જાણવાયોગ્ય શ્રેયસ્સાધકવર્ગસંબંધના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રેયસ્સાધકવર્ગતરફથી જે સાહિત્ય પ્રસિદ્ધ થયું છે તેમાંથી જ આ પ્રશ્નો પ્રકટાવવામાં આવ્યા છે, જેથી તે સાહિત્યના વાચકોને એ પ્રશ્નોની ચર્ચા અધિક ઉપયોગી થઇ પડશે. ઉક્ત વર્ગથી પ્રસિદ્ધ થયેલા કાવ્યના સાહિત્યમાંથી પણ કેટલાક પ્રશ્નો કાઢેલા દૃષ્ટિએ આવશે. કાવ્યદ્વારા દર્શાવેલા સદ્વિચારો તેના વાચકના અંતઃકરણમાં ઉપસ્થિત રહે, એ તે પ્રશ્નો કાઢવાનો ઉદ્દેશ છે. આ વિના શ્રેયસ્સાધકોએ જાણવાયોગ્ય જ્ઞાનસંબંધી પણ કેટલાક પ્રશ્નો નીચેની પ્રશ્નમાલિકામાં દૃષ્ટિએ પડશે. આ અષ્ટદશ સાધનસમારંભમાં ત્રણ દિવસ આ પ્રશ્નોની ચર્ચા માટે રાખવામાં આવ્યા છે. તેથી તેના ત્રણ વિભાગ કર્યા છે. પ્રત્યેક શ્રેયસ્સાધકે ઘેર નિવૃત્તિએ તથા પોતાના અભ્યાસના સમયમાં આ પ્રશ્નો વિચારવા. એ પ્રકારનો અભ્યાસ તેમના જ્ઞાનનો વિકાસ કરનાર થઇ પડશે.]

મંગળવાર.

(૧)

શ્રેયસ્સાધકઅધિકારિવર્ગ એટલે શું ?

તે વર્ગના સંસ્થાપક કોણ ?

શ્રીમન્નૃસિંહાચાર્યજીનો જન્મ કઈ સાલમાં ? કયા વર્ષે દેહવિલય થયો ? હાલ કેટલામું વર્ષ ગણાય?

તેઓશ્રીની જ્ઞાતિ, કુલ, ગોત્ર, પ્રવર, શાખા વગેરે હકીકત કહો.

શ્રે૦ વર્ગની સ્થાપના થયે કેટલાં વર્ષ થયાં ?

શ્રે૦વર્ગના મુખ્ય મુખ્ય વિદ્વાનોનાં નામ કહો.

શ્રી વિશ્વવંદ્યસબંધી તમે શું જાણો છો ?

તેમણે રચેલાં કયા કયા ગ્રંથો પ્રકટ થયા છે ?

તેમના લખાણમાં મુખ્ય કયા કયા વિષયોની ચર્ચા થઇ છે ?

તેમનો સર્વોત્તમ લેખ કયો છે ?

નીચેના શબ્દોના અર્થ કહોઃ

કૃતોપાસ્તિ, પ્રહ્વૈયપ્ર શ્રયસેવન, વિવિક્ત, માત્રાસ્પર્શો, શબલપ્રતિમ, તાદાત્મ્યાધ્યાસ, રુજ, પ્રતીપ, વિવર્ત, ઇક્ષણ, અધ્યારોપ, અપંચીકૃત, અભિન્નનિમિત્તોપાદનકારણ. વ્યાસંગ.

વેદ એટલે શું ? ઋચા, કાણ્ડ, બ્રાહ્મણ, ઉપનિષદ્ એટલે શું ?

વેદનાં કેટલાં અંગ છે, અને તે કયાં કયાં ?

તે અંગોનું પૃથક્ પૃથક્ સ્વરૂપ કહો.
સર્વથી પ્રાચીન વેદ કયો મનાય છે ?
'અધ્યારોપ'ને માટે બીજા કયા શબ્દો વાપરવામાં આવે છે ?
વેદાન્તનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય શું છે ?
सत्यं ज्ञानमनन्तं ब्रह्म—આ સંબંધી ચર્ચા કરો.
વેદનાં મહાવાક્યોને અર્થસહિત જણાવો.
મંત્રભાગ કયા વેદમાં આવે છે ?
જહલ્લક્ષણા, અજહલ્લક્ષણા, અને જહદજહલ્લક્ષણાનાં સ્વરૂપ કહો.
જહદજહલ્લક્ષણાનો બીજો શબ્દો કયો છે ?
માયાનાં ત્રણ સ્વરૂપો કયાં કયાં તે તેના સ્વરૂપસહિત જણાવો.
વિક્ષેપ અને આવરણ એ કોની શક્તિ છે? તેનું લક્ષણ શું!
અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ એટલે શું ?
અનુબંધચતુષ્ટય કયા કયા ?
ષટ્સંપત્તિનું વિવરણ કરો.
અંતઃકરણના ભેદોનું કથન કરો.
અરિષટ્ક કયા કયા ?
અવસ્થા કઇ કઇ છે ? એસંબંધી કોઇ પદ લખાયું છે ?
મુખ્યાત્મા, મિથ્યાત્મા તથા ગૌણાત્માનું સ્વરૂપ કહો.
આનંદત્રય કયા કયા ?
આશ્રમચતુષ્ટયનું પ્રતિપાદન કરો.

દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ કઇ કઇ ?

કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિય કઇ કઇ ?

ત્રૈવર્ણિક પ્રજાના નિત્યકર્મના શાસ્ત્રમાં કેટલા પ્રકાર કહ્યા છે અને તે કયા કયા ?

બ્રાહ્મણનાં ષટ્કર્મ કહો.

ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ એ શું છે ? તેનાં સ્વરૂપ કથન કરો.

વિદેહમુક્તિ શું અને જીવન્મુક્તિ શું ?

નીચેની કડી શેમાં છે અને તેથી પાછળનાં ત્રણ ચરણ બોલો:

'જેની કરીશ અતિ તીવ્રતાથી હૃદયમાં તું ઝંખના'

એણીમાં સઉથી પ્રથમ પદ્ય કયું લખાયું છે ?

'જપજેવું આ, સાધન સુલભ તને ફરી કયાં મળનારૂં' આ કાવ્ય કોનું રચેલું અને કયા ગ્રંથમાં છે ?

મહાવ્રત કયું છે ? તેનું કોઇ કાવ્ય છે ?

'પ્રત્યક્ સાક્ષી પ્રયત્નથી જોજો' એટલે શું ?

'મારે હૃદયે જોઇ જગરાય' એ પદની કોઇ કડી મુખપાઠ છે ?

'શ્રુતિ ભગવતી એમ ગાતી, પોતાને ના જાણે તે જન આત્મઘાતી' આ શ્રુતિ કઈ ?

'પશુપક્ષી પણ ચિન્મયભાને, સર્વોત્તમ પદ ઝુલે'— આનાં દૃષ્ટાંતો આપો ?

તત્ત્વાભ્યાસક્રમને દર્શાવનાર કયાં કયાં પદો છે? અને તે કોનાં કોનાં ?

' બ્રહ્માંડની પ્રત્યેક વસ્તુવિષે નિગૂઢ વેદે કહ્યા',—આ શ્રુતિવચન કયું ?

નીચેની આખ્યાયિકાઓ સ્વલ્પમાં કહો:

એકલશૂરોરાજા, મર્કટી, લક્ષ્મીપાર્વતીનો સંવાદ, નસીબ બે ડગલાં આગળનું આગળ, વહુઉપર સાસુની સત્તા, નાપિકની વાત, ભૂતક્ષુકનું ભ્રમણ.

દ્રષ્ટાપદનું સ્વરૂપ કહો.

'સર્વ સમય તું લહીને ફરજે, સ્વતંત્ર મુક્ત પ્રબુદ્ધ' આ કડી કયા પદમાં છે ? કોની રચેલી ?

' એક મળ્યાથી સર્વ મળે તે વસ્તુ સુજ્ઞ મેળવતા ' આ વસ્તુ કઇ ?

સુધાસ્રોતસ્વિનીના દ્વિતીય ભાગના ૨૫૧ માં પદમાં આપેલા સ્વરૂપજેવો આજસુધી કોઇ સાધક થયો છે ખરો ?

તમે કયા સદ્‌ગુણને સર્વથી મુખ્ય (Ideal) રૂપે માનો છો ?

નીચેની કડીઓ કયા કયા પદમાં છે ?

'જીવને જે જોઇએ તે આપે એવી રે, છે આ ભક્તિ જગતમાં દેવી રે '

'વિદ્યા ભણી બધી વિફળ છે, જીવ્યું ઘણું પણ અફળ છે.

આરોગ્યપ્રાપ્તિ ન સફળ છે, પ્રભુસ્મરણ જો નથી ભાવતું.'

'તે હૃદયકમળમાં સઉ સુખ છે.'

'પ્રભુમાં હરે, પ્રભુમાં ફરે, સઉ જુદાઇ ન થાવી'

'દુઃખ પડી પડીને શું પડવાનું, માન્યું છે ત્યાં લગી નડવાનું'

'દશદિશ દુઃખ દેખો છો તદપિ, કેમ ન મતિને સુધારોરે જી.'

છે સમરાંગણભૂ આજે'

'તાળી એક લાગી રે, હરીફરી હરિમાં શમે'

શ્રી નૃ૦ ની જન્મભૂમિ કઈ?

શ્રે૦વર્ગતરફથી કેટલાં કેટલાં માસિકોનો ઉપક્રમ કરવામાં આવ્યો હતો?

નીચે જણાવેલા લેખો કોના કોના લખેલા છે·

સ્મરણભક્તિ, વાણીનિરોધ, નરહરિવિજ્ઞાપનશતક, નૃસિંહસ્તુતિપદ્યમાલા, વેદાન્તપરિભાષાવ્યાખ્યા, ભવાબ્ધિસેતુ, તોટક, સામાન્ય સાધક તથા યથાર્થ સાધકવચ્ચે સંવાદ, નૈષ્કર્મ્યસિદ્ધિ, સકલસ્મૃતિરત્નનિધિ, બાલાભરણ, સુહૃદ્સંવાદ, અંતઃકરણના ભાવનામય વ્યાપાર, પુરુષપ્રયત્ન, સંયમના સહાયક હેતુઓસંબંધી વિચાર, સૂક્તિસાહસ્રી, દિવ્યામ્બરા, શબ્દશક્તિઓ.

શ્રે૦વર્ગમાં અદ્ભુત કાવ્યપ્રતિભાશક્તિ કોની છે?

દિવ્યમૂર્ત મહાપુરુષના મુખ્ય શિષ્યોનાં નામ દો.

શ્રીહરિદત્તશાસ્ત્રીસંબંધી તમે શું જાણો છો?

સાધનસમારંભના ધુરંધર કાર્યવાહક કોણ?

શ્રી જેકીસનદાસ કણીયાએ ક્યા ક્યા ગ્રંથો લખ્યા?

વિરજસ્તામમુનિનું સ્વરૂપ કથન કરો.

નીચેનાં પાત્રો કયા કયા ગ્રંથોમાં આવ્યા છે

ત્રિપતિ, વૃદ્ધ અતિથિ, પુલોમજા, દૈવજ્ઞા, વૈશ્રવણ, ચારુલોચના, ભદ્રસ્વરૂપ, વિપર્યય, અગમ્યઅતિથિ, ધરિત્રી, ધૈર્યધર, ભગવચ્ચંદ્ર, ત્રિપુરારિશંકર, વૃદ્ધ ચાણુક્ય,

'ભાનુ અસ્તાચલ પ્રતિ જાતાં, એની આગળની કડીઓ કહો.'?

'દૃષ્ટિ પ્રસારી દયાની સુધારો, કંઈ દુષ્ટો લીધા આપે તારી'—એના દૃષ્ટાંત આપો.

શુદ્ધ વિચારનું સ્વરૂપ શું?

નીચેની લીંટીઓઉપર વિવરણ કરો.

(૧) 'દશ દિશ જોતાં મારા વિણુ નથી બીજું, સચ્ચિતમાં લેવું રહ્યું કોનું નામ?
 દૃષ્ટિએ આવે બીજું ભિન્નસમ જે જે, કલ્પ્યો મારામાં મેં એ પરિણામ.'

(૨) શોધને છોડી જ્યારે શોધક ટળીયાં, પ્રકટ્યા નૃહાર સ્વપ્રકાશરે;

(૩) સાગરસ્થિત કુંડલિની કંપી, કંપ્યો વ્યષ્ટિસ્તંભ, ત્રણ ગ્રંથિમાં શક્તિ કંપી, આ ભાળી વિચિત્ર આરંભ.

(૪) શ્રવણ મનનથી નિશ્ચય પોષી, સંશય સર્વ સંહારે, નિદિધ્યાસન સેવી સ્થિર થાતાં, પીડ સહે ન ભવભારે."

જીવ બ્રહ્મની એકતા જણાવનાર શ્રુતિવચન કયું?

ચાર મુખ્ય આસનો કયાં કયાં?

શ્રી નૃ૦ સાથેનો તમારો કોઈ જાણવાયોગ્ય પ્રસંગ: કહો.

(૨)

ગુરુવાર.

હાલ શ્રી નૃસિંહાશ્રમો કયે કયે સ્થળે છે ?

તમે તમારા ગામમાં શ્રેયસ્સાધકતરીકેની કોઇ પ્રવૃત્તિ કરો છો ?

તમારા જીવનનો જાણવાયોગ્ય કોઇ પ્રસંગ કહો.

સર્વોતમ સુખ તમે શેને માન્યું છે ?

શ્રે૦વર્ગે કેટલા ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે ?

વર્ણ (જાતિ) સંબંધી શ્રે૦વર્ગનો શો વિચાર છે ?

ગુરુસેવા ઉત્તમ પ્રકારે આપણા વર્ગમાં કોણુ કોણુ કરી છે ?

'મંગલવિચાર' એ ગ્રંથ કોનો રચેલો છે ?

'ભદ્રસેન' અને 'વટવૃક્ષ નીચેનો મહાત્મા' એ બેમાં આંતર ભૂમિકા કોની ઉચ્ચ છે ?

યોગનાં અષ્ટ અંગોનું સ્વરૂપ કહો.

'શુદ્રત્વથી ચઢીને ઉંચે, વિશુદ્ધ સજ વૈશ્યત્વ,
ક્ષત્રિયપણું સાધી પછી, ધરી લેજે બ્રહ્મત્વ,"

એક જન્મમાં આ શી રીતે સાધવું ?

'હૃદરે પેશી ષડ્રિપુભયને સહજ વિદારીએ રે'—આ કડીઉપર ચર્ચા કરો.

'ક્રમે ક્રમે વધતાં પ્રેમે ભેદ ભુલતાં, નરહરિરૂપ થાતો ભક્ત સુભાગી'—આ સિદ્ધાંતનો કોઇ દૃષ્ટાંત છે ?

સજાતિ, વિજાતિ, સ્વગત ભેદ એ શું ?

ગૃહસ્થાશ્રમીને પરમેશ્વરની પ્રીતિ મેળવવાનો ઉપાય શો ? તે કહો. [આ પ્રશ્ન ક્યા ગ્રંથમાં ચર્ચાયો છે ?]

મંત્રના પુરશ્ચરણનો વિધિ કહો.
શકલ સંતીના ગૃહસ્થાશ્રમનું વર્ણન કરો.
નીચેની કડીઓનું વિવેચન કરો.
'હોય અંતઃસ્વરૂપે અવસ્થાન.'
'ગગનસદન મનપવન કરી વહન, નરહારમય થઇને મહાલો.'
'તત્ ત્વં પદ સાક્ષાત્ કરાવી, અતતનિરત મતિ હરજો.'
'શુષ્કપર્ણસમ તુલા અંતરથી ખરી રે.'

શરીરમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઇન્દ્ર, અગ્નિ, સૂર્ય, મહેશ્વર, વિદ્યા, અવિદ્યા—આ સર્વનાં કયાં કયાં સ્થાન છે?
'અંગો ત્રણ સંયમતણાં, સજી થા સ્થિર સુખધામ' આ ત્રણ અંગો કયાં?
'શબ્દ ઉઠતો જયાંથી ત્યાં ઠર, જાણી અનુભવમૂળ'—ચર્ચા કરો.
જપના પ્રકાર કેટલા, અને તેમનાં પૃથક્ પૃથક્ સ્વરૂપ શું?
નીચેની કડીઓનું તાત્પર્ય સ્પષ્ટ કરો:—
'ઉંચે ને નીચે જોયા નાથને ભટકી, કીધો ગુહાઓમાં પ્રવેશ રે;
નદીઓને શોધી શોધ્યા વિકટ ગઢોને, વહ્યા વાયુ ત્યાં ત્યાં વહ્યાં નિત્યરે;
ચંદ્રને જોયો, જોયો લોક રવિનો, ઉદધિમાં પેઠા ધરી પ્રીતરે,
મુમુક્ષુતાનું સ્વરૂપ કથન કરો—તેનું કોઇ પદ છે?

શ્રેયસ્સાધક બંધુ શ્રી હરિલાલભાઇવિષે તમે શું જાણો છો ?

દિવ્યમૂર્તિના વિશ્વવંદ્ય હરિહરમૂર્તિ, ધુમ્રલોચન—આ શિષ્યોનું સ્વરૂપ કહો.

શ્રીમન્નૃસિંહાચાર્યજીએ કયા કયા ગ્રંથો રચ્યા છે ?

સ્ત્રીજાતિની ઉન્નતિમાટે શ્રે૦વર્ગે કંઇ પ્રયાસ કર્યો છે ?

ષટ્ચક્રોનાં સ્થાન અને સ્વરૂપ કહો ?

શ્રી ઈશ્વરભાઇએ ૦વર્ગમાટે શું શું કર્યું છે ?

શ્રેયસ્સાધકનું શ્રે૦વર્ગને અંગે શું કર્તવ્ય છે ?

ભક્તિના પ્રકારો કેટલા અને તેનું સ્વરૂપ શું ?

આઠ પ્રકારના પ્રાણાયામ કયા કયા ?

અષ્ટ સિદ્ધિઓ કઇ કઇ–તેનું સ્વરૂપ શું ?

ત્રાટક, ધારણા, પ્રત્યાહાર, નિદિધ્યાસન–આ સંબંધી વિવેચન કરો.

શરીરમાં કયે કયે સ્થાને ધ્યેયની ધારણા કરવામાં આવે છે ?

મંત્ર એટલે શું ?

લય, વિક્ષેપ, કષાય, રસાસ્વાદ એ શું અને તેનાં સ્વરૂપ વર્ણવો.

પંચકોષ તે શું ?

ગુરુભક્તિ સર્વોત્તમ પ્રકારે કોણે કોણે કરી છે ?

ગુરુનાં લક્ષણો કયાં કયાં છે ?

શિષ્યના ધર્મો સમજાવો.

નીચેનાં પદો કોનાં કોનાં રચેલાં છે:
'થાયે હવે અનુભવજ્ઞાન તને ક્યાંથી'
'આવી મારી ઝુંપડીમાં આજ, મારા વહાલા.'
'શું મન આવિધિ હારે, ભય ધરી શું મન આ વિધિ હારે.'
'રે ? શું તું સાધે હે વીર ! જો જે આજે'
'શ્રદ્ધા સકલ સુખમૂલ છે.'
'ગુરુવકત્રનભેથી આજ, એ શબ્દ ગાજે છે.'
'સ્થિતિ છે યોગીજનની સુખમય વિશ્વમાં.'
'આ શુણુજો રે, કોઇ શુરવીર, કે ધીર, સ્થિર ઉર સ્થાપી,'
'સજ્જન સુણુજો રે પ્રીતે.'
'નિત્ય સદ્ગુણુશૃંગાર સજીએ રે સાહેલી.'
'ન વિસારીએ બંધુ ! સ્વરૂપ ક્ષણુ ન પણુ કદી વિસારીએ.'
'પ્રભુસૂર્ય કેરી, રશ્મિ હું છું.'
'જોજો શું જગે સ્થિર ભાસે રે, દૃષ્ટિ કરીને.'
'આ ગગનમાર્ગપ્રતિ વાધો રે કોઇ સાધક બંધુ.'
ત્રણુ પ્રકારના પરિચ્છેદ તે કયા કયા ?
દાનનું સર્વોત્તમ સ્વરૂપ શું ? દાન શા માટે આપવું ?
यस्यानुग्रहमिच्छामि तस्य सर्वं हराम्यहम् એનું તાત્પર્ય કહો.
પુર્યષ્ટક તે શું ?
ધ્યાન કેટલા પ્રકારનું છે ?
મોક્ષ કેટલા પ્રકારનો છે ?

પુરુષાર્થચતુષ્ટયસંબંધી વિવેચન કરો.
મંત્ર, યંત્ર અને તંત્ર એટલે શું?
કેટલીક ત્રિપુટિઓ ગણાવો.
વિશ્વાભિમાની, તૈજસાભિમાની, પ્રાજ્ઞાભિમાની એટલે શું?
શ્રીશંકરાચાર્યસંબંધી તમે શું જાણો છો?
જ્ઞાનની સાત ભૂમિકા અને તેનાં સ્વરૂપ કહો.
શ્રીશંકરાચાર્યે સદ્દગુરુમહિમાનો સર્વોત્તમ શ્લોક કયો કહ્યો છે?

આત્મદ્યોતન એટલે શું, અને તે કેવી રીતે થાય?
શ્રીમહાકાલના લેખોમાં કયા કયા વિભાગો પાડવામાં આવ્યા છે?

નીચેનાં પદોમાં તેની આગળની કડી કહો:
શુભ જોવાનું જો ન રુચે તો—
મેઘવર્ષી જેમ ભરે કૂપ નદી તળાવો,
પાડીશ દેહ કે નરહરિનાથને......
આ લેવા તે પામવા, હું ન હવે અથડાઉં,
નચવ્યા પણ માયાતણા, નાચે ના જન જેહ.
પદ્મની મધ્ય કલિકામાં નભ છે, અંગુષ્ઠપૂર પ્રમાણ,
સર્વ પ્રયત્નથી સાધીએ—

'ધ્યેયાવિણ ધ્યાન, પીડયાવિણ પ્રાણ, વળી આ અપાન, જપ્યાવિણજાપ, સહ્યાવિણ તાપ, હરો અજ્ઞાન.' — આ માર્ગ કયો?

નિરાવરણ મતિનું શું સ્વરૂપ?
શાંભવી મુદ્રાનું સ્વરૂપ કહો.

નીચેની લીટીનો અર્થ સ્પષ્ટ કરોઃ

'તારા પ્રકાશથી દ્વૈતનો, આજે ભાસે પ્રકાશ રે,'

શ્રીવિશ્વવંદ્યનાં પદોમાં કયો પ્રધાન વિષય આલેખાયલો દૃષ્ટિએ પડે છે?

શ્રીવિં૦ ના લેખો મુખ્ય લક્ષ કઈ વસ્તુઉપર ખેંચે છે?

નીચેનાં પદોમાં સર્વોત્તમ કડીઓ કઈ છે?

શ્રી સુધાસ્રોતસ્વિની (દ્વિતીય કલ્લોલ)	પદ ૨૩૬
,, ,, ,, ,,	પદ ૨૪૧
શ્રી ઉપેન્દ્રગિરામૃત	પદ ૨૩૭
શ્રી સુધાસ્રોતસ્વિની (દ્વિતીય કલ્લોલ)	પદ ૩૪૬

શ્રી સુધાસ્રોતસ્વિની (૨) ના ૨૫૪ ના પદમાં ખાસ લક્ષમાં લેવા યોગ્ય પંક્તિઓ કઈ છે?

સ્ત્રીજાતિની કેળવણીના આચારસાધ્ય (Practical) માર્ગો કહો.

બાલકોની કેળવણીમાટે શું કરવું જોઇએ?

સાધકભૂષણ શ્રીત્રિકમલાલભાઇસંબંધી તમે શું જાણો છો?

શ્રેણીવગેરેમાં કોણ કોણ સ્ત્રીઓના લેખો પ્રકટ થાય છે?

આપણા દેશમાં સ્ત્રીજાતિની ઉન્નતિમાટે પ્રયત્ન કરનાર કઇ કઈ શાખા છે?

શ્રી વિશ્વવંદ્યની સાર્થના તમારા પરિચયનો કોઇ પ્રસંગ કહો.

નીચેની કડીઓનું તાત્પર્ય સમજાવોઃ

(૧) પાણી નહિ પણ ભીની સરિતા, તે અમો મસ્તાનની,

(૨) તુલ ન સાંચો ન વાણો ન તાણો,
તોએ મહિં વસ્ત્ર આ તે શાનું વણાતું ઓહો !

(૩) દેખું ન ખેતી ન ભૂમિ ન બીજક,
તોએ પણ પાકજેવું પેલું શું લણાતું ઓહો !

(૪) અજરરરસકૂપા હૈ રનભીતર, કાયર થરકા ખાવે,
જીવન છાંડ મરનકોં લેવે, સોહિ અમરરસ પાવે,

(૫) તને ગંધતણી અતિશય ભુખ છે, તે હૃદયકમળમાં સઉ સુખ છે,
હજ ઘરસન્મુખ જેનું મુખ છે,

(૬) નૃસિંહ નિરાળી યુક્તિથી, પાડી સીધી રે વાટ,
પાંચને ચાર શમાવીયાં, ઉતર્યા આવી ઘર ને ઘાટ

परोपकाराय सतां विभूतयः-આનો દૃષ્ટાંત આપો.

યોગીનીના ગ્રંથમાં કયા કયા વિષયની ચર્ચા થઈ છે ?

મનુષ્યજીવનને ઉન્નત કરનાર સાધનો કયાં છે ?

શ્રેયસ્સાધકઅધિકારીઓતરફથી કીર્તનનું કયું પુસ્તક પ્રસિદ્ધ થયું છે ?

સાધનસમારંભને સર્વોત્તમ કરવા માટે શું કરવું ?

શ્રે૦વર્ગે કેવા કેવા પ્રકારનું સાહિત્ય પ્રકટ કર્યું છે ?

यस्य देवे महाभक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिताह्यर्थाः प्रकाशंते महात्मनः ॥

આ શ્લોકનું વિવરણ કરો.

ઇષ્ટશ્રીસંબંધના કોઇ પ્રસંગનું કથન કરો.

(૩)

શનિવાર.

એ૦વર્ગનિમિત્ત કોણે પોતાનું સમગ્ર જીવન અર્પ્યું છે?
શ્રી વિશ્વવંદ્યની જન્મ તથા અવસાનતિથિ કઇ?
નીચે જણાવેલી કથાઓ કહોઃ
(૧) ધર્મમૂર્તિનું આખ્યાન (૨) પ્રબુદ્ધ અને સત્વમતી.
મહાત્માઓના પ્રકૃતિસિદ્ધ કયાં કયાં લક્ષણો હોય છે?
કર્તવ્ય, જ્ઞાતવ્ય તથા પ્રાપ્તવ્યનું સ્વરૂપ કહો.
નીચેની વ્યક્તિઓસંબંધી તમે શું જાણો છો?
મહીપાલેન્દ્ર. શ્રીકંઠ, વિપશ્ચિત્, યાજ્ઞવલ્કય, વસિષ્ઠ, દધ્યઙ્ અથર્વણ.
'પરિચ્છિન્નતા સઘળી ખોતો, હુંપણું નિજ રૂપમાંહિ વિસારી' આનાં સ્થૂલ દષ્ટાંતો કહો.
ધ્યાન અને સમાધિમાં શો ભેદ?
ઉપાસનાના કેટલા પ્રકાર છે અને તેનાં સ્વરૂપ શું?
યજ્ઞ કરવાનું શું પ્રયોજન?
આત્મજ્ઞાનના અધિકારીનું સામાન્ય લક્ષણ કહો.
આ જગતમાં એવો કયો વિષય છે કે જેનાથી સુખ અને આનંદ પ્રાપ્ત થાય?
દાન, ધ્યાન અને જ્ઞાન એનો શરીર મન અને આત્માસાથે કંઇ સંબંધ છે?
શ્રી સિદ્ધાન્તસિન્ધુગ્રંથમાં કઇ એક બાબતની પુનઃ પુનઃ અગત્ય જણાવવામાં આવે છે?

તમને આવડતાં હોય તેટલાં આસન વાળી બતાવો—બંધપૂર્વક.

શ્રી ત્રિભુવનવિજયીખંડમાં પ્રધાન સિદ્ધાંત કયો ચર્ચાયો છે?

તિતિક્ષા એટલે શું?

તપ એટલે શું?

વર્તમાન સમયમાં શ્રેયસ્સાધકવર્ગે કેવા પ્રકારની પ્રગતિ અને પ્રવૃત્તિ કરવાની છે?

શરીરને નિરામય રાખવાને શું કરવું?

તમે તમારા નિત્યક્રમમાં કેટલો સમય ગાળો છો?

મનની શુદ્ધિના ઉપાય કહો.

શું ગુરુની મનુષ્યને અગત્ય છે અને છે તો શા માટે?

ગુરુ અને સદ્‌ગુરુમાં શો ભેદ?

સત્સંગના માહાત્મ્યની કોઇ કથા જાણો છો?

શ્રીમન્નૃસિંહાચાર્યજીને યોગીશ્વરરૂપે માનવાનું શું કારણ?

શ્રે૦ વર્ગનો સિદ્ધાંત શો?

શ્રેયસ્સાધકોનું સ્વહિતાર્થ તથા પરહિતાર્થ શું કર્તવ્ય છે?

સાધકરત્ન શ્રી નગીનદાસ મહેતાસંબંધી શું જાણો છો?

ઉત્તમ પ્રકારે ગુરુશુશ્રૂષા કરનાર શ્રે૦વર્ગમાં વર્તમાન સમયમાં કોઇ છે?

શ્રેયસ્સાધકના જીવનમાં શેની પ્રધાનતા હોવી જોઇએ?

શ્રેયસ્સાધકની પ્રવૃત્તિમાં શું શું મુખ્ય હોવું જોઇએ?

જે કશો ચમત્કાર ન કરે તે મહાપુરુષ કે ઇશ્વરાવ-
તાર હોઇ શકે ?

મહાપુરુષ ચમત્કાર શા માટે નથી કરતા ?

सर्वं धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज—અર્થ સ્પષ્ટ
કરો.

ઇન્દ્રિયોનો નિરોધ શી રીતે કરવો ?

સંયમની પોષક ક્રિયાઓ કઇ છે ?

સંયમની વિઘાતક ક્રિયાઓ કઇ છે ?

‘ પત્નીવ્રત ભૂષણુ પુરુષોતણું રે’, એ પદ કોનું ર-
ચેલું છે ?

‘ અન્ય દેવને નમન કરૂં પણુ ઉપાસ્ય લહી નથી ભજતો, ઉપાસ્ય સેવ્ય હું ગણી નર- હરિને, અનન્યભાવે ભજતો.	આ લીંટીનું વિ- વરણુ કરો.

‘ શ્રી સદ્‌ગુરુદેવકી જય, ’ બોલવાનું શું પ્રયોજન ?

સંયમસમયે આસન કેવું જોઇએ ?

„ „ શરીરની સ્થિતિ કેવી જોઇએ ?

મનુષ્યમાત્ર શું ઇચ્છે છે ? તે કેવી રીતે મેળવી શકે ?

‘ ભાવના ઉલટી, પોતાની, તને આ દુઃખ દાખતી, માટે ચિંતિ સ્વરૂપ, બ્રહ્મ ચાજે, શ્રુતિ એ જોને ભાખતી.	આવા ભાવની કો- ઇ શ્રુતિ છે ?

ભક્તિ સાધ્યાવિણુ પહેલાં, તત્ત્વનિષ્ઠાના છે વેલાં,—એટલે ?

મનુષ્ય કયા કયા સાધનવડે સત્કર્મ કરી શકે ?

સદ્‌ગુરુના પૂજનનો વિધિ કહો.

અંતરકો બાહિર્નાંના વ્યવહારમાં કેવા વિચારવડે એ પ્રકારે રહેવાય ?

સંયમમાં નિદ્રા આવતી હોય તો શું કરવું ?

સંયમસમયે બીજા વિચારો આવતા હોય તો શું કરવું ?

હસવાથી શા શા ફાયદા થાય છે ?

ગુરુસમીપ કેવી રીતે વર્તવું ?

ગુરુનો અનુગ્રહ પામવાના કયાં કયાં સાધનો છે ?

નિર્વેદવાદ અને અનિર્વેદવાદનું સ્વરૂપ કહો.

મોક્ષનો અધિકારી કોણ છે ?

હૃદયકમલનું વર્ણન કરો.

અધ્યાત્મબલપોષકગ્રંથમાંનાં નીચેનાં વચનોનો ભાવ કહોઃ

ઉંડા—ઉંડા—ઉતરો. શાંત થાઓ. જાગ્રત્ થાઓ.

નીચેના શબ્દોનો ભાવ સ્પષ્ટ કરોઃ—

આંદોલન, સંકલ્પ, ભાવના.

મનુષ્યે પુરુષાર્થઉપર આગ્રહ ધરવો કે પ્રારબ્ધઉપર ?

શ્રી વિશ્વવંદ્યના સદ્ગુણોનું કથન કરો.

સદ્ગુરુશ્રીના અંતર્બાહ્ય ચારિત્ર્યની ચર્ચા કરો.

॥ ॐ श्री ॥

कीर्तनो.

अष्टादश साधनसमारंभ.

जपयज्ञदेवनी उपासना.

પદ. ૧ (આવે આજે રશ્મિ, એ લય.)

જય જય જપયજ્ઞદેવ ! ઉપાસીએ આજે,
આજે, આજે, ઉપાસીએ આજે.
ગાજે આજે ગાજે, સુરમ્ય ધ્વનિ ગાજે,
ગાજે, ગાજે, પ્રશાંત અવાજે.
વૈખરી, મધ્યમા આદિ મુખથી બોલનારા,
આપ જ છો ચતુર્મુખી બ્રહ્મા અમારા,
જેને સ્મર્યે લહીએ સકલ મર્મ વેદના જે; આજે૦
કુટિલાંગિ શક્તિવિષે છો વસ્યા તમે તો,—
સમુદ્રની મધ્યે, જેથી સહજે અમે તો,—
જાણીએ જે શેષશાયી વિષ્ણુ વિરાજે; આજે૦
કામ જે આ વિશ્વમાત્રને અખંડ બાળે,
તેહ કામને તો આપસ્મરણ ઝટ પ્રજાળે,
(માટે) આપ રુદ્ર, શાંતિગંગા વે'વડાતા જે; આજે૦
બ્રહ્મરંધ્રમાંહિ આપ, રહ્યા પ્રણવરૂપે,
જેથી આપને અમે, મહેશ્વરસ્વરૂપે,
માનીને, ઉપાસીએ સર્વાર્થસિદ્ધિકાજે; આજે૦

सप्रेम निमंत्रण.

પદ. ૨ (ઈશ્વર ક્યાં અમો શોધું, એ લય.)

આવો, બંધુઓ ! આવો, સકળ આ ઉત્સવે આવો.
ઉત્સવે આવો, અહેવા અવનવો લ્હાવો;—
પ્રેમે પરસ્પરમાં મળીને, પ્રેમ પ્રકટાવો,
ગુરુબંધુ છો સઉ એક, તે સ્વકૃતિથી દર્શાવો;—
'પ્રાણાત્મ બંધુરૂપ' લખો એ સ્પષ્ટ બતલાવો,
થઇ એક અનુપમ સ્નેહરસને, પીઓ ને પાઓ;—
ઉત્સાહથી આવો સમય કદી મળે ના આ'વો,
ઉલટી વહેતી ઇન્દ્રિયોને સુલટી પલટાવો;—
જઈ વાહ્નિમૂલમાં, મંત્રમૂલમાં, અધિક રોકાઓ,
આ સમ દિનમાં સમ ભૂમિના અનુભવી થાઓ;—
આવી સમારંભે સકલ સદ્ગુરુસુગુણ ગાઓ.
સ્મરી વિશ્વવંદ્યપ્રયત્ન સાધનક્રમ સુદૃઢ ચ્હાઓ;—
સ્મરી જયતીપતિ જય અહેવા, ભક્તિ ઉપજાવો,
ભક્તિવડે ભગવાન્ વશ કરી, આણ વર્તાવો;—

श्री ज० देवी.

साधनसमारंभना संयमसमयनुं दृश्य.

પદ. ૩ (વાલમજી વહેલા વળજોરે—એ લય.)

નેત્રને અલૌકિકસરખું રે, આ શું જણાતું;
કંઇ આર્ષ કાલ સૂચવતું રે, આ તો લહાતું.
કોઇ આસનને દૃઢ વાળી, કોઇ મનના વેગો ખાળી;
કોઇ લેતા હરિશું તાળીરે; આ શું૦
કોઇ ત્રાટકનું સુખ ચાખે, કોઇ નેત્રોને સ્થિર રાખે;—
કરી શાંભવી મુદ્રા આંખે રે; આ શું૦
કોઇ પ્રાણનો નિરોધ કરતા, કોઇ ધ્યાન ભીતર ધરતા,
કોઈ મંત્ર ઉરે ઉચ્ચરતા રે; આ શું૦
કોઈ તત્ત્વે લક્ષણ સ્થાપે, કોઇ સંકલ્પોને કાપે,
કોઇ સચ્ચિતસ્વરૂપે વ્યાપે રે; આ શું૦

કોઇ વિધવિધ ચક્રે ફરતા, આધારે[1] કોઇ ગુરુ વરતા,
કોઇ સહસ્રદલમાં ઠરતા રે; આ શું૦
કોઇ તો મંત્રાનુષ્ઠાને, કોઇ વાધ્યા દીસે ધ્યાને,
કોઇ સ્થિત છે અમૃતપાને રે; આ શું૦
કોઇ જ્ઞાને ને કોઇ યોગે, કોઇ ભક્તિતણા પ્રયોગે,
પણ રહેતા ગુરુસંયોગે રે; આ શું૦
આચારો આ ઋષિઓના, સેવે અંતર જેઓના,
છે ધન્ય જીવન તેઓનાં રે; આ શું૦

सारग्राहि दृष्टि सर्वमांथी सार ज ग्रहण करे छे.

પદ૦ ૪ (સખિ સ્વપ્નમહી મનમોહન મે, એ લય.)

તનમનના પરિશ્રમને હરવા, એક દિવસ ગયો હું સહજ ફરવા,
નવકુસુમિત જ્યાં બહુ વૃક્ષ હવાં, ઉપજાવે જે આનંદ દગે.
બહુ પુષ્પ હતાં ત્યાં સુવાસભર્યાં, જેનાપર મારાં નેત્ર ઠર્યાં,
જેણે મારાં ચિત્તવૃત્તિ હર્યાં, કુદરતની લીલા જોઇ જગે;–
કોઇ ઘુણઘુણ ગુંજારવ કરતી, વિધવિધ પુષ્પોઉપર ફરતી,
મધુ ગ્રહેતી એક મધમાખી હતી, સઉમાંથી જેહ મધુને ચુગે;–
મેં તેને પૂછ્યું. મધમાખી ! તુ ફરે પુષ્પજાતિ આખી,
કોઇ પુષ્પ રહ્યું હશે વિષ રાખી, તો પ્રાણ ગુમાવીશ તુ બલ્કે;–
ત્યાં તો બોલી એ મધમાખી, મધુસરખી મીઠી વાણીથકી,
હું માત્ર મધુરસ લઉં છું નકી, જો કે ફરૂં સકલ કુસુમવર્ગે;–
કેવળ મધુ ગ્રહેવા હું ફરતી, મધુ જ્યાં ત્યાંથી એકઠું કરતી,
બીજાપ્રતિ લક્ષ ન હું ધરતી, મારે શું, છો વિષ હોય ઢગે[2];–
મને પ્રસંગ જે જે આવી મળે, સારા વા ખોટા હોય ભલે,
તેમાંથી હિત હું ગ્રહીશ જ એ; નિશ્ચય મેં ધાર્યો રગેરગે;–

---

૧ આધારચક્ર જ્યાં સદ્‌ગુરુની ધારણા થાય છે. ૨ ઢગલાબંધ.

અંતરમાં અખંડ પ્રસન્નતા સેવવા સુબોધ.

પદ ૫ (પઢોરે પોપટ રાજા રામ નામ, એ લય.)

પ્રસન્નતા નવ છોડીએ, સ્થિતિ આવે ગમે તે,
સમય વિચારી સાધીએ, પ્રાપ્તકર્તવ્ય હેતે;—
ચાહ્ય સુકા ટુકડા મળે, ચાહ્ય પડે ઉપવાસ,
પણ તેથી નવ ત્યાગીએ, મુખનું મધુરૂં હાસ્ય;—
આનંદે જમો ચાહ્ય તો માગી લાવીને સીધું,
આનંદે ઝુંપડીમાં રહો, વાળી હાથે વાસીદું;—
ભોજનવિણ ચલાવજો, વસ્ત્રવિણ ચલવજો,
ચાહ્ય તેવા પણ કારણે, ઉર નવ ખેદે ભેળવજો,—
કોટિ સંપત્તિ મળે, ચાહ્ય જાતાં વાટે,
પણ તે સંઘરશો ન જો, આપે આનંદસાટે*—
આનંદકેરો વાસ છે,–ન પદાર્થાદિમાંહીં,
આપણા આનંદથી દીસે, સર્વ આનંદદાયી;—
આનંદને તમે જાણજો, નિત્ય સ્વયંપ્રકાશ,
પદાર્થઆદિમાં પડે, તેનો માત્ર આભાસ;—
' શિર સલામત હોય તો, પઘડી બોતેરી ' આવે,
આનંદ જો છે ઉરવિષે, ધાર્યું સુખ ખેચી લાવે;—
આનંદ પુનઃ નહિ મળે, મળશે સંપદ્ અનંત,
માટે સર્વ પ્રયત્નથી, રક્ષી રહેજો આનંદ;—

દુઃખાપત્તિમાં મનુષ્ય પોતે જ પ્રધાનપણે હેતુરૂપ હોય છે.

પદ. ૬ (કોઈ એક સમે—એ લય.)

મને પ્રાપ્ત થતાં દુઃખમાં પ્રભુએ,
કંઈક આપ્યું ને કંઇક મેં માગી લીધું;
મને પ્રાપ્ત થતા સુખમાં પ્રભુએ,

---

* આનંદને બદલે.

કંઇ ત્યજાવ્યું ને કંઇક મેં ત્યાગી દીધું.
કોઈએ જાણીને મર્મ કહ્યા મુજને,
અને કંઈક મેં માથે ખેંચી લીધા;
કોઇએ સહજ સ્વભાવથી શબ્દો કહ્યા,
તેને મેં જાણ્યું મુજને પ્રહાર કીધા.
કંઈક દૈવે મને કષ્ટ આપ્યું ને,
કંઈક વૃથા દૈવકોપરૂપે મેં ગણ્યું;
કંઇક ગ્રહની પીડા નડી ને કંઇક ગ્રહના—
ભયનું મિથ્યા કોકડું મેં વણ્યું.
કંઇક લોકાપવાદે મને ભય આપ્યો,
ને કંઈક તો મનથી મેં માની લીધો;
કંઇક શાસ્ત્રોએ વિધિનિષેધ કીધો,
અને કંઇક મેં મિથ્યા સ્વીકારી દીધો.
કંઇક વંશપરંપરાકેરા સંસ્કારો,
મારાવિષે હશે આવી ઠર્યા;
અને કંઇક તો વંશના ધારીને મિથ્યા,
તે ત્યજવા મેં ન યત્ન કર્યા.
કંઇક સંગતિબળથી હશે મળ્યું મુજને,
ખોટાપણું અને સારાપણું;
તેમાં સંગતિદોષ વિચારી ન યત્ન—
કર્યો ત્યજવા મેં નઠારાપણું.
જ્યારે વાસ્તવ દૃષ્ટિથી જોયું જાણ્યું,
તવ એ નિશ્ચય મેં સત્ય લહ્યો;
મિથ્યા કારણો પ્રકટાવીને પણ માનવી,
પોતાને નિર્દોષ માની રહ્યો.
જન જે સુખદુઃખાદિ ભોગવતો,
તેમાં અન્ય તો માત્ર નિમિત્ત જ છે;

સર્વથી મુખ્ય કારણરૂપ તે પોતે ને,
તેમાં માનેલાં મંતવ્ય જ છે.
ખોટાં બહાનાં કાઢીને ન વ્યર્થ તમે,
તમને ઠગવાનો પ્રયત્ન કરો;
દુ:ખપ્રાપ્તિમાં આપણો દોષ પ્રધાન છે,
સિદ્ધાંત એ ન કદી વિસરો.

ઈશ્વરાવતારની વ્યામોહજનક લીલા.

પદ ૭ (ધીર ધરી હરિ સુખકર હૃદયે ધારજો, એ લય.)
વિશ્વવિમોહક પ્રભુની આ તે શી લીલા !
અમ અંતરમાં તે નવ જાણ્યું જાય જો,
પ્રભુરૂપજેવી લીલા પ્રભુની અટપટી,
શું સાચી શું ખોટી તે ન કથાય જો;—
સર્વજ્ઞ ગણું જો પ્રભુને હું બહુ પ્રેમથી,
તો પણ વળી વળી મુઝાવુ આ ઉર જો;
સદીપનઋષિઆશ્રમમાં જઇ શું ભણ્યા ?
ખોયું પ્રભુએ જાણપણાનું નૂર જો;—
નાથ અમારા અજાણ અમને લાગતા,
એવું પણ કહેતાં હું મુઝાઉં આજ જો;
ઇન્દ્રતણા ઉરનો મદ જાણ્યો શી રીતે,
જેથી તોળ્યો અંગુલિએ ગિરિરાજ જો;—
દયાતણા મહારાશિ ગણું જો એમને,
તો વળી મન વિક્ષેપે વ્યાકુળ થાય જો;
નિજ ભાણેજને એના એ હણનાર છે,
આવી ક્રિયાનો હેતુ ન જાણ્યો જાય જો;—
અંતર કબુલ ન કરતું, નિર્દય જાણવા,

કાં જે વળી અંતરમાં આવે એમ જો;
ઉત્તરા રાણીકેરા ઉદરના ગર્ભને,
રક્ષ્યો'તો એ પ્રભુએ કરીને પ્રેમ જો;—
હારંતા જો ગણું તો કંસને છે હણ્યો,
જીતેલા પણ ગણાય નહિ જગદીશ જો;
જરાસંધથી હારી એ નાસી ગયા,
મુઠ્ઠીવાળી નીચું રાખી શિશ જો;—
દાતા ગણું તો યાચ્યુ છે જ બલિગૃહે,
યાચક પણ એ ગણાય કેવી રીત જો;
દારિદ્ર શ્રીદામાનાં ટાળ્યાં એમણે,
પાંડવને પણ દીધાં સુખ અમિતજો;—
સત્ત્વગુણી મમનાથને હું નવ કહી શકું,
શિશુપાળની ગાળનું વાળ્યું સાટ[1] જો;
તમોગુણી પણ ગણાય કેમ કરી શ્રી હરિ,
ભૃગુઋષિની સાખી રહ્યા છે લાત જો;—
તસ્કર કહું તો મણિને લાવી આપીઓ,
શેઠાઇનો તો રાખી રહ્યા છે ઠાઠજો;
શેઠ ગણું તો ચોરતણા પણ છે મુખી,
માખણ ને દધિ ચોરી વાળ્યો દાટ જો;—
સત્યના સાથી કહું તો વૃંદા છેતરી,
કીધું હરિએ સત્યતણું ભંગાણ જો;
અસત્યના હીમાયતી ગણું જો એમને,
દ્રૌપદીકેરા સત્યનું દીધું દાણજો;—
અકલિત લલિત લીલાઓ જોઇને એમની,
ઘડીભર શ્રદ્ધાળુ મતિ પણ મુઝાય જો,

---

૧ સાટું.

ઉપેન્દ્ર પ્રભુ ! જવ કરુણા થાતી આપની,
સઉનું રહસ્ય ત્યારે તો સમજાય જો;—

चुनीलाल (टोगो.)

साधनसमारंभमां वास्तव कर्तव्यमति वळेला रहेवाअर्थे उपालंभवचनो.

પદ ૮ (અંતરમાં ઉંડે જતાં આ શું ! એ લય.)

સાધનસમારંભે આવીને સાધ્યું શું વીરા
જાતે વિચારો અને મુજને પણ કહો તો ખરા;—
ભજનના ભાવમાં વૃત્તિને સ્થાપી કે,
કાને નકામા સુણ્યા ઢોલકડું ને મંજીરા;—
મનની તૃપ્તિદાતા ભોજન લીધાં કે,
કહોને આવીને માત્ર ખાધા લાડુ ને શીરા;—
સત્વપ્રસાદ લેવા ધરી તત્પરતા કે,
ઝાલર ઝાપટવા માત્ર બની રહ્યા અધીરા;—
વિશુદ્ધ પ્રેમથી ઉર ઉછળે છે કે,
મિથ્યા વાતો કરી તપાવો મગજની શિરા;—
તમારા મનની તમે જુઓ છો ચેષ્ટા કે,
મિથ્યા જુઓ છો બીજા બંધુકેરા તાસીરા;—
ઉપાસના કરી બંધુભગિની ! બનો,
ભક્તો સાચાં જેવાં ધ્રુવ, પ્રહ્લાદ, મીરાં;—
સાધન સાધીને, સદ્‌ગુરુ સેવીને,
પથરા મટીને હાવે બનજો કાંઇ દિવ્ય હીરા;—

श्री ज० देवी.

પ્રતિકૂલતા જોઇ તેનાથી પાછા ન હઠતાં પ્રગતિમાન્ રહેવાને ભવપ્રવાસીને પ્રોત્સાહ.

પદ. ૯

હોડીવાળા હોડી હંકાર, જરી આગે-આગે.
ધાર્યું સ્થળ મળતું નથી? ઇચ્છ્યો ન જુએ દેખાવ?
શામાટે ગભરાય છે, હોડી તારી ચલાવ; જરી આગે-આગે.
વમળ અને બહુ તાણુ શું, ભાસે છે જળમાંહ્ય?
પણ તું પ્રબળ બળ વાપરી, વેગથી કાં નવ જાય; જરી૦
દિશા ભલે ન સૂઝતી, ભલે ન ભાસે તીર,
પણ નિર્ભયતાથી જા ચાલ્યો, કાપતો કાપતો નીર; જરી૦
નથી તને દેખાતું શું, અનુકૂળ જળનું વે'ણ?
મોજાં સામાં આવતાં? પણ જા શુણી મુજ વેણ; જરી૦
માર હલેસાં જોરથી, જોઈ રહ્યો શું ભાઈ!
તારી સાથની હોડીઓ આગળ, ગઈ કયાંહિની કયાંહિ; જરી૦
દેખાતી પ્રતિકૂલતા, સઘળી મિથ્યા જાણ,
એ સઘળીને વટાવી દઇશ તું, જો ચલવીશ તુજ વહાણ; જરી૦
તોફાનથી તરી પાર જવા, મળ્યુ છે તુજને વહાણ,
નહિ તો પ્રભુએ દીધો હોતે, તને એક પાષાણ; જરી૦
પથ્થરને પણ તારે એવું, છે આ તારૂં ઝાઝ,
તો પછી તુજને તારે નહિ એ, સંશય ધરતો કાં જ; જરી૦
અમુક પ્રદેશસુધી નડે છે, માર્ગે વિકટ તોફાન,
તેને વટાવી જાતાં આવે,—છે શાંતિનું સ્થાન; જરી૦
માર કમર બાંધીને, ખૂબ હલેસાં માર,
જોતજોતામાં જઇશ તું, નિશ્ચય ધાર્યે પાર; જરી૦

इष्ट ज एक समर्थ रक्षक छे.

પદ. ૧૦ [શાનું તું ચિંતન કરે, એ લય]

રક્ષણ શું તું કરી શકે, રક્ષે રક્ષણહાર,
ચિંતા ત્યજી મિથ્યા હવે, થા નિશ્ચિંત અપાર.
જીવન દીધું પર્વતઉપરથી પાડતા પ્રહ્લાદને,
રક્ષણ કહે કોણે કર્યું જોજે વિચારી હુતાશને;
સાચા હતા જો રક્ષનારા થઇ ગયું વિષ ત્યાં સુધા,
આપી સુદામાને સુસંપદ્ નિત્યની ટાળી ક્ષુધા.
હુંપણું ત્યજીને જે સદા, પ્રભુકર દીયે સુકાન,
રક્ષણ તેનું સર્વદા, કરતા તો ભગવાન;
અભિમાન ખોટું જ્યાં લગી ઉર જાળવીને રાખશે,
તો માનજે નિશ્ચય સખે! દુઃખ કોટિ કલ્પે નહિ જશે;
તત્પર પ્રભુ છે રક્ષવા, સુખ આપવા, દુઃખ કાપવા,
મિથ્યા વિલંબ તું કાં કરે, ભાવેથી પ્રભુને જાપવા;
સમર્થ રક્ષણહાર છે, શ્રદ્ધા ધાર સમર્થ,
વિણ આયાસે સહજમાં, સિદ્ધ થશે તુજ અર્થ.

प्र० ब्रहेम.

स्वरूपप्रदेशप्रति જવાને નિમંત્રણ.

પદ. ૧૧ (બોલો કોઇ બોલો, એ લય.)

ચાલો કોઇ ચાલો,
ચાલી નિજ દેશ જઇને, સુખે ઠરી ત્યાં મહાલો; ચાલો૦
અગમ્ય દેશે, સંગે જઇએ, જે ફળદ્રુપ રસાળો,
સદા સુકાળ બન્યો જ્યાં રહેતો, જે અખંડ હરીયાળો;
ધીરે કોઇ ચાલો, વેગે કોઇ ચાલો;—
દિવ્ય ભોગ જ્યાં રહ્યા સદાયે, જ્યાં નથી વિરહની જ્વાળો,

પૂર્ણ અવિક્રિય પ્રશાંત જે છે, નથી કામ ત્યાં કાળો;
રાગી કોઇ ચાલો, ત્યાગી કોઇ ચાલો;—
મનવાણીથી પર પ્રદેશ એ, અદ્ભુત આજ નિહાળો,
અભય સ્થાન, જ્યાં રહે ન વાગે, કદી કાળનો ભાલો;
સંતો કોઈ ચાલો, ધીમંતો કોઇ ચાલો;—
રોગ શોક ચિંતા કે નથી ત્યાં, ત્રિવિધિતાપ ઉકાળો,
નથી ખોડ વસવાની ત્યાં કે, નથી ઘર, દર કે માળો;
ગૃહીઓ કોઇ ચાલો, નિગ્રહી કોઇ ચાલો;—
નથી શત્રુ ત્યાં લઢવા જેથી, નથી લેવાની ઢાલો,
અજાતશત્રુપદ છે એનો, તેમાં સહજે મ્હાલો,
સંગે કોઈ ચાલો, અંતરંગે કોઇ ચાલો;—
ભલે જણાયે વિઘ્નો મધ્યે, તદપિ વેગ ન ખાળો,
એક લક્ષ અંતરમાં ધારી, હાલો રે ભાઈ હાલો;
સાધુ કોઇ ચાલો, સાધ્વી કોઇ ચાલો;—
(એ) પ્રદેશમાં વહી પ્રદેશપતિ જ્યાં, નરહરિ પ્રભુ છે વહાલો,
તેના અંકે રમીને પીવા, અજરઅમરરસપ્યાલો;
વહાલાં કોઇ ચાલો, ભલા થઇને ચાલો;—

શ્રી જ૦ દેવી

કૃતઘ્નતાદોષને પોતાનામાં જોનાર જીવની આર્દ્રભાવે અભ્યર્થના.

પદ. ૧૨ (શ્યામવર્ણો કાગ ક્યાંથી, એ લય.)

નથી—નથી મેં કર્યું કશું તમકાજે મારા વહાલા રે હાં,
શું જોઇને હું બતાવું તમને, મુજ કૃતઘ્નનું મુખ,
તદપિ યાચું કૃપાલુ ! કૃપાને.
આંસુ પોશ ભરી સારી જાણ્યાં, પોશ ભરી પણ કદીએ રે હાં,

ભુખ વેઠી મેં ધન નથી મૂક્યું, આપચરણસંમુખ; તદપિ૦
કાળાં ધોળાં ઘણાં કર્યાં મેં મારી જીભે બોલીરે,
પણ મેં તવ ગુણ ગાઇને કોઇને, કર્યાં ન તવઅભિમુખ; તદપિ૦
દેવાસરખું ઘણું પ્રભુ આપે તો મુજને આપ્યું રે હાં,
પણ હું અભાગીના કર્મે તો, રહી ભુખની ભુખ; તદપિ૦
આપે તો કરુણાભાવે સુખમધ્યે મુજને સ્થાપ્યો રે હાં,
પણ મેં હાથે કરીને માથે, વહોરી લીધું દુઃખ; તદપિ૦
આપે દીધેલાં સાધન વાપર્યાં ન મેં સન્માર્ગે રે હાં,
લજ્જા પામું કહેતાં પણ મેં, લજવી માતની કુખ; તદપિ૦
પણ એક જાણું છું જે નિજનાને ન તમે પરહરતા રે હાં,
ભલે આખું જગ વિમુખ થાય પણ, આપ થતા ન વિમુખ;એથી૦
એ આશાએ દાસ દોહ્યલા દહાડા બેઠો કહાડે રે હાં,
કૃષ્ણરાત્રિરૂપ હું અતિ પ્રેરો, અનુગ્રહ ભાનુમયૂખ; એથી૦

सद्गुरुरत्नप्राप्तसाधकना हर्षोद्गार.

પદ. ૧૩ (મળ્યા રે મળ્યા અમને અહિંઆરે, એ લય.)
જડયું રે જડયું એક અમુને રે, સાચું રત્ન સહજમાં,
ચઢયું રે ચઢયુ અમ નયને રે, સાચું રત્ન સહજમાં.
રત્ન અલૌકિક હાં, જેની દીપ્તિ છે દૈવી,
અરંગ રંગે એ દીપતું રે; સાચું૦
જેની સમીપમાં હાં, જે જે આવે પદાર્થો,
વિણ ઝળકયે, ઝળકાવતું રે; સાચું૦
સાચા ઝવેરી એનું હાં, મૂલ્ય આંકવા જાતાં,
પોતાનું મૂલ્ય અંકાઇ જતું રે; સાચું૦
દિવ્ય ગુણો પણ હાં, તેમાં અદ્દભુત કંઈ કંઈ,
સ્પર્શે જે તેને જાણતું રે; સાચું૦
પૂર્ણ સુભાગી જે હાં, હોય તેને તે મળીયું;

સૌની નજરે જે ન આવતું રે; સાચું૦
વાણીથી જેનું રે હાં, વર્ણન કદી ન કરાતું,
ઉર મહામૂલ્ય અંકાવતું રે; સાચું૦
સુભાગ્યસદ્‌ગુરુ[1] હાં, મળ્યું એવું અલૌકિક,
સુભાગ્ય જેનું જેનું હતું રે, સાચું૦
સદ્‌ગુરુરત્નને હાં, મેં તો હૈયે મઢાવ્યું,
તન મન જે પર ડૂલતું રે; સાચું૦
જેમ જેમ તેને હું હાં, જોઉં તેમ તેમ મુજને,
નિજમય એ તો બનાવતું રે; સાચું૦

શ્રી જા૦ દેવી.

इष्टसाथे अभेदभावने अनुभवता साधकना आवेशोद्गार.

(આ પદ પ્રત્યેક સાધકે ઝીલવું.)

પદ. ૧૪ (જો ! જો ! સખિ ! આ રહ્યો પેલો, એ લય.)

જોયું ન મેં કદી આવું, આ જન્મમાં, જોયું ન આવું.
આજે જે અનુભવે આવ્યું; આ૦
ઉંચે પણ એ જ પ્રભુ, નીચે પણ એ જ પ્રભુ,
અષ્ટ દિશે પ્રભુનું થઇ જાવું; આ૦
સર્વત્ર ઇષ્ટ અને તેની મધ્યે હું,
બેઠો બેઠો મલકાઉં; આ૦
કરુણાજલછોળ મને મારે છે વાલિડો,
ચારે બાજુથી હું ભીંજાઉં; આ૦
હું એ આવેશમાં આવી વહાલાને,
પ્રેમપીચકારીઓ લગાવું; આ૦

---

1 સદ્‌ગુરુરૂપી રત્ન.

ભોજનનો ગ્રાસ મુખે મુકવા હું જાઉં ત્યાં,
પ્રભુ ખાઇ લે મારૂં ખાવું; આ૦
ચાવ્યા કરે પ્રભુ મારૂં ખાવાનું,
બેઠો બેઠો હું ધરાઉં; આ૦
કંઇ કંઇ કરી પ્રભુ મુજને હસાવે,
હુંએ પણ એમને હસાવું; આ૦
વળી ઘડીમાં પ્રભુ રૂપ ધરે મારૂં,
ઘડીમાં પ્રભુ હું બની જાઉં;— આ૦
કથન કરવાના અન્ય શબ્દને અભાવે,
પ્રભુ પ્રભુ પ્રભુ પ્રભુ ગાઉં;— આ૦

ઈશ્વરેચ્છાને અધીન રેહનાર પરિણામે સુખ પ્રાપ્ત કરે છે.

પદ. ૧૫

માટીના ઘડનાર કુંભાર ! તને પણ લાખો ધન્ય.
મહેનત કરીને માટી લાવે, જંગલમાથી ઘેર,
તે બિચારીને ગુંદીને, ચઢવે ચાકને ફેર; માટીના૦
તારી પ્રીતિપાત્ર માટીનાં, પાત્ર કરે વિધવિધ,
તેને પછી તું સૂકવે, રાખી તડકે નિત્ય; માટીના૦
તારાં બાલસમાં એ પાત્રો, જે પર તુજ આધાર,
કઠણ કાળજે તું જ તેને, અગ્નિમાં મૂકનાર; માટીના૦
જળમાં ભળતાં, ક્ષણમાં લોચો, જેનો ઝટ થઈ જાય,
તે માટી તાપ્યા પછી, જળ તે માંહિ ભરાય; માટીના૦
પ્રભુપાસેથી આ શિખ્યો કે શિખ્યા પ્રભુ તુજ પાસ,
પ્રાણથી અદકાં બાળને, એ પણ તપવે ખાસ; માટીના૦
પણ જેને એ માપતા, પ્રખર અગ્નિની આંચ;

બીજાને વશ જે નહિ, તે વશ તેને પાંચ*; માટીના૦
સમજે ન હેતુ તાપનો તે, કરે ઉરે પરિતાપ,
પ્રભુના એ અનુગ્રહને ઉલટો, માને પ્રભુનો શાપ; માટીના૦
જે પર તારી બહુ પ્રીતિ, તેને દે બહુ તાપ,
પ્રભુનાં વિશેષ પ્રિયને, પ્રભુ દે તાપ અમાપ; માટીના૦
દુઃખી ! શીદ મુઝાય છે, જોઇને તારૂં દુઃખ,
હિતકર પ્રભુઇચ્છા લહો, થઈ રહે પ્રભુઅભિમુખ, માટીના૦
જે પ્રભુ તુજને આપતા, આજે અતિશય તાપ,
કાલે સુખ દેશે તેને, તે પ્રભુ આપો આપ; માટીના૦

नम्र विज्ञप्ति.

પદ૦ ૧૬

પ્રકટો પ્રણમું પ્રેમે પરબ્રહ્મમય હે પતિ રે,
સ્વિકારી વિનતિ રે,—
જોયા સ્થળ સ્થળ તમને સ્વામિ ! ના મળતાં હું રહી વિરામી,
ક્યાં જઇ શોધું અકળાતી વૃત્તિ અતિ રે,
ગહન તમ છે ગતિ રે;—
કદી કદી હૃદયે જઇને ઝાંખુ, મૂર્ધવિષે વળી વૃત્તિ નાંખું,
જોઉં ના રૂપ રઢિયાળું દુઃખી તો થતી રે,
મથી મથી થાકતી રે;—
જોઉં કદી આગ્રહથી ધ્યાને, મન તો કદી કદી એમ જ માને,
જોઇશ અલૌકિક મૂર્તિ આપની અણુછતી રે;
હજી ન પણ ન્યાળતી રે;—

---

* પંચ પ્રાણ, પંચ કર્મેન્દ્રિય, પંચ જ્ઞાનેન્દ્રિય, અંતઃકરણપંચક મહાભૂત વગેરે.

દશ્યે રસ અનુભવતી ન વૃત્તિ, અંતરૂથી ધરી સાચી વિરક્તિ,
સર્વ ત્યજી મેં આપવિષે સાંધી માંત રે,
બીજું ભુલી જતી રે;—
આપ નામની જપું છું માળા,જો નહિ નયને ચઢશો વહાલા !
આપ સ્મરણુ કરતાં હું ત્યજીશ આ સંસૃતિ રે,
ન આજ જો કે જીવતી રે;—
પ્ર૦ બહેન.

ઇષ્ટવિષે શ્રદ્ધાબુદ્ધિ ધરીને નિશ્ચિંત રહેવા ઉપદેશ.

પદ. ૧૭ [મારા સંગી થજો, એ લય.)
પ્રભુએ ધાર્યું હશે, નિશ્ચય તે તો થશે,
શાને વૃથા ચિંતા તું ધરે.
દુઃખ સઉ સહજે જશે, સુખ તો સ્વયં આવશે,
પ્રભુ અનુકૂલ દૃષ્ટિ જ્યાં કરે.
પ્રતિકૂલ ભાસે ઉપરથી, પણ રહી ઉર નિશ્ચિંતજી,
ઉતરી ઉંડે અંતરે, કેવલ એક પ્રભુને ચિત;-
અલ્પદૃષ્ટિ જે આપણી, તે જણુવે વિપરીતજી,
પણ પ્રભુદૃષ્ટિ તે વિષે, જોઇ રહી કંઇક ઉચિત;-
કરવાનું તો એક છે, ધર પ્રભુમાં વિશ્વાસજી,
'વિશ્વાસે વહાણો વહે', લક્ષે રાખજે એ ખાસ;-
હુંપણું ધરી બીજા ફરે, તેના લે નહિ વાદજી,
'વિશ્વાસે વશ વિશ્વપતિ', એટલું રાખજે તુ યાદ;-
નાથતણા જે થઇ રહે, થઇ રહે તેના નાથજી,
ઉગરી દઇશ તું સહજમાં, પ્રભુને છે હજારો હાથ;-
જયતીજીવનહસ્તમાં, જાઇ તુજ જીવનદોરજી,
વાયુવશ જેમ પર્ણ વહે, તેમ તું વહે ત્યજી નિજ તોર;[૧]-
શ્રી જ૦ દેવી.

---

૧ પોતાનું મિથ્યાભિમાની

શ્રી સદ્‌ગુરૂના બોધને અનુસરનાર વિજયને પ્રાપ્ત થાય છે.

પદ ૧૮ [પધરાવ્યા શ્રી સદ્‌ગુરુરાય, એલય.]

સદ્‌ગુરુ તેને શું કરે, જે ન સમજાવ્યો સમજે નાદાન.
એક સુન્દરી સુન્દર કંઠથી કાંઇ કરતી સુન્દર ગાન,
પણ નિર્ભાગીએ ના શુણ્યું રે, એને ભુંગળ શુણુવામાં ધ્યાન; સદ્‌૦

પેલા [1]ભૂતઘુકનેકહ્યું સ્પષ્ટ શબ્દે, પણ ધર્યું નહિ કાન,
ઉલટા તેણે તો માનીયારે, ગુરુને બુદ્ધિના બારદાન; સદ્‌૦
એક [2]વિપર્યય નૃપને ઘણું આચાર્યે દીધું જ્ઞાન,
શુણ્યું ન, પણ કહ્યું ઉલટું રે, ' તમે જમી જાણો પકવાન્ન; સદ્‌૦

પેલા ધૃતરાષ્ટ્રની ગઇ આંખ પણ તેની સાવધ હતી સાન,
પણ દુર્યોધને તો ગણ્યું રે, એ તો આંખે ને સાને સમાન; સદ્‌૦

કહ્યું સાધકને ગુરુએ 'ન માંડો આ, વ્યાપારનું કમઠાણુ,"
તેને થયુ, ' વ્યવહારમાં રે, સમજે શું સદ્‌ગુરુ ભગવાન્; સદ્‌૦

કોઇ સાધકને ગુરુએ કહ્યું, ' તમે, અમુકમાં ન દો ધ્યાન,'
તેને ઉર નવ ઉતર્યું રે, અંતે વેઠયો વ્યાધિ મહાન્; સદ્‌૦

આજ્ઞા ગુરુની માનીને તેમ વર્ત્યા જે શ્રદ્ધાવાન્,
ઉપેન્દ્રગુરુકરુણાવડે રે, તેના વાગ્યા ડંકો નિશાન; સદ્‌૦

---

[1] વાંચે શ્રી સિદ્ધાંત સિંધુ. [2] વાંચો શ્રી સુરેશ ચરિત્ર.

આંતર ધ્વનિ.

પદ ૧૯ (તૂટયો મારો તંબુરાનો તાર, એ લય.)

અંતરમાં ઉઠયો ધ્વનિ એક, હૃદય છવાયું રે,
બધું એની ધુનથી રે.
રુચિ નવ થાતી રે હાવે અન્ય શુણુવા રે,
ફીકાં લાગે ગાંધર્વકેરાં ગાન;
જેના ઉંડા ભાવો રે, શુણુતાં મન તદ્રૂપ થતું રે,
લાગે શુષ્ક, શાસ્ત્રો કેરા જ્ઞાન; હૃદય૦

મન નવ ઉઠે રે, સંકલ્પોને સેવવા રે,
લાગ્યો તેને શુણુવાનો આનંદ,
સ્વભાવથી ચંચલ રે, પણુ તે સ્થિર થઇ રહ્યું રે,
ચિત્ત પણુ આપે બન્યુ નિઃસ્પંદ; હૃદય૦

ધાવન કરતી બાહિર રે, ઇન્દ્રિયો પાછી વળી રે,
શમી ગઈ શુણુતાં શુણુતાં નાદ,
તર્કને ત્યજીને રે, બુદ્ધિ પણુ બુડી ગઇ રે;
વ્યર્થ તેને લાગ્યા વાદવિવાદ; હૃદય૦

દશ્યમાં ધાતું રે, મમત્વ શિથિલ થયું રે,
અહં જ્યાં ભૂલી ગયું નિજ ભાન;
જીવત્વપ્રદેશે રે, ક્યાંથી પછી તે સ્ફુરે રે,
શમ્યું એ તો ધ્વનિમૂલમાં ત્યજી તાન; હૃદય૦

સહજ સ્વભાવે રે, વિક્ષેપો વિલાઇ ગયા રે,
થઇ રહ્યું સઘળું ધ્વનિમાં લીન;
અનુભવ આવો રે, જેને ઉર ઉઠતો રે,
ઉપેન્દ્રગુરુકરુણાનું એ ચિહ્ન; હૃદય૦

गुरुशिष्यसंवाद.

પદ. ૨૦ (મનની ન શુદ્ધિ જો કરે, એ લય,)

ગુરુ ! જલઉપર ચાલી શકું, 'અહો ! કરી શકે તું એમ શું ?'
ગુરુ ! પશુપક્ષીસાથ હું, કરી શકું છું ભલિભાત હું,
તેની ભાષામાં વાત હું, ' અહો! એહ પણ તેં સાધ્યું શું ?'
ઘન દ્રવ્યની આરપાર હું, સહજે સુખેથી પસાર થાઉં,
આકાશમાંહિ વિહાર લઉં, 'એ પણ શું તુજથી થઇ શકયું !'
સંકલ્પબળથી હું ગુરુ ! આ લોહનું પાણી કરૂં,
આ વાયુમાં જડતા ધરૂં, 'રે ! રે ! તને તે શું કહું; '—
આ તત્ત્વો છે ભિન્નભિન્ન જે, મુજ શક્તિને જ આધીન તે;
મુજ પાસ પ્રકૃતિ દીન છે, સઉ અબળ છે મારા થકું;—
સંકલ્પમાત્રથી હું સઉ, ઉત્પાત પ્રબળ શમાવી દઉં,
સ્વાધીન પ્રાણિપદાર્થ લહું, ન અસાધ્ય છે મારે કશું;—
ગુરુ—બુદ્ધિતણા બાળક અલ્યા ! ના કર વૃથા એ છમકલાં,
કાં વ્યર્થ વીણે વેવલાં, એ તુચ્છવત્ હું સકલ લહું;—
મિથ્યા બડાઇ માર ના, પ્રામણ્ય એને ધાર ના,
નથી શિખરના ઉદ્ગાર આ, હજી બાલપણ તુજ ના ગયું;—
તું સિદ્ધિઓ પામે ઘણી, તેને અમૂલ્યસમી ગણી,
પણ રમત એ બાલકતણી, છે, જાણજે ઉર એ પકું;
આ ચમત્કૃતિ તો ભૂલ છે, સામર્થ્યમાત્રનું મૂલ જે,—
તે પદસમીપ સઉ ડૂલ છે, ત્યાં ભાનમાત્ર વિસારવું;—
સામર્થ્ય સઘળું પામવું, પણ મન ન તેમાં જોડવું,
સામર્થ્ય ગુપ્ત જ રાખવું, સામર્થ્યશ્રેષ્ઠ જ એ કહ્યું;—
સામર્થ્યપ્રભવસ્થાન જે, ત્યાં જઇ નિરાંતે સ્થિત થજે,
ત્યાંથી ન નીચે ઉતરજે, કહું તો સમર્થ તને જ હું.—

विघ्नउपाधि कोने प्राप्त थाय छे.

પદ. ૨૧ (તારી કુબ્જાસેં મન રાજી—એ લય.)

" અરે ઓ વિઘ્ન ઉપાધિવૃંદ !, કહો તમે ક્યાં
ચલાવ્યાં આજ.
કહો તમે ક્યાંથી આવ્યાં, તમને કોણે મોકલાવ્યાં આજ."
બોલ્યાં સઉ: 'અમે મનુષ્યમનથી,–સર્જ્યાં,–ઉછર્યાં
ચિંતનથી,'
' અમે ન કોઇને ઘેર જતાં કદી, વણબોલાવ્યાં આજ;–
' બેસે લમણે હાથ દઇ જે, નિરાશ નિરુત્સાહ થઇને,
' તેવાં ઢીલાં જને અમો સઉને ઉપજાવ્યાં આજ,—
' જ્વલંત શ્રદ્ધા, આશા જેને, ફરકે ન ત્યાં અમ પગ,
પણ તેને,–
' નમસ્કાર નવ ગર્જના કરી, અમે ભાગી આવ્યાં આજ;–
' જેણે અમારી આશા રાખી, ભયથી રહ્યા જે
અમને ઝાંખી,
' જઇએ ત્યાં, કાં જે તેણે, અમને તેડાવ્યાં આજ;––

पतिपत्नीनुं असंगतपणुं.

પદ. ૨૨ (શ્યામરંગ સમીપે ન જાવું, એ લય.)

કોઇ રીતે યુગ્મ આ કે'વાય ? કંઇ વિચારી કહો,
કોઇ રીતે યુગ્મ આ કે'વાય ?
પુરુષ ને પત્ની આચારે વિચારે એક—
આમ અને એક આમ જાય; કંઇ૦
ગૃહસ્થાશ્રમ કે આ તે કયો આશ્રમ,
[જેમાં] એક બીજાનો ના મેળ ખાય; કંઇ૦
સાધક જ્યાં 'ગુરુ' 'ગુરુ' શબ્દ બોલતા,

તેની સ્ત્રી બોલે 'હાય હાય;' કંઇ૦
સાધક જેમાં 'હરિઇચ્છા' એમ જાણે,
સ્ત્રીથી 'ભોગ કરમના' વદાય; કંઇ૦
સાધક તો બ્રહ્મતણું ઉંડું રહસ્ય લહે,
સ્ત્રીથી બ્રહ્મરાક્ષસ સમજાય; કંઇ૦
પુરુષવડે ઉચ્ચ શાસ્ત્રવાર્તા ચર્ચાય છે,
સોગટાં સ્ત્રિઓથી ટીચાય; કંઇ૦
માનસ શરીરશાસ્ત્ર પુરુષ વાંચે, સ્ત્રીથી ,–
અક્ષર એકે ન ઉકેલાય; કંઇ૦
ભાષાની શુદ્ધિમાં સાધક વધે ત્યાં સ્ત્રિથી,—
'પોંચ[1]' અને 'હેંડ' ઉચ્ચરાય; કંઇ૦
સ્નેહલગ્ન આત્મલગ્ન ચિંતવે પુરુષ તવ,
પે'રામણીમાં સ્ત્રિઓ ગુંચાય; કંઇ૦
સાધક આત્માપ્રતિ જાવા વિચારે,
નાતમાં જવાને સ્ત્રિઓ ચહાય; કંઇ૦
બાળકને ઉચ્ચ ભાવના દે પુરુષ ત્યાં, સ્ત્રી—
'રડયો, મુઓ, ઉછેદીઓ,' ગાય; કંઇ૦
ધારણામાં ધ્યેયને સાધક જોવા મથે,
પારણાનું બાલ, સ્ત્રિઓ ધ્યાય; કંઇ૦
રાજ્ય કર્યું, દેશ કર્યો, સામાન્ય જ્ઞાને પણ,
સ્ત્રિઓની ચાંચ ન બોળાય; કંઇ૦
[આવો] ગૃહસ્થાશ્રમ રૂપ ધારે મનુષ્યનું તો,
ખરેખર લંગડો દેખાય; કંઇ૦
અવનતિએ જાતી જો રહે,

---

૧ પહોંચ.

'પતિ' નામ સાર્થક તો થાય; કંઇ૦
કંઇક તો પ્રયત્ન કરો સાધક બંધુઓ,
ઉદ્ધારવા સ્ત્રિસમુદાય; કંઇ૦
'ભામિનીભૂષણના' કર્તાના શિષ્ય આપણે,
તો જ છાતી કાઢીને બોલાય; કંઇ૦

શ્રી આ૦ દેવ

જીવનદીપ.

પદ. ૨૩ (મારે મન એ ન અધિક, એ લય.)

તમ જીવન છે એક દીપ,
કાં તો તેથી ગૃહ ઉજાળો, કાં તો તેનાથી ગૃહ બાળો,
એ એવું ઉભય કરવાવાળો;—
કાં તેમાંથી તેજસ કહાડો, કાં તો તેથી કાજળ પાડો,
સારૂં કે ખોટું દેખાડો:—
સૌન્દર્ય જણાશે એનાથી, દેખાશે કુરૂપતા તેનાથી,
જુઓ રેશમ, કાં તો જુઓ કાથી;—
એનાથી જવાશે સન્માર્ગે, એનાથી જવાશે ઉન્માર્ગે,
એ દોરી જશે નરકે, સ્વર્ગે;—
એ દીપથી કાં તો પ્રભુ ભાળો, કાં તો કોઇ શયતાન નિહાળે
(એ) બતલાવે, જેવું જોવાવાળો;—
એ દીપકથી જોવું શું શું, એ દીપકથી કરવું શું શું;
એ કામ હું તેમને સોંપું છું.—

આત્મભાનુરૂપે પોતાને અનુભવવા સાધકોને સુબોધ.

પદ. ૨૪ (ગોકુળમાં લઇ ચાલો, એ લય.)

સૂર્ય બની વ્યોમવાસી, હો સાધકબંધુ ! થાજો.

સર્વ અહો આકર્ષાય છે કેવા,
ભાનુપાછળ જુઓ ક્યાસી; હો૦
તદ્વત્ સૂર્ય થતાં તમપ્રતિ તવ,
આકર્ષાશે સુખરાશિ; હો૦
બનતાં દિવાકર, સદ્‌ગુણકમલો,
તમપ્રતિ રહેશે વિકાસી; હો૦
જાગ્રત્, જીવનસૃષ્ટિ આ થાશે,
તિમિર જશે વળી નાસી; હો૦
જીવત્વઉલૂક ખોમાં ભરાશે,
રહેશો તમે જ્યાં પ્રકાશી; હો૦
પ્રખર તેજે સઉનાં નેત્ર અંજાશે,
રહેશે સઉ તમને ઉપાસી; હો૦
નૃહરિ કૃપાથકી, સાધન સાધી,
થાવા ગગનનિવાસી; હો૦
એક જ કામ તમારૂં આ વિશ્વે,
બનવું રવિ અવિનાશી; હો૦

શ્રી જ૦ દેવી.

रसिक वृत्तिने विश्वविलासीनी ओळखाण.

પદ. ૨૫

રૂમક ઝુમક પાય ઠેકવનારી,
હવે જરી સ્થિર થઇ રહે ઓ વૃત્તિનારી !
બહિર બહિર બહિર વહેનારી,
ઘર તારે, બેઠો છે તારો વિહારી.
તને ભ્રમવાનો લાગ્યો ચટકો,
(પણ) નયનોનો આ લટકો મટકો,—
કંઇક કરતી ઉરે ઉતર ધારી ધારી,

ત્યાં છે કોઇ લટકાળો પૂરો શૃંગારી;
તારા મનનું માગ્યું ત્યાં મળશે,
તારો આ ફેરો ત્યાં ફળશે,
આંખ કેવળ છે મદભરી તારી,
એની તો આંખમાં છે કંઇ કંઇ ખુમારી;—
તું હઇશ ગમે તેવી કામી,
એ પણ છે સ્વામીનો સ્વામી.
જરા જા તો એક વાર ખાતર મારી,
જોઉં પછી પાછી તું કેવી ફરનારી;—
એ તો લેશે તને જકડી પાશે,
તું પણ તુંપણું ભૂલવા ચહાશે,
એની પ્રીતરીત છે સઉથી ન્યારી,
તું એ પણ જાણીશ મળ્યો વિલાસી ભારી;

अंतिम शुभेच्छा.

પદ. ૨૬

સ્થૂલ સૂક્ષ્મ સકલ પ્રદેશમાંહિ, શાંતિ હો! શાંતિ હો!
સર્વત્ર સર્વે હો સુખી ને સર્વની ઉત્ક્રાંતિ હો,
સર્વત્ર પ્રસરી નિરામયતા, શાંતિ હો! શાંતિ હો!
જીવપદવિષેથી ઇશપદમાં, સર્વની સંક્રાંતિ હો,
ભય શોક તાપ સમૂલ ટળીને, શાંતિ હો! શાંતિ હો!
અપરોક્ષ સ્વરૂપાનુભવ કરી જન વાસ્તવિક વેદાંતી હો,
નિજ તત્ત્વથી આ દૃશ્ય રસતાં, શાંતિ હો! શાંતિ હો!
શ્રીઇશઅનુગ્રહથી સઉની નિજ પદે વિશ્રાંતિ હો,
આનંદ હો, ઐશ્વર્ય હો, સુખ શાંતિ હો! શાંતિ હો!

नवीन ग्रंथो.

योगिनीकुमारी.

અત્યંત રસપૂર્ણ અને જ્ઞાન આપનાર વાર્તા.

મુલ્ય રૂ. ૧-૪-૦ પોસ્ટેજ ૦-૩-૦

मंगलप्रेरित संदेशा

अथवा

इरदर्शकतरुनुं अद्भुत प्रकाशन.

(એક વાર્તા)

મુલ્ય રૂ. ૧-૦-૦ પોસ્ટેજ ૦-૩-૦

श्री भामिनीभूषण.

(द्वितीयालंकार)

પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ થઇ ચુકી છે.

મુલ્ય ૧-૪-૦ પોસ્ટેજ ૦-૬-૦

ઉપરનાં પુસ્તકો નીચેના સ્થળોથી મળશે.

૧ વ્યવસ્થાપક મહાકાલ.

વડોદરા.

૨ ધી બાબુન ટ્રેડીંગ કંપની.

બુકસેલર એન્ડ પબ્લીશર.

પ્રીન્સેસ સ્ટ્રીટ—મુંબાઈ,

વ્યતીત સાધનસમારંભનાં સ્થળો:

૧ વીરમગામ (એક શ્રેયસ્સાધકબંધુના ક્ષેત્રમ
૨ વ્યાસક્ષેત્ર.
૩ અમદાવાદ (કુબેરબાગના સ્થાનમાં).
૪ ઉત્કંઠેશ્વર મહાદેવ.
૫ ભાદરવા (મહીનદીતટસ્થિત).
૬ ઉનરાણ (સદાનંદાશ્રમ-તાપીતટે).
૭ વીરમગામ (મુનિની સેરનિકટ).
૮ મુંબઈ-મહાલક્ષ્મી માતાના દેવાલયસમીપ.
૯ ડુમસ.
૧૦ તરસાડા (શ્રીહરિહરેશ્વર મહાદેવમાં).
૧૧ ગુમાનદેવ.
૧૨ અમદાવાદ (ખડ્ગધારેશ્વર મહાદેવમાં)
૧૩ સુરત.
૧૪ વડોદરા (શ્રીવિશ્વંભરમુનિનિમિત્ત વિશેષ.)
૧૫ વડોદરા (શ્રી વિશ્વંભરોપવન.)
૧૬ માલસર (શ્રી ખડ્ગારેશ્વર)
૧૭ કરનાળી (સોમનાથ મહાદેવ.)
૧૮ કરનાળી (,, ,,)